



પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH






FRIDAY, 11 JULY, 2025 Vol. 23, No. 27 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# હિમાચલમાં ભૂસ્ખલનથી 91ના મોત, 749 કરોડનું નુકસાન

## મેઘતાંડવ બાદ પૂર આવતાં 22000 પશુ-પક્ષીના મોત, 432 ઘરો નાશ, 880 ગૌશાળા પાણીમાં વહી ગઈ

**દહેરાદૂન**

હિમાચલ પ્રદેશમાં ચોમાસાના વરસાદે ભારે તબાહી મચાવી છે. અત્યાર સુધીમાં આ આફતમાં 749 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. રાજ્યમાં વરસાદ, પૂર, ભૂસ્ખલનની વિવિધ ઘટનાઓમાં 91 લોકોના મોત અને 131 ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે અત્યાર સુધીમાં હજુ 34 લોકો ગુમ હોવાના અહેવાલ સામે આવ્યા છે. મેઘતાંડવના કારણે 207 રસ્તાઓ પર આવન-જાવન બંધ થઈ ગઈ છે, જ્યારે 132 ટ્રાન્સફોર્મર પણ બંધ થતાં વીજળીનું સંકટ પણ ઉભું થયું છે. વિવિધ ઘટનાઓમાં 22,385 પશુ-પક્ષીઓ પાણીમાં વહી ગયા છે. રાજ્યમાં અનેક સ્થળોએ નુકસાન થયું છે, જેમાં 432 ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા, 928 ઘરોને નુકસાન, 880 ગૌશાળાઓ પાણીમાં વહી ગઈ છે.

વરસાદી માહોલ યથાવત્ છે. અહીં અનેક સ્થળોએ વરસાદ પડી રહ્યો હોવાના કારણે રાહત અને બચાવ કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મંડીમાં પણ વરસાદ પડી રહ્યો હોવાથી બચાવ કામગીરી પર અસર પડી રહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, હિમાચલ પ્રદેશમાં હાલ વરસાદી માહોલ ચાલુ રહેશે. આ સમય દરમિયાન રાજ્યના ઘણા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. શિમલાના હવામાન કેન્દ્રએ 11 અને 12 જુલાઈએ રાજ્યના મંડી, શિમલા અને સિરમૌર જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. 13થી 16 જુલાઈ દરમિયાન રાજ્યના લગભગ 9 જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. 13થી 16 જુલાઈ દરમિયાન રાજ્યના ઉના, હમીરપુર, બિલાસપુર, કુલ્લુ, કાંગડા, મંડી, શિમલા, સોલન અને સિરમૌર જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.





# અમેરિકામાં સૌથી ધનિક ઇમિગ્રન્ટ્સ મામલે 12 અબજોપતિ સાથે મૂળ ભારતીયો મોખરે

## ફોર્બ્સે યાદી જાહેર કરી, જય ચૌધરીની સંપત્તિ 1.5 લાખ કરોડ રૂપિયા છે

**ન્યૂયોર્ક**

ફોર્બ્સ મેગેઝિને બુધવારે 'અમેરિકાના સૌથી ધનિક ઈમિગ્રન્ટ્સ 2025'ની યાદી બહાર પાડી હતી, જેમાં લખ્યું છે કે અમેરિકાના અબજોપતિ ઈમિગ્રન્ટ્સ લિસ્ટમાં 12 અબજોપતિ સાથે ભારત પહેલા નંબરે આવે છે. આ યાદીમાં ઈઝરાયલ અને તાઈવાન 11 અબજોપતિ સાથે બીજા ક્રમે છે. ભારતીય મૂળના 12 અબજોપતિઓમાં જય ચૌધરી પહેલા નંબરે આવ્યા છે.

ફોર્બ્સની યાદીમાં સમાવિષ્ટ ભારતીયો પૈકી પહેલો નંબર ભારતીય-અમેરિકન જય ચૌધરીને આપવામાં આવ્યો છે. Zscalerના સ્થાપક અને સીઈઓ જય ચૌધરીની કુલ સંપત્તિ 17.9 બિલિયન ડોલર (લગભગ 1.5 લાખ કરોડ રૂપિયા) આંકવામાં આવી છે. તેઓ સુરક્ષા ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રગણ્ય ઉદ્યોગપતિ છે અને હાલમાં અમેરિકામાં સૌથી સફળ ભારતીય ઈમિગ્રન્ટ ગણાય છે.



અબજોપતિઓની યાદીમાં કુલ 125 વિદેશી મૂળના અમેરિકન નાગરિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ભારતના 12, ઈઝરાયલ અને તાઈવાનના 11, તથા ચીનના 8 અબજોપતિ છે. જય ચૌધરી ઉપરાંત જે ભારતીયોને આ લિસ્ટમાં સ્થાન મળ્યું છે એ છેઃ વિનોદ ખોસલા, (9.2 બિલિયન), રાકેશ ગંગવાલ (6.6 બિલિયન), રોમેશ વાધવાણી (5 બિલિયન), રાજીવ જૈન (4.8 બિલિયન), કવિતાર્ક રામ શ્રીરામ (3 બિલિયન), રાજ સરદાણા (2 બિલિયન), ડેવિડ પૌલ (1.5 બિલિયન), નિકેશ અરોરા (1.4 બિલિયન) તથા સુંદર પિચાઈ, સત્ય નદેલા, નીરજા સેથી (દરેક 1 બિલિયન). Zscalerના સ્થાપક અને સીઈઓ જય ચૌધરીનો જન્મ પંજાબમાં વર્ષ 1958માં થયો હતો.

## કેનેડાના મેનિટોબા શહેરમાં ભયાનક દુર્ઘટના

# હવામાં બે પ્લેન સામસામે અથડાયા ભારતીય પાયલટ સહિત બેના મોત

**મેનિટોબા**

કેનેડામાં મેનિટોબાના હાર્વેસમાં બે ટ્રેનિગ પ્લેન હવામાં જ સામસામે અથડાતાં ભારતીય પાયલટ સહિત બે લોકોના મોત થયા હતા. આ અકસ્માત મંગળવારે સવારે વિનીપેગથી લગભગ 50 કિલોમીટર દક્ષિણપૂર્વમાં સ્ટેઈનબેક નજીક થયો છે. ટોરેન્ટો સ્થિત ભારતીય દૂતાવાસે કહ્યું કે, 'મૈનિટોબા શહેરમાં સિંગલ એન્જિનવાળા બે વિમાનો સામસામે અથડાતાં એક ભારતીય વિદ્યાર્થી શ્રીહરિ સુકેશ (ઉ. 23, મૂળ કેરળ, ભારત)નું મોત થયું છે. એર પાયલોટ ટ્રેનિંગ સ્કૂલના પ્રમુખ એડમ પેનરે જણાવ્યું કે 'વિમાન ઉડાવવાની ટ્રેનિંગ લઈ રહેલા બંને વિદ્યાર્થીઓ ટેક-



ઑફ અને લેન્ડ કરવાની તાલીમ લઈ રહ્યા હતા. અકસ્માત સમયે વિમાનમાં રેડિયો સિસ્ટમ હતી, પરંતુ તેઓ વિમાનની અંદરથી અન્ય વિમાનને બીજી દિશામાંથી આવતા જોઈ શક્યા નહીં, જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. કાટમાળમાંથી બંને વિદ્યાર્થીઓના મૃતદેહ મળ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલી બીજી કેનેડીયન વિદ્યાર્થીનું નામ સવાન્ના મે રોયસ છે, જેની ઉંમર 20 વર્ષ છે.













# હોલટન સિનિયર્સ પરિવાર દ્વારા ટેમ્પલની મુલાકાત સાથે પિકનીક

## સભ્યોએ મંદિરમાં બેસીને ભજન-કીર્તન કર્યા, કસરત અને અંતાક્ષરીમાં ભાગ લીધો

**હેમિલ્ટન**

હેમિલ્ટન કોન્ફિડરેશન પાર્કમાં રવિવાર તા. ૦૬/૦૭/૨૦૨૫ના રોજ હોલટન સિનિયર્સ પરિવારનાં મેમ્બર્સ રેકસોલ પ્લાઝામાં એકઠા થયા હતાં. શકુતલાબેન પંડયાનાં મધુર ખંડથી ઓમ શ્રી ગણેશાય નમ: શ્લોક સાથે બસ રવાના થઈ હતી. હેમિલ્ટન શહેરમાં એક ભવ્ય મંદિર યુગલ કુંજ રાધાકૃષ્ણ અને કોમ્યુટીક સેન્ટર નામ ગુરુદેવ, જગદગુરુ શ્રીકૃપાલુજી મહારાજ દ્વારા આપવામાં આવ્યું હતું. મંદિરમાં પ્રવેશ કરતા જ સૌને ખુબ જ શાંત સ્પનંદનો અનુભવ થયો હતો. મંદિરના ટ્રસ્ટી રવિંદ્રજીએ તેમના જન્મ દિવસે રવિવારે સર્વેનું સ્વાગત કર્યું હતું. તેમણે હેમિલ્ટન યુગલ કુંજ રાધાકૃષ્ણ મંદિરના જ નહીં, પરંતુ ભારતનાં દરેક રાધાકૃષ્ણ મંદિરોનાં, ભીતમાં ફેટા બતાવી, તેમનો ઈતિહાસ કહીને ચર્ચા કરી હતી. મંદિરની બધી મૂર્તિઓમાં બાળ સ્વરૂપ રાધાજી તેમની માતા કીર્તિદાના ખોળામાં બેસેલાના દર્શન કરીને સભ્યો ધન્ય થઈ ગયા હતા. સભ્યોએ મંદિરમાં બેસીને ભજન-કીર્તન કર્યા હતા. યુગલ કુંજ રાધાકૃષ્ણ મંદિર ખાતે તાજેતરમાં આંતર ધાર્મિક મેળાવડો પણ યોજાયો હતો. હસુબેન સ્થાન્કીયાએ સૌનો આભાર માની કાર્યક્રમ આગળ ધપાવ્યો હતો. પાર્કમાં પહોચતા ગીરીશભાઈ પટેલે












સભ્યોને કસરત કરાવી સૌનું શરીર હળવું કર્યું હતું. મયુરીબેન, સરિયાંએ તેમની રમુજી રમત રમાડીને સર્વેને ખુશ કરી દીધા હતા. ગવલ્ફ શહેરથી કીર્તિદા કિચનનાં ભાઈ હિતેશભાઈ જગડએ સમયસર ભોજન પહોંચા ડયુ હતું. દરેક સભ્યોએ સ્વાદિષ્ટ ભોજનનાં વખાણ કરીને આનંદ માણ્યો હતો.

દીપકભાઈ શાહ અને તેમના પ્રિય પત્ની સંધ્યાબેન લાઈવ ગીતો ગાઈ અને ડાન્સ કરી સૌને મનોરંજન કર્યા હતા અને પિયુષભાઈ પટેલે તે બંનેનો આભાર માન્યો હતો. બિહારીભાઈ સ્થાનકિયાએ હંમેશની જેમ તેમના, "Surprised Bollywood" નૃત્યથી સભ્યોને આશ્ચર્યચકિત કર્યા અને સુમિત્રાબેન કપૂરે પણ તેમનાં નખરાથી બધાને આનંદ અપાવ્યો હતો. પિયુષભાઈ પટેલે હરહમેશની જેમ, તેમની સ્વાદિષ્ટ આદુ ચા-નાસ્તા પીરસી સર્વેને ખુશ કર્યા હતા. જે બાદ સૌએ અંતાક્ષરીમાં ભાગ લીધો અને નાના બાળકો જેવા બની, રમતો રમ્યા, ગરબા (સંગીત નૃત્યો) ગાયા હતા.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



- 100's of transactions and counting
- proudly serving GTA for over 17 years
- Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

- Pre- Construction
- Upgrading
- Downsizing
- First time home buyers
- Small businesses
- Investment Properties
- Leasing
- No obligation home evaluation
- Competitive listing commission

Call me for all your real estate needs



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# કન્ઝર્વેટિવ્સે રેકોર્ડબ્રેક $ 48.5 મિલિયન એકત્ર કર્યા અને તેનાથી પણ વધુ ખર્ચ કર્યો

## $ 2.5 મિલિયનથી વધુ સંશોધન અને મતદાન કરાવવા માટે ખર્ચ થયો

**ટોરોન્ટો**

કન્ઝર્વેટિવ પાર્ટીએ 2024માં ભંડોળ એકત્ર કરવાના તેના રેકોર્ડ સામે વધુ ખર્ચ કર્યો હતો. કારણ કે તેણે ફેડરલ ચૂંટણી પહેલા જાહેરાત અને આંતરિક મતદાનમાં વધારો કર્યો હતો. ઈલેક્શન્સ કેનેડામાં દાખલ કરાયેલા રેકોર્ડ અનુસાર પાર્ટીએ ગયા વર્ષે દાનમાં લગભગ $ 42 મિલિયન અને સભ્યપદ ફીમાં બીજા $ 5 મિલિયન મેળવ્યા હતા. જેની કુલ આવક $ 48.5 મિલિયનથી થોડી વધારે હતી. પાર્ટીએ આ જ સમયગાળામાં $ 50 મિલિયનથી થોડો ઓછો ખર્ચ કર્યો હતો, જે 2023 કરતા લગભગ $13 મિલિયનનો વધારો છે. તે નાણાંનો મોટો ભાગ જાહેરાતમાં ગયો, જેમાં $7.8 મિલિયન ટીવી પર, $7.1 મિલિયન ડિજિટલ પર અને $1.5 મિલિયન રેડિયો પર ખર્ચવામાં આવ્યા હતા. $ 2.5 મિલિયનથી વધુ સંશોધન અને મતદાન કરાવવા માટેના ખર્ચમાં ગયા હતા. કન્ઝર્વેટિવ્સે જાહેરાતો પાછળ જે ૧૬.૫ મિલિયન ડોલર ખર્ચ્યા હતા, તે ૨૦૨૩માં પાર્ટીએ જાહેરાતો પર જે રકમ ખર્ચી હતી, તેના કરતાં લગભગ બમણા હતા. પોઈલીવરે ડિસેમ્બરમાં પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં જમણેરી પ્રભાવક જોર્ડન પીટરસનને જણાવ્યું હતું કે, તેમણે પાછલા વર્ષમાં ૬૦૦ જાહેર કાર્યક્રમો કર્યા છે, જેમાં વ્યવસાયો અને કારખાનાઓના પ્રવાસો અને રેલીઓનો સમાવેશ થાય છે, જે તેમના નેતૃત્વની સહી બની હતી. ૨૦૨૪માં કન્ઝર્વેટિવ્સે મુસાફરી અને આતિથ્ય પાછળ ૧.૫ મિલિયન ડોલર અને ભંડોળ ઊભું કરવાના પ્રયાસો પાછળ ૮ મિલિયન ડોલરથી થોડો વધુ ખર્ચ કર્યો હતો. પાર્ટીના કોમ્યુનિકેશન ડિરેક્ટર સારાહ ફિશરે એક ઈમેઈલમાં જણાવ્યું હતું કે, કન્ઝર્વેટિવ્સે વર્ષનો અંત ફક્ત ૧૬ મિલિયન ડોલર રોકડ અને ૯ મિલિયન ડોલરથી વધુની ચોખ્ખી સંપત્તિ સાથે કર્યો હતો.

# ઓન્ટેરિયોની કોલેજોમાં સ્ટાફમાં કાપ, લગભગ 10,000 નોકરી ગઈ

## અનેક કોલેજને ભંડોળની સમસ્યા સર્જાતા સંચાલકોએ કઠોરતાથી નિર્ણય લીધો

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો પબ્લિક સર્વિસ એમ્પ્લોઈઝ યુનિયને બુધવારે જણાવ્યું હતું કે, ગયા વર્ષથી સેંકડો પ્રોગ્રામ રદ અને સસ્પેન્શન વચ્ચે લગભગ 10,000 કોલેજ ફેકલ્ટી અને સ્ટાફને કાં તો છૂટા કરવામાં આવ્યા છે અથવા તેમની નોકરી ગુમાવવાનો અંદાજ છે. કારણ કે, તેણે આ ક્ષેત્રમાં ગંભીર મુશ્કેલીની ચેતવણી આપી હતી. લગભગ 55,000 કોલેજ ફેકલ્ટી અને સપોર્ટ સ્ટાફનું પ્રતિનિધિત્વ કરતા યુનિયને જણાવ્યું હતું કે, આ કાપ “ઓન્ટેરિયોના ઈતિહાસમાં સૌથી મોટી સામૂહિક છટણીઓમાંની એક છે. કારણ કે, કોલેજો ભંડોળની કટોકટીનો સામનો કરી રહી છે. ગયા અઠવાડિયે યુનિયન અને કોલેજ એમ્પ્લોયર કાઉન્સિલ વચ્ચે જાહેર કરાયેલા મધ્યસ્થી ફેકલ્ટી કરારમાં કહેવામાં આવ્યું હતું કે, ફેડરલ સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પરની મર્યાદાને કારણે નોંધણી અને ટ્યુશન આવકમાં નાટ્યાત્મક ઘટાડો થયો છે. 600થી વધુ કોલેજ કાર્યક્રમો રદ અથવા સ્થગિત કરવામાં આવ્યા છે. ઓન્ટેરિયોમાં 24માંથી 23 કોલેજોએ સપ્ટેમ્બર 2023થી સપ્ટેમ્બર 2024 દરમિયાન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટર નોંધણીમાં 48 ટકાનો ઘટાડો નોંધાયો છે. જૂન સુધીમાં 19 કોલેજોએ વર્તમાન અને આયોજિત સ્ટાફ ઘટાડાની જાણ કરી છે જે કુલ 8,000થી વધુ કર્મચારીઓ છે.

# ટોરોન્ટો રેસ્ટોરન્ટમાં કાર અથડાયા બાદ મહિલા સામે બેફામ ડ્રાઈવિંગનો આરોપ

**ટોરોન્ટો**

શનિવારે વહેલી સવારે ટોરોન્ટોમાં એક રેસ્ટોરન્ટમાં વાહન અથડાયાની ઘટના બાદ એક મહિલા પર ખરાબ ડ્રાઈવિંગનો આરોપ મૂકવામાં આવ્યો છે. ટોરોન્ટો પોલીસે શનિવારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ ઘટના સવારે 4:30 વાગ્યે સેકવિલે સ્ટ્રીટ અને ડુંડાસ સ્ટ્રીટ E નજીક બની હતી. 30 વર્ષની વયની ડ્રાઈવર, એક મહિલા, વાહનમાં એકમાત્ર સવાર હતી. પોલીસે જણાવ્યું હતું કે, અકસ્માતથી કોઈને ઈજા થઈ નથી. શનિવારે સવારે પોલીસ ઘટનાસ્થળે હાજર રહી હતી.

આ વિસ્તારની તસવીરોમાં એક વાહનના બમ્પરને નોંધપાત્ર નુકસાન થયાનું જોવા મળ્યું હતુ. તસવીરોમાં નજીકના કાફે અને રેસ્ટોરન્ટ, કાફે ઝુઝુના પ્રવેશદ્વારને દૃશ્યમાન નુકસાન પણ જોવા મળે છે, જેમાં કાચ અને કાટમાળ જમીન પર પથરાયેલા છે.

# ટોરોન્ટો સહિતના શહેરોમાં આગામી મહિને બ્રહ્માકુમારી શિવાનીનો કાર્યક્રમ

**ટોરોન્ટો**



બીકે શિવાની એક અસાધારણ વિશ્વ કક્ષાના પ્રેરણાદાયી વ્યાખ્યાતા છે. તેઓ ૧૯૯૬થી બ્રહ્મા કુમારિઝ વર્લ્ડ સ્પિરિચ્યુઅલ ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓફ કરાયેલા રાજયોગ મેડિટેશનના પ્રેક્ટિશનર અને શિક્ષિકા છે. ૨૦૧૭થી તેમને વર્લ્ડ સાયકિયાટ્રિક એસોસિએશન દ્વારા ગુડવિલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેનેડામાં બ્રહ્માકુમારીઝ ૨૦૨૫માં તેઓનાં રાષ્ટ્રીય પ્રવાસ માટે તેમનું સ્વાગત કરી સન્માન કરાયું હતુ. ૧૬થી ૨૬ ઓગસ્ટ સુધી તેઓ આધ્યાત્મિકતા દ્વારા આંતરિક સ્વતંત્રતા વિષય સાથે ટોરોન્ટો અને કેનેડાના અન્ય મુખ્ય છ શહેરોની મુલાકાત લેશે. ટોરોન્ટોમાં તેઓ ૧૬ ઓગસ્ટ (હિન્દી) અને ૧૭ ઓગસ્ટ (અંગ્રેજી)ના રોજ સાંજે પાંચથી ૮ વાગ્યા સુધી ઈન્ટરનેશનલ સેન્ટર હોલ નંબર ૫, ૬૯૦૦ એરપોર્ટ રોડ, મિસિસાગા ખાતે ઉપરોક્ત વિષય બાબતે પોતાનું પ્રેરણાદાયી વ્યક્તવ્ય રજુ કરશે. આ પ્રસંગે માટે સામેલ ફ્લાયર મુજબ વિના મૂલ્યની ઈવેન્ટ ટિકિટ રાખવામાં આવી છે.

# બાઈક લેન દૂર થતી અટકાવવા સામેની મનાઈ હુકમ માંગતી અપીલ કોર્ટે ફગાવી

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોની એક કોર્ટે પ્રાંતના કોર્ટના આદેશ સામે અપીલ કરવાના પ્રયાસને ફગાવી દીધો હતો, જેણે ટોરોન્ટોના ત્રણ મુખ્ય બાઈક લેન તોડવાથી અસ્થાયી રૂપે અટકાવ્યા હતા. સાયકલિંગ હિમાયતીઓ કહે છે કે, કોર્ટનો નિર્ણય એક વિજય છે, અને તેનો અર્થ એ છે કે ઓન્ટેરિયો ચાર્ટર પડકાર પર ચુકાદો ન મળે ત્યાં સુધી બાઈક લેન દૂર કરી શકશે નહીં. જો કે, પરિવહન મંત્રી પ્રબમીત સરકારિયાના પ્રવક્તાએ સૂચવ્યું કે કેટલાક કામ ચાલુ રહેશે. જ્યારે ડાકોટા બ્રેઝિયરે એક નિવેદનમાં લખ્યું હતુ. અમે બાઈક લેન દૂર કરવાનું શરૂ કરવા અને અમારા કેટલાક વ્યસ્ત રસ્તાઓ શક્ય તેટલી વહેલી તકે ખસેડવા માટે જરૂરી ડિઝાઈન કાર્ય ચાલુ રાખીશું. જ્યારે અમે કોર્ટના નિર્ણયનો આદર કરીએ છીએ, ત્યારે અમારી સરકાર ડ્રાઈવિંગ લેન પુનઃસ્થાપિત કરીને લોકોને ટ્રાફિકમાંથી બહાર કાઢવા માટે સ્પષ્ટ આદેશ સાથે ચૂંટાઈ આવી હતી.” સાયકલ ટોરોન્ટો, પડકારનું નેતૃત્વ કરી રહેલ જૂથ, દલીલ કરે છે કે સરકારને બાઈક લેન દૂર કરવાની મંજૂરી આપતો કાયદો મનસ્વી છે અને જીવનને જોખમમાં મૂકે છે. સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ પોલ શાબાસે આ વસંતમાં સરકારને આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી તેઓ નક્કી ન કરે કે કાયદો ગેરબંધારણીય છે કે નહીં, ત્યાં સુધી બ્લૂર સ્ટ્રીટ, યોંગ સ્ટ્રીટ અને યુનિવર્સિટી એવન્યુ બાઈક લેનથી દૂર રહે.







તંત્રી સ્થાનેથી

# ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિથી ડોલરના આધિપત્ય સામે ખતરો

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ૧૪ દેશના વડાને પત્ર લખી તા.૧ ઓગસ્ટની નવી મુદ્દતથી વધારાના ટેરિફની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં જાપાન અને દક્ષિણ કોરિયાના નામ પણ છે. આ બે એવા દેશો છે કે જેઓ અમેરિકા સાથે ઘણાં સમયથી વેપારીક સાથીદાર રહ્યા છે. આ બંને દેશો સાથે અમેરિકા વર્ષે ૩૫૦-૪૦૦ અબજ ડોલરનો વ્યાપાર કરે છે. બંને દેશ સાથે સરેરાશ ૬૦ અબજ ડોલરની ખાધ વોશિંગ્ટનને છે. એટલું જ નહીં, રવિવારે ટ્રમ્પે ફરી એકવાર બ્રિકસ દેશોને ચેતવણી આપી હતી કે, અમેરિકાના આર્થિક હિત વિરુદ્ધ કોઈ વ્યાપાર કરશે કે નવી નીતિ ઘડશે તો તે રાષ્ટ્ર પર અમેરિકામાં ૧૦ ટકા ટેરિફ લદાશે.



તંત્રી - સ્વદેશ

આજથી છ મહિના અગાઉ પણ બ્રિકસ દેશોન સમુહ ડોલરની વિરુદ્ધ નવી કરન્સીના વિનિમયની વેતરણ કરી હતી, આ સમયે આ દેશો સામે અમેરિકાએ ૧૦૦ ટકા ટેરિફ લાદવા ધમકી ઉચ્ચારી હતી. જો કે, જાણકારો કહે છે કે, યુએસ પ્રમુખ ટ્રમ્પના તરંગી વિચારો વિશ્વની અર્થવ્યવસ્થાને ડામાડોળ કરી રહ્યા છે. ટ્રમ્પની લડાઈનો ઉદેશ કઈક અલગ છે, પણ તેમની રણનીતિ અમેરિકા માટે પણ જોખમી છે. વૈશ્વિક ચલણના રાજા તરીકે ડોલરનો અંતની સૌથી પહેલી આગાહી ૧૯૬૮માં વિલિયમ રિકેનબેકરે પોતાના પુસ્તક ‘ડેથ ઓફ ધ ડોલર’માં કરી હતી. સતાવન વર્ષ પછી એમની આગાહી સાચી નથી પડી, પણ દુનિયાના અનેક દેશો યુએસની નીતિને કારણે નારાજ છે તે વાત ચોક્કસ છે.

બ્રિક્સ દેશો દ્વારા ડોલરનો વિકલ્પ શોધવાની મથામણ તેનો જોરદાર પુરાવો છે. ડોલરનો વિકલ્પ શોધતા દેશો અને કેટલાક અર્થશાસ્ત્રીઓ માને છે કે, અમેરિકાની ખાધ સતત વધી રહી છે. અમેરિકા સતત કરન્સી પ્રિન્ટ કરી રહ્યું છે. અમેરિકન આર્થિક વૃદ્ધિ કરતા દેવું વધી રહ્યું હોવાથી એક તબક્કે દેવાનો બોજ વહન કરવો અશક્ય બનશે અને તેના કારણે અમેરિકા નાદાર થઈ જશે. વિશ્વમાં વ્યાપાર, કોમોડિટીઝના ભાવ, ઈન્વોઈસ અને નાણાકીય સોદા માટે ડોલર ચલણમાં છે. જો કે, આ અધિપત્ય અત્યારે ખતમ થવાની શરૂઆત થઈ છે. નાણા બજાર અને વિશ્વના દેશોની ફોરેકસ અનામતમાં ડોલર હજી પણ એક મોટો હિસ્સો ધરાવે છે. એટલે ટૂંકા કે મધ્યમ ગાળામાં હજી ચિંતાનો વિષય નથી પરંતુ, બદલાઈ રહેલા વિશ્વના આર્થિક ફલક અને ખાસ કરીને ચીનની આર્થિક મહાસત્તા તરીકે ઉભરી રહેલી સ્થિતિથી અમેરિકા ચિંતામાં મુકાયું છે. જોકે, જાન્યુઆરીમાં ફરી સત્તા ઉપર આવ્યા પછી ટ્રમ્પે અમેરિકાના આર્થિક સામ્રાજ્યને સામ, દામ અને દંડની જે નીતિ અપનાવી છે તેનાથી દુનિયાની સાથે ખુદ તેને પણ ખતરો છે.

જાન્યુઆરીમાં અમેરિકાની બજેટની ખાધ કુલ જીડીપીના ૬.૨ ટકા હતી. બીજી તરફ જાહેર દેવું એટલે એક અમેરિકન સરકારનું દેવું જીડીપી જેટલું જ હતું. અમેરિકાને માથે અત્યારે ૩૭ ટ્રીલીયન ડોલરનું દેવું છે. હવે અમેરિકન સરકારે બીગ બ્યુટીફૂલ એક્ટ હેઠળ ટેક્સમાં ફેરફારો અને ખર્ચમાં વધારો કરવા સાથેનો પ્લાન તૈયાર કર્યો છે.

તેનાથી બજેટની ખાધ આગામી દાયકામાં ૩.૪ ટ્રીલીયન વધવાની અમેરિકન કોંગ્રેસની બજેટ ઓફિસની આગાહી છે. અમેરિકાના જાહેર દેવાનું સ્તર જીડીપીના ૧૪૦ ટકા થશે એવો ઈન્ટરનેશનલ મોનેટરી ફંડનો અંદાજ છે. આ સ્તર બીજા વિશ્વયુદ્ધ પછી સૌથી વધારે હશે! જોકે, વિશ્વયુદ્ધ પછી અમેરિકાના આર્થિક વિકાસના કારણે દેવું ઘટી ગયું હતુ. પરંતુ અત્યારે તેવી સ્થિતિની આશા ઓછી છે.

કારણ કે તે સમયે દુનિયામાં અમેરિકાને પડકાર ફેંકે તેવા દેશો ન હતા. ઉત્પાદન ક્ષેત્રે, ટેકનોલોજી અને નાણાના જોરે તે સમયે અમેરિકા દુનિયાના કોઈપણ દેશનો કોઈ પણ રીતે સામનો કરવા સક્ષમ હતું. અત્યારે સ્થિતિ અલગ છે. ચીન વિશ્વનું ઉત્પાદન કેન્દ્ર છે. અમેરિકા પાસે ટેકનોલોજી છે પણ તે ઉત્પાદન ક્ષેત્ર સાથે જોડાયેલી નથી. તેની પાસે સાયબર, ઈન્ફર્મેશન ક્ષેત્રની ટેકનોલોજી છે. પહેલા યુરોપ અને અમેરિકા પછી જાપાન, અત્યારે ચીન અને ભવિષ્યમાં એશિયાના ઉભરતા અર્થતંત્રમાં તાઈવાન, વિયેતનામ, ભારત જેવા દેશો ઉત્પાદન ટેકનોલોજીમાં આગળ વધી રહ્યા છે. અમેરિકન હવે વપરાશકરનો દેશ બન્યો છે.

અમેરિકન સોશિયલ સિક્યુરીટી સિસ્ટમ અને લેબર કાયદાના કારણે સસ્તું ઉત્પાદન શક્ય નથી. અમેરિકન પ્રજા હવે ૫૦ કે ૭૦ના દાયકા જેટલી મહેનત કરી શકે એમ પણ નથી. આવા સંજોગોમાં દુનિયામાંથી યુએસ આવતા ઉત્પાદનો પર ટેરિફ લાદવાનો નિર્ણય અમેરિકનો માટે મુસીબત નોતરી શકે છે. અમેરિકાની નીતિને કારણે કોઈ એક દેશ ઉપર વિશ્વાસ વધે તો તેના ચલણ તરફ દુનિયા દોટ લગાવે તેમ છે. અત્યારે ફોરેકસ અનામતમાં ડોલરનો વૈશ્વિક હિસ્સો ૬૦ ટકા જેટલો છે. ઈનવોઈસ એટલે કે વૈશ્વિક વ્યાપારમાં ડોલરમાં થતા સોદા લગભગ ૭૦ ટકા છે. બીજા ક્રમે યુરોપ, પછી બ્રિટીશ પાઉન્ડ, જાપાનીઝ યેન અને ચીનનો યુઆન આવે છે. બીજી તરફ, ડોલરના કારણે અમેરિકા દુનિયા ઉપર આર્થિક, રાજકીય, લશ્કરી અને રાજદ્વારી જોહુકમી ચલાવે છે. ડોલરનું પતન થાય તો આ જોહુકમી બંધ થાય.

ટ્રમ્પ સત્તા ઉપર આવ્યા પછી દર અઠવાડિયે એક વખત ટેરિફ સંબંધિત એક જાહેરાત કરી રહ્યા છે. કોઈ દેશ ઉપર ૨૫ ટકા તો ચીન સાથે ઉગ્ર ચર્ચામાં ૧૪૫ ટકા સુધી પહોચ્યા હતા. ટ્રમ્પ જે ટેરિફ વધારી રહ્યા છે તે આયાત ઉપર છે. એટલે જેટલા ટેરિફ વધારે એટલી અમેરિકામાં મોંઘવારી વધશે. બીજી તરફ અમેરિકન બોન્ડના યીલ્ડ વધી રહ્યા છે. યીલ્ડમાં વૃદ્ધિ બોન્ડ ઉપરની અવિશ્વસનીયતા દર્શાવે છે. ત્રીજું, અમેરિકન શેરબજાર વધી રહ્યા છે અને ત્યાં વિદેશી ફંડ્સનું મોટું વેચાણ નથી. જ્યારે સોનાના ભાવ છ મહિનામાં ૨૫ ટકા વધ્યા છે. બજારની આ સ્થિતિના લીધે અત્યારે દુનિયામાં ડોલરના પતનની ચિંતા વધી છે. યુરોપીયન સેન્ટ્રલ બેંકના ૨૦૨૩ના એક અભ્યાસ પ્રમાણે વિશ્વના વ્યાપારમાં ડોલર અને યુરોમાં ચલણ બનાવવાનો હિસ્સો ૮૮ ટકા જેટલો છે. ચીનના યુઆનનો હિસ્સો માત્ર બે ટકા જેટલો છે.

બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા (બ્રિકસ દેશોના સમુહ)માં ૨૦૨૪માં સાઉદી અરબ, યુનાઈટેડ આરબ અમિરાત, ઈજીપ્ત, ઈથોપિયા અને ઈરાન જોડાયા હતા. બે દિવસ પહેલા તેમાં ઈન્ડોનેશિયા પણ જોડાયું. આ બધા દેશો એકત્ર થઈ વિશ્વની કુલ અર્થવ્યવસ્થામાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આટલા મોટા સમુહના દેશો એકબીજા સાથે વ્યાપાર કરવા માટે એક નવું ચલણ બનાવે કે પછી બે દેશો ડોલરના બદલે એકબીજાના ચલણમાં વ્યાપાર કરવા સહમત થાય તો ડોલરને ફટકો પડી શકે એમ છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# કરમસદ-આણંદ મહાનગરપાલિકા નામ રાખવા મુદ્દે ભાજપમાં વિખવાદ

## કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના બે દિવસના પ્રવાસ બાદ ભાજપના નેતાઓને સરદાર વલ્લભભાઇ પટેલ યાદ આવ્યાં

**આણંદ**

આણંદમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ સહિતના બે દિવસના કાર્યક્રમોમાં હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમ બાદ આણંદ મનપાને કરમસદ- આણંદ મહાનગરપાલિકા નામ જાહેર કરવા માટે સ્થાનિક ભાજપના ધારાસભ્ય અને નેતાઓએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. મનપાના નામાભિધાનને લઇ સરકારે હકારત્મક અભિગમ દાખવતા હવે આણંદના ધારાસભ્યો અને નેતાઓની જશ લેવા માટે હોડ જામી છે. જેને લઈ ભાજપનો આંતરિક વિખવાદ સામે આવ્યો છે.

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની આણંદની બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓએ ત્રિભોવનદાસ પટેલની સાથે સરદાર વલ્લભભાઈ પટેલને પણ યાદ કર્યા બાદ અચાનક જ આણંદના ભાજપી ધારાસભ્યો સહિતના નેતાઓને સરદાર સાહેબ યાદ આવ્યા છે. કરમસદને રાષ્ટ્રીય દરજ્જો આપવાની માંગ સમયે દૂર રહી તમાશો નિહાળતા આણંદના ભાજપી નેતાઓને અચાનક બ્રહ્મજ્ઞાન લાધ્યું હોય તેમ હવે આણંદ મહાનગરપાલિકા સાથે કરમસદના નામને જોડી કરમસદ આણંદ મહાનગરપાલિકા નામ જાહેર કરવા રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

છેલ્લા એક દશકથી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ કરમસદને વિશેષ દરજ્જો આપવાની માંગ ઉઠી હતી અને આંદોલન પણ થયું હતું. ત્યારબાદ ગત જાન્યુઆરી માસમાં રાજ્ય સરકાર દ્વારા આણંદને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવતા કરમસદનો આણંદ મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવતા વિવાદ ઉઠયો હતો.

સ્થાનિક સ્તરેથી વિરોધ પ્રદર્શન ઊઠવા સાથે સરદાર પટેલનું નામ અથવા કરમસદ ગામનું નામ મહાનગરપાલિકા સાથે જોડવાની માંગ સરદાર પટેલ સંકલ્પ સન્માન આંદોલન સમિતિ દ્વારા કરવામાં આવી હતી. જોકે, કરમસદને વિશિષ્ટ દરજ્જો આપવાની માંગ યેનકેન પ્રકારે ટાળવામાં આવતા ગત સપ્તાહે ગાંધીનગર ખાતે એક બેઠક મળી હતી. જેમાં કરમસદને વિશેષ દરજ્જો અને સરદારધામ જાહેર કરવાની માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે આણંદ ભાજપના નેતાઓને પોતાના હાથમાંથી જશ સરકી જશે તેમ લાગતા અચાનક જ આણંદના ધારાસભ્ય યોગેશ પટેલ સહિતના સ્થાનિક ભાજપી નેતાઓ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને આણંદ મહાનગરપાલિકા સાથે કરમસદનું નામ જોડી કરમસદ આણંદ મહાનગરપાલિકા નામ જાહેર કરવા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

# વેરાવળમાં બ્લાસ્ટની ધમકી, જજને ઇમેલ મળતાં કોર્ટ પરિસર ખાલી કરાયું

**વડોદરા**

ગુજરાતના મોટા શહેરોમાં જેમાં ખાસકરીને અમદાવાદ, સુરત, અને વડોદરા જેવા મોટા શહેરોમાં છેલ્લા કેટલાક સમયથી બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ મળી રહી છે. શુક્રવારે (7 જુલાઇ) વડોદરાની બે અલગ-અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ હવે આજે (7 જુલાઇ) ગીર સોમનાથ જિલ્લાના વેરાવળની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેલની જાણ થતાં કોર્ટ પરિસરને ખાલી કરી દેવામાં આવ્યું હતું અને સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વેરાવળ કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ વિક્રમસિંહ ગોહિલને આજે વહેલી સવારે ઈમેલ દ્વારા કોર્ટને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકીભર્યા ઈમેલ મળતાં જ તેમણે સુરક્ષા એજન્સીને જાણ કરી હતી અને સુરક્ષાને ધ્યાને રાખી કોર્ટના જૂના બિલ્ડિંગને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. બોમ્બની ધમકી મળતાં કોર્ટ પરિસરમાં ભયનો માહોલ છવાયો છે. બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કોર્ટમાં સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં બે પરિવારો સાથે યુકેના વર્ક પરમિટના બહાને રૂ.45 લાખની છેતરપિંડી

## સેક્ટર-24ની મહિલા અને અમદાવાદ ખાતેના યુવાનને નિશાન બનાવાયા

**ગાંધીનગર**

ગાંધીનગરમાં રહેતા કાજલબેન રાહુલ કુમાર નાયી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, અમદાવાદ સૈજપુર બોઘા ખાતે રહેતા અને સેક્ટર ૧૬માં આવેલી એક્રેઈટ વિઝા કન્સલ્ટન્સી ચલાવતા મેહુલભાઈ રાજેશભાઈ સોની અને કુડાસણ પ્રમુખ એવન્યુ કોમ્પ્લેક્ષમાં જીનલબેન પંચાલ દ્વારા તેમને અને તેમના પરિવારને યુકેના વર્ક પરમીટ ૩૦ લાખ રૂપિયામાં આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

જે પેટે તેમણે તબક્કાવાર રૂપિયા ચૂકવ્યા હતા અને નકલી સ્પોન્સર લેટર પણ બનાવી આપ્યો હતો. એટલું જ નહીં બે ત્રણ કોરા કાગળ ઉપર સહી પણ લેવામાં આવી હતી. ૨૪.૨૫ લાખ રૂપિયા રોકડા તેમને આપવામાં આવ્યા હતા. ઈન્ટરવ્યૂ બાદ તેમના વિઝા રિજેક્ટ થયા હોવાનું કહેવામાં આવ્યું હતું અને રૂપિયા પરત માગતા ૩.૮૭ લાખ રૂપિયા પરત કર્યા હતા. જોકે બાકી નીકળતા ૨૦.૩૭ લાખ પરત નહીં આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી તો આ જ ટોળકી દ્વારા અમદાવાદના ઘાટલોડીયા ખાતે રહેતા સંદીપભાઈ ગણપતભાઈ નાઈને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમને તેમની પત્ની અને પુત્રને પાંચ વર્ષના યુકેના વર્ક પરમિટ વિઝા આપવા ૨૭ લાખ રૂપિયા નક્કી કર્યા હતા અને જે મુજબ તેમણે ૨૫ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા પરંતુ તેમનું કામ કરી આપવામાં આવ્યું ન હતું. જેથી આ ઘટનામાં પણ મહેશભાઈ રાજેશભાઈ સોની, નિધિબેન સોની અને જીનલબેન પંચાલ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સાબરકાંઠામાં સેલ્ફીના ચક્કરમાં સપ્તેશ્વર અને વિજયનગરમાં યુવકો તણાઈ ગયા, બંનેના મોત

**સાબરકાંઠા**

અરવલ્લી જિલ્લાના ભિલોડા, તાલુકાના પાલ્લા ગામ પાસે આવેલા ઓડ ગામનો આશાસ્પદ યુવક મેણાત અલ્પેશભાઈ (ઉ.વ.18) વિજયનગર તાલુકાના કણાદર ગામ નજીક આવેલા ધરતી માતાના વિનિતા મંદિરના દર્શન કરવા ગયો હતો. ગ્રામીણ વિસ્તારમાં મિત્રો જોડે ધરતી માતાના મંદિરે દર્શન કરવા ગયા હતા અને દર્શન કરીને પરત ફરતા મંદિરના પાછળના ભાગમાં આવેલા પ્રાકૃતિક સૌદર્ય ધરાવતા વહેતા ધોધ પર ચડીને મોબાઈલમાં સેલ્ફી લેવાના ચક્કરમાં પથ્થર પર અસહ્ય



લીલ હોવાના કારણે યુવકનો પગ લપસી જતાં એકાએકા વહેતા પાણીના ધોધમાં પડવાથી યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. આ કરૂણ ઘટનાને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા અને પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો.

ઈડર તાલુકાના આવેલ સમેશ્વર પાસેની સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા નિલેશ દેવજીભાઈ પરમાર નામના યુવાનનો પગ લપસતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઈડરના સપ્તેશ્વર પાસે આવેલી સાબરમતી નદીમાં એક યુવાનનો સેલ્ફીના ચક્કરમાં પગ લપસતા પાણીના પ્રવાહમાં ગરકાવ થયો હતો. આ યુવાન મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાનો હોવાનું સામે આવ્યું છે. યુવાનની કલાકથી શોધખોળ ચાલી રહી છે.

# બોચાસણ ખાતે મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

**વાસદ**

બોચાસણમાં બિરાજતા ગુરુહરિ પ્રગટ મહંત સ્વામી મહારાજના પાવન સાનિધ્યમાં "ગુરુપૂર્ણિમા ઉત્સવ" દેશ - પરદેશના હજારો ભક્તો માટે "ગુરુવંદના" નો અમુલ્ય અવસર બન્યો હતો. બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાના આદ્ય સ્થાપક શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત આ મહા મંદિરમાં પ્રતિવર્ષે ઉજવાતો "ગુરુપૂર્ણિમા ઉત્સવ" આ વર્ષે "તસ્મૈ શ્રી ગુરુવે નમઃ" કેન્દ્રિય વિચાર અંતર્ગત આયોજીત હતો. સભાગૃહમાં સવારેસંતો - યુવકો દ્વારા ધૂન -પ્રાર્થના - સ્તુતિગાન- ગુરુ મહિમા ગાન દ્વારા



"ગુરુપૂર્ણિમા ઉત્સવ" સભાનો પ્રારંભ થયો હતો. "તસ્મૈ શ્રી ગુરુવે નમઃ કેન્દ્રિય વિચારને લક્ષમાં રાખી વિવિધ પ્રવચનો - પ્રસંગ કથન - વિડીયો દર્શન - નૃત્યોના સંયોજનથી ગૂંથાયેલ સમગ્ર કાર્યક્રમ રોચક રહ્યો હતો.

# મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બંને પુત્રોને શરતો હેઠળ કોર્ટના જામીન

**દાહોદ**

દાહોદ જિલ્લાના બહુ ચર્ચિત 71 કરોડના મનરેગા કૌભાંડમાં આખરે બંને મંત્રી-પુત્રોના શરતી જામીન મંજૂર થતા બંને ભાઈઓ સાંજે જેલ મુક્ત થયા છે. બીજી બાજુ ગાંધીનગરથી 10 જેટલી ટીમોના 3000 કામોની સ્થળ તપાસ માટે દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં ધામા નાંખ્યા છે.

મંત્રી બચુ ખાબડના બંને દીકરા બળવંત ખાબડની કંપની શ્રી રાજ કન્સ્ટ્રક્શન કુ. પીપેરો અને કિરણ ખાબડની શ્રી રાજ ટ્રેડર્સે કરોડો રૂપિયાના કામો કાગળ ઉપર પૂર્ણ બતાવી બિલો પાસે કરાવી સરકાર સાથે છેતરપિંડી કરી હતી. ત્રણ જુદી-જુદી ફરિયાદોમાં છેલ્લાં દોઢ મહિનાથી બંને ભાઈઓ જેલમાં હતા. તેઓએ જામીન અરજી માટે ચીફ કોર્ટમાં અરજી કરી હતી, જે કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ બંને ભાઈઓએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી મૂકતા સેશન્સ કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપ્યા હતા. પોલીસ આ કેસમાં જ્યાં સુધી ચાર્જશીટ કોર્ટમાં રજૂ ન કરે ત્યાં સુધી બંને ભાઈઓ જિલ્લાની બહાર રહેશે. બંનેના પાસપોર્ટ જમા લેવામાં આવશે.

# વડોદરા જિ.પંચાયતની મીટિંગ તોફાની બની વિપક્ષી સભ્યો પ્લેકાર્ડ સાથે આવતાં હોબાળો

**વડોદરા**

વડોદરા જિલ્લા પંચાયતની આજે પાંચ મહિના બાદ મળેલી જનરલ મીટિંગમાં ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને આક્ષેપબાજી થતાં ભારે હોબાળો થયો હતો.

ગ્રામ પંચાયતની ચૂંટણીઓની આચાર સંહિતાને કારણે જિલ્લા પંચાયતની પાંચ મહિના બાદ મીટિંગ મળી હતી.જેમાં કોંગ્રેસના સભ્યો વિપક્ષીનેતાની આગેવાનીમાં પ્લેકાર્ડ સાથે સૂત્રોચ્ચાર કરતાં સભાગૃહમાં પ્રવેશતાં ભાજપના સભ્યોએ સ્ટંટ બાજી બંધ કરો તેમ કહી વિરોધ કર્યો હતો.

ત્યારબાદ વિપક્ષી સભ્યોએ પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય વિભાગ અને સિંચાઈ- બાંધકામ વિભાગની કામગીરી ખાડે ગઈ હોવાનો આક્ષેપ કરી રજૂઆતો કરી હતી.તેમણે શિક્ષકોની ઘટ,સ્કૂલોની મરામત, ૫૯ જેટલી સ્કૂલોમાં શૌચાલયનો અભાવ જેવા મુદ્દે રજૂઆતો કરી હતી.વિપક્ષી નેતાએ કહ્યું હતું કે,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો ભાર હળવો કરવા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યાઓ ખાલી છે અને ખુદ પ્રાથમિક શિક્ષણાધિકારી પર કામનું ભારણ હોવા છતાં બબ્બે ચાર્જ અપાયા છે.જે કેટલું યોગ્ય કહેવાય.

આવી જ રીતે વલણ અને કરચિયાના કાંસની સફાઈમાં વેઠ ઉતારવામાં આવી રહી હોવાની પણ રજૂઆતો કરી હતી. આ દરમિયાન ભાજપના ચૂંટાયેલા સભ્યો અધિકારીઓનો બચાવ કરતા હોવાથી વડોદરા જિલ્લા પંચાયતની જનરલ મીટિંગમાં સામસામે આક્ષેપબાજી થતાં માહોલ ગરમાયો હતો.

# સુરતમાં થયેલી બેઠકમાં બે ભાજપી કોર્પોરેટર દ્વારા મહિલા કોર્પોરેટરોની હાજરીમાં ગાળાગાળી

**સુરત**

સુરત ભાજપ કાર્યાલય ખાતે વડીલ વંદના કાર્ડના વિતર માટે વિવિધ ઝોનની બેઠક રાખવામાં આવી હતી. આજે વોર્ડ નંબર 19-2021 અને 22 માટે બેઠક હતી અને બેઠક બાદ ભોજન સમારંભ પણ યોજાયો હતો. આ ભોજન સમારંભમાં જ મહિલા અને પુરુષ મળી 15થી વધુ કોર્પોરેટરોની હાજરીમાં જ ભાજપના કોર્પોરેટર દિપન દેસાઈ અને વ્રજેશ ઉનડકટ બાખડી પડ્યા હતા એટલું જ નહી પરંતુ જાહેરમાં એક બીજાને ગાળો દેતા પણ નજરે પડ્યા હતા. ભાજપ કાર્યાલય પર થયેલી બેઠકમાં થયેલી આ બબાલ સુરત ભાજપમા ચાલતી જુથબંધીને ખુલ્લી કરી દીધી છે.

દિપન દેસાઈએ વ્રજેશ લારી કમિટિનો ચેરમેને છે તેવી ટીપ્પણી કરી હતી. તો આ અંગે વ્રજેશ ઉનડકટે દિપનને ઠપકો આપ્યો હતો અને સામે જવાબ આપ્યો હતો જેના કારણે વાત પરથી ગાળાગાળી પર વાત પહોંચી ગઈ હતી. એક તબક્કે દિપન દેસાઈએ એવું કહી દીધું હતું કે, હું તો શોખથી કોર્પોરેટર બન્યો છું મારે કોઈની પડી નથી તારા જે આકા હોય તેને કહી દેજે. તેની સામે ઉનડકટે પણ જવાબ આપ્યો હતો બન્ને વચ્ચે મહિલા કોર્પોરેટરોની હાજરીમાં ગાળા ગાળી અને ગરમાગરમી થઈ હતી તેના કારણે મહિલા કોર્પોરેટરો સ્તબ્ધ થઈ ગયાં હતા. આ ઘટના બની ત્યારે ભાજપ કાર્યાલય પર ભોજન સમારંભમાં મહિલા કોર્પોરેટર કૈલાશબેન સોલંકી, ડિમ્પલ કાપડીયા, સુમન ગડીયા, સંજય દલાલ, અશોક રાંદેરીયા, નરેશ રાણા, હિમાંશસફાઈ કામદારોની સુરક્ષાના સાધનો ન હોવા ગંભીર બાબત, મેન્યુઅલ સ્કવેન્જિંગ સમાપ્ત કરવાની બ્લૂપ્રિન્ટ આપે સરકાર: હાઈકોર્ટ

# બેચરીમાં તાજિયા પસાર થતી વખતે વીજ કરંટ લાગતા 2 યુવકોના મોત

## ડંડાથી ઊંચો કરતા કરંટ ઉતર્યો અને બે દાઝી ગયા હતા

**આણંદ**

ઉમરેઠ તાલુકાના બેચરી ગામમાં રવિવારના દિવસે મહોરમ પર્વ હોવાથી શનિવાર રાત્રિના સાડા બારેક વાગ્યાના આસપાસના સમયે તાજિયા પસાર કરવામાં આવી રહ્યાં હતાં. રાત્રિના સમયે તાજિયા ગામમાં ફરતા હતાં. ત્યારે તાજિયાના ઉપરથી પસાર થતો વીજ વાયર નડતાં બેચરી ગામમાં રહેતાં બે યુવકો અજુરુદીન બાબુ ખાન પઠાણ (ઉ.વ.૩૭) અને મોસીનમિયાં અયુબ મિયાં બેલીમ (ઉ.વ.૩૫) લાકડાના બાંબુ લઈને વીજ વાયરને ઊંચો કરતાં હતાં. તે દરમિયાન અચાનક બાંબુમાં વીજ કરંટ ઉતરતાં બંનેને વીજ શૉકનો જોરથી ઝાટકો લાગ્યો હતો. વીજ કરંટના ઝાટકાને લીધે બંને યુવકો નીચે પટકાયા હતાં અને ગંભીર રીતે દાઝી જવા ગયા હતા. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયાં હતાં. સ્થાનિક લોકો દ્વારા બંને યુવકોને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

# રાજપીપળા કોર્ટમાં પ્રવેશ ન આપવા મુદ્દે એડવોકેટ જનરલને પત્ર લખાયો

**રાજપીપળા**

નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે કોર્ટરૂમમાં વકીલોને પ્રવેશતા અટકાવવા બદલ મોટો વિવાદ ઊભો થયો છે. આ મામલે હાઈકોર્ટના વકીલ અને લીગલ સેલના નેતા પુનીત જુનેજાએ એડવોકેટ જનરલને પત્ર લખીને નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવાની માગ કરી છે. જુનેજાએ જણાવ્યું કે, પોલીસે કોર્ટ પરિસરને બંધ કરી દીધું હતું અને વકીલોને તેમના મુવક્કિલ માટે દલીલ કરવા કોર્ટમાં પ્રવેશતા અટકાવ્યા હતા, જે એડવોકેટ એક્ટનો ખુલ્લો ભંગ છે.

વકીલ પુનીત જુનેજાના જણાવ્યા અનુસાર, ગઈકાલે રાજપીપળા કોર્ટમાં વકીલ ગોપાલ ઈટાલિયા અને વકીલ આકાશ મોદીને પોલીસ દ્વારા કોર્ટરૂમમાં પ્રવેશતા રોકવામાં આવ્યા હતા. જુનેજાએ ભારપૂર્વક જણાવ્યું કે, એડવોકેટ એક્ટ હેઠળ કોઈપણ વકીલને તેના મુવક્કિલ માટે દલીલ કરવા માટે કોર્ટમાં પ્રવેશતા રોકી શકાય નહીં.

પુનીત જુનેજાએ તેમના પત્રમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે નર્મદા પોલીસે અદાલત દ્વારા સ્થાપિત નિર્ણયોનું ઉલ્લંઘન કર્યું છે. આ ઘટના માત્ર વકીલોના અધિકારોનું ઉલ્લંઘન નથી, પરંતુ ન્યાયિક પ્રક્રિયામાં પોલીસ

# વાપીના ગીતાનગરથી અમદાવાદનો નકલી પો. કોન્સ્ટેબલ દારૂના જથ્થા સાથે પકડાયો

**વાપી**

વાપીના ગીતનગરથી વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચના કનકસિંહ દયાતર અને ટીમે ગઈકાલે રવિવારે વાપીના ગીતાનગર વિસ્તારમાં રોડ નજીક પોલીસ સબ ઈન્સ્પેક્ટરનો યુનિફોર્મ પહેરી ઉભેલા શખ્સ પર શંકા જતાં તેની પાસે પહોંચી પૂછપરછ કરતા સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસને વધુ શંકા ગઈ હતી. આ શખ્સે પીએસઆઈનો યુનિફોર્મ પહેરેલો અને તેની પાસેથી પોલીસ કોન્સ્ટેબલનો ઓળખ કાર્ડ મળી આવ્યો હતો. જો કે પોલીસે તેની પાસે રહેલી લેધર બેગ અને પ્લાસ્ટિકના કોથળમાં તપાસ કરતા દારૂની 17 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે આ શખ્સ અંગે ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટરના એમટી વિભાગમાં તપાસ કર્યાબાદ નકલી પોલીસ કોન્સ્ટેબલ હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે આરોપી કૃષ્ણરાજ મુળજીભાઈ ગોહિલ (ઉ.વ.46, રહે. શ્યામ દર્શન એવન્યુ, અમદાવાદ)ની ધરપકડ કરી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં તે અમદાવાદ પોલીસ હેડ કવાર્ટસમાં એમટી વિભાગમાં કોન્ટ્રાક્ટપર આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. સિવિલ ડિફેન્સમાં માનદ સેવા આપતો ત્યારથી ખાખી ડ્રેસ હતો. તેણે આ ડ્રેસ પર સબ ઈન્સ્પેક્ટરના યુનિફોર્મ પર લાગતા સ્ટાર તથા ટોપી તેમજ પટ્ટાની બજારમાંથી ખરીદી કરી સબ ઈન્સ્પેક્ટરનો ડ્રેસ તૈયાર કરી યુનિફોર્મ પહેરી દમણ આવ્યો હતો. પોલીસ કર્મીનો આઈકાર્ડ રસ્તામાંથી મળ્યા બાદ સાયબર કાફેમાં જઈ તેના નામનું નકલી ઓળખકાર્ડ બનાવી ઉપયોગ કરતો હોવાની કબૂલાત કરી હતી. દારૂનો જથ્થો અમદાવાદ ઘરે છૂટક વેચાણ માટે લઈ જવાતો હોવાનું જણાવ્યું હતું.

# માંડવી ખાતે રિસાઈને પિયર ગયેલી પત્નીને સમજાવી ઘરે લાવ્યા બાદ ડ્રાઈવર દ્વારા હત્યા

## મહીસાગરનો દિનેશ પત્ની સુમિત્રાનું ગળું દબાવી હત્યા કરી રૂમને તાળું મારી ભાગી ગયો

**બારડોલી**

માંડવી એસ.ટી ડેપોમાં છેલ્લા બે વર્ષથી ડ્રાઈવર તરીકે દિનેશ વેલજીભાઈ ડામોર (મૂળ રહે.ચીતવા, જી.મહીસાગર) નોકરી કરતો છે. દિનેશ ડામોર માંડવીના અંબાજી રોડ ઉપર મકાન ભાડે રાખીને એકલો રહેતો હતો. પત્ની સુમિત્રા (ઉ.વ.૩૮) બાળકો સાથે વતન રહી બાળકોને ભણાવતી હતી. દિનેશ ડામોર એસ.ટી બસમાં માંડવીથી દાહોદ, રૂટ ઉપર નોકરી કરતો હતો. જ્યારે પણ દિનેશ વતન ઘરે રોકાય તે સમયે પત્ની સુમિત્રા સાથે નાની-નાની બાબતે બોલાચાલીનો ઝઘડો કરીને કોઈક વાર હું તને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપતો હતો. બે માસ અગાઉ દિનેશે પત્ની સુમિત્રા સાથે ઝઘડો કરતાં સુમિત્રા પિયર નાદુકણ જી.દાહોદ ચાલી ગઈ હતી. થોડા દિવસ બાદ દિનેશ પત્ની સુમિત્રાને સમજાવીને ઘરે લાવ્યો હતો અને દોઢ મહિનાથી માંડવી ખાતે ભાડાના મકાનમાં રહેવા માટે લાવ્યો હતો. તા.૨૮-૦૬-૨૫ના રોજ સાંજે સુમિત્રાએ મોટા પુત્ર પંકજ સાથે ફોન ઉપર સામાન્ય વાતચીત કરી હતી. ત્યારબાદ દિનેશ બસ લઈ દાહોદ ખાતે જતા ઘરે રોકાયને બીજે દિવસે નીકળી ગયો હતો. બાદમાં પંકજની માતાના ફોન ઉપર વાત ન થતાં પિતા દિનેશને ફોન કરતાં દિનેશે હું સુરત પહોંચી ગયો છું, માંડવી જઈને તારી મમ્મી સાથે વાત કરાવીશ તેમ કહી બાદ દિનેશે ફોન બંધ કરી દીધો હતો. દરમિયાન માંડવી ખાતે દિનેશના મકાનમાંથી દુર્ગંધ આવતી હતી અને બહાર તાળું મારેલું હોય માંડવી પોલીસે રૂમમાં દરવાજો ખોલીને જોતા સુમિત્રાની લાશ દુર્ગંધ મારતી હતી.

# પીધેલા ભાઇને છોડાવવા પોલીસ સ્ટેશનમાં માથું પછાડી કાચ તોડ્યા

## વડોદરામાં માથાભારે સાહિલ અને સાગરિતોનું પરાક્રમ

**વડોદરા**

નવાયાર્ડ અમરનગરની પાછળ કેટલાક લોકો બૂમરાણ મચાવતા હોવાની જાણ થતાં ફતેગંજ પોલીસે સ્થળ પર પહોંચી દારૂના નશામાં છાકટા બનેલા સાજીદ અલી અનવરઅલી રાજ,લુકમાન મહેબૂબ ખાન પઠાણ અને સાહિલખાન નઝીરખાન પઠાણને ઝડપી પાડી કેસ કર્યો હતો. સાજીદઅલીની ધરપકડ વિશે પોલીસે તેના ભાઈ સાહિલ અનવરભાઈ રાજને સત્તાવાર જાણ કરી હતી. જેથી રાતે ૧૦.૪૫ વાગ્યાના અરસામાં સાહિલ રાજ તેના બે મિત્રો ઈરફાન હમીદભાઈ રાઠોડઅને મલેક મહંમદ અનિશ અજમતુલાને લઈ પોલીસ સ્ટેશને આવ્યો હતો. તેણે મહિલા પોલીસ કર્મીની રૂમ પાસે જઈ મારા ભાઈને કેમ પકડી લાવ્યા છો, છોડી દો કહી ધમકી આપી હતી અને પોલીસને અપમાનિત કરી તેના ભાઈને લઈ જવાનો આગ્રહ રાખતાં સ્ટાફે તેને રોક્યો હતો.જેથી તેણે પીઆઈની ચેમ્બર પાસેના અરીસામાં તેમજ ૭ નંબરની રૂમના દરવાજાના કાંચમાં માથું અથાડી કાચ તોડયા હતા. જેથી કપાળે ઈજા થતાં તે લોબીમાં સૂઈ ગયો હતો.

# હજીરા-ઘોઘા રોપેક્ષ જહાજ દરિયામાં ખોટકાઈ ગયું, 245 મુસાફરો ફસાયા

**સુરત**

ભાવનગરના ઘોઘાથી ગઈ કાલે સાંજે ૫.૨૦ કલાકે હજીરા જવા નીકળેલું ઘોઘા-હજીરા રોપેક્ષ સર્વિસનું વોયેજ એક્સપ્રેસ જહાજ ટેકનિકલ ખામીને કારણે દરિયામાં ખોટકાયું હતું. અંદાજે ૨૪૫ મુસાફરોને લઈને નીકળેલું આ જહાજ બે કલાક સુધી દરિયામાં ફસાયેલું રહ્યું હતું, જેને કારણે મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.પ્રાથમિક માહિતી અનુસાર, જહાજ ટર્નિંગ સર્કલમાં અટકી પડયું હતું અને બોયા એન્જિનના પંખામાં સલવાઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ચોમાસાના કારણે દરિયામાં ભારે કરંટ હોવાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. નેવિગેશન બોયાને કારણે વોયેજ એક્સપ્રેસ બે કલાક સુધી દરિયામાં ખોટકાયું હતું અને અનેક પ્રયત્નો કરવા છતાં તે હજીરા તરફ આગળ વધી શક્યું ન હતું.બે કલાકની જહેમત બાદ આખરે ઘોઘા તરફ પાછા વળવાનો નિર્ણય લેવાયો હતો. દરિયામાં કરંટ હોવા છતાં મહામહેનતે ટગની મદદથી જહાજને ખેંચીને જેટી સુધી લાવવામાં આવ્યું હતું. રાત્રે ૧૦.૩૦ કલાકે ૨૪૫ મુસાફરો અને અનેક વાહનો ભરેલું આ જહાજ સહીસલામત ઘોઘા પરત ફર્યું હતું.

# સુરતમાં સમી સાંજે ફિલ્મી દ્રશ્યો: ગોળી મારી સોના અને ચાંદીની લૂંટ, ઘાયલ જ્વેલર્સનું મોત

**સુરત**




સચિન સ્ટેશન વિસ્તારના શ્રીનાથજી જવેલર્સમાં રાત્રિના નવ વાગ્યાના સુમારે ચારથી પાંચ જણા લૂંટ કરવાને ઈરાદે ત્રાટક્યા હતા. લુંટારુઓએ તમંચા જેવા ઘાતક હથિયાર બતાવી દુકાનના માલિક આશિષ રાજપરાને બાનમાં લઈ તમંચાની અણીએ સોના અને ચાંદીના દાગીના એક પોટલામાં ભરાવ્યા હતા. આ દરમિયાન દુકાન માલિક આશિષ મહેશ રાજપરા(ઉ.વ. 40, રહે. રંગઅવધૂત સોસાયટી, સચિન) ને બાનમાં લીધા હતા. ગોકુલધામ વાસી સહિતના રહેવાસીઓએ વિરોધ કર્યો હતો અને લૂંટારુઓને પકડવા કવાયત કરી હતી. જે અંતર્ગત એક લૂંટારાને પકડી લીધો હતો. તેને માર મારતાં તેની હાલત ગંભીર છે. લૂંટારુઓએ ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરતા ગંભીર ઈજા પામેલા આશિષ રાજપરાનું સારવાર દરમિયાન મોત થયું છે. હાલમાં ઘટનાસ્થળે ભાગી છૂટેલા અન્ય ત્રણ લૂંટારુઓને પકડી પાડવા પોલીસે ટીમ બનાવી શોધખોળનો દૌર શરુ કર્યો છે. પોલીસ મળેલી માહિતી મુજબ આરોપીઓ લૂંટને અંજામ આપવા માટે બિહારથી આવ્યા હતા અને સચિનના જ એક વ્યક્તિએ લૂંટ અંગેની ટીપ આપી હતી.

# ભુજના નાગોર પાસે પાણી ભરેલા ખાડામાં ડૂબવાથી બે બહેનના મોત

**ભુજ**

ગુજરાતમાં ભારે વરસાદના પગલે નદીનાળા છલકાયા છે. જેના કારણે ડૂબવાની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે ભુજના નાગોર રેલવે બ્રિજ નજીક પાણીના ખાડા ડૂબવાથી બે સગી બહેનોના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ બંને બહેનોના મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ મોકલ્યા હતા. બીજી તરફ, ભુજના રુદ્રમાતા ડેમમાં એક યુવકનું ડૂબી જવાથી મૃત્યું નીપજ્યું હોવાના ઘટના સામે આવી છે.

ભુજના નાગોર પાસે પાણી ભરેલા ખાડામાંથી આજે (7 જુલાઈ) બપોરના સમયે હમીદાબાઈ અબ્દુલ્લા સમા (ઉ.વ.18) અને અફસાના સમા (ઉ.વ.16) નામની બે સગી બહેનો પાણી ભરવા માટે ગઈ હતી. આ દરમિયાન બંને બહેનો પાણીના ખાડામાં નહાવા પડી હતી. જોકે, ખાડો ઊંડો હોવાથી બંને બહેનો પાણીમાં ડૂબી હતી. પાણીના ઊંડા ખાડામાં બંને બહેનો ડૂબી હોવાની સ્થાનિકોને જાણ



થતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. જેમાં એક કલાકની ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢીને જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. આ દરમિયાન, ભુજના રુદ્રમાતા ડેમમાં એક યુવકનું ડૂબી જવાથી મૃત્યું નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર બનાવને લઈને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા તરફ, સાબરકાંઠામાં નહાવા ગયેલા બે યુવકો તણાયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક યુવક સપ્તેશ્વર નદીમાં તણાયો હતો. જ્યારે વિજયનગરમાં ધોધ પર સેલ્ફી લેવા જતાં યુવક ડૂબ્યો હતો.

# લગ્નના વાયદાથી પ્રેમીએ ફરી જતાં ધ્રોલની યુવતીનો આપઘાત

**જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના ચામુંડા પ્લોટમાં રહેતી મધુબેન ટાભાભાઈ વાઘેલા નામની 32 વર્ષની યુવતિ કે જેને ધ્રોળના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કંટારીયા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો, અને સૌ પ્રથમ લગ્ન કરી લેવાનો વાયદો કર્યો હતો પરંતુ પ્રેમીએ દગો દીધો હતો, અને લગ્ન કરવાનો ઈનકાર કરી દેતાં અને તારે જે કરવું હોય તે કરી લે, મરવું હોય તો મરી જાજે તેમ કહી મરવા માટે મજબુર કરતાં મધુબેને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી. આ બનાવમાં પોલીસે મૃતક યુવતીની માતા લક્ષ્મીબેન ટાભાભાઈ વાઘેલા, કે જેનું નિવેદન નોંધ્યું હતું જેમાં પોતાની પુત્રીને મિલનભાઈ કંટારીયા નામના પ્રેમી અને તેની સાથેની બે મહિલાઓ રેખાબેન રમેશભાઈ ચાવડા તેમજ કંકુબેન દેવજીભાઈ ચાવડા કે જેઓના ત્રાસથી કંટાળીને મધુબેને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું.

# જામનગર પાલિકામાં વિપક્ષનો હલ્લાબોલ મેયરની ઓફિસે લાગાવ્યો ભ્રષ્ટાચારનો હાર






**જામનગર**

જામનગર પાલિકામાં ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ પક્ષ કોંગ્રેસે આજે નવતર રીતે વિરોધ પ્રદર્શન કરીને ભારે હંગામો મચાવ્યો હતો. ગેરહાજર મેયરની કચેરીના દરવાજે આવેદનપત્ર અને ગંદકીના ફોટા ચોંટાડી તેના પર નકલી ચલણી નોટોનું તોરણ લગાવી વિરોધ કરાયો, જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રૂબરૂ નકલી નોટો આપીને "જો પ્રજાના કામ પૈસાથી થતા હોય, તો અમે પણ ભ્રષ્ટાચારના રૂપિયા આપવા તૈયાર છીએ" તેવી ટકોર કરી હતી.

રસ્તાના કામો અને અન્ય વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા છે. આજે કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરોએ મહાનગરપાલિકાની કચેરીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. મેયર ગેરહાજર હોવાથી વિરોધ પક્ષે તેમની કચેરીના દ્વારને નિશાન બનાવ્યું હતું. મેયરની ચેમ્બરના દરવાજે આવેદનપત્ર ચોંટાડવામાં આવ્યું હતું, જેમાં ભ્રષ્ટાચારને કારણે શહેરની કથળી ગયેલી હાલતનો ઉલ્લેખ હતો. આ સાથે, એક પ્રતિકાત્મક સંદેશ આપતા, ડુપ્લીકેટ રૂ. 2,000ની ચલણી નોટોનું તોરણ મેયરની ચેમ્બરના દ્વાર પર લગાવવામાં આવ્યું હતું.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જૂનાગઢના કેશોદમાં પ્રેમલગ્નના 15 દિવસમાં જ વકીલે આપઘાત કરી લેતાં પરિવાર સ્તબ્ધ

**જૂનાગઢ**

જિલ્લાના કેશોદ શહેરમાં પ્રેમલગ્નના માત્ર 15 દિવસમાં જ એક યુવાન વકીલે આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. કેશોદના વતની અને વ્યવસાયે વકીલ એવા યુવાને તાજેતરમાં જ પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નના માત્ર 15 દિવસના ટૂંકા ગાળામાં તેણે આવું પગલું ભરતા પરિવારજનો પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

વકીલ દિવ્યેશકુમારે 15 દિવસ અગાઉ જ તેમણે પ્રેમલગ્ન કર્યા હતા, પરંતુ છૂટાછેડાની વાતો ચાલુ હોવાથી તેઓને લાગી આવ્યું હતું. જેથી ઝેર ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી. યુવકે એક સ્યુસાઈડ પણ લખી હતી, જેમાં તેણે કોઈને પણ જવાબદાર ઠેરવ્યા નથી. જોકે, સાસરીયાના ટોર્ચરથી પુત્રએ આ પગલું ભર્યું હોવાનો પિતાએ આક્ષેપ કર્યો હતો. લગ્ન પછી દંપતી બહાર ફરવા ગયા હતા. જે બાદ ઘરે આવ્યા હતા અને પત્ની તેના પિયરમાં જતી રહી હતી. ત્યારબાદ પત્નીના માતા-પિતા તેના ઘરે રોકી રાખતા હતાં અને કેશોદમાં પતિ પાસે આવવા દેતા ન હતા. પોલીસે મૃતક પાસેથી સ્યુસાઈડ નોટ કબજે કરી હતી. જેમાં યુવકે લખ્યું કે, હું મારી મરજીથી આત્મહત્યા કરું છું. મારા પરિવારજનો, પત્ની, સગા સંબંધીઓ કે મિત્રો કોઈ પણ સામે કાયદેસર કાર્યવાહી ન કરશો. મારા આપઘાત પાછળ કોઈ કારણ કે દબાણ નથી. આ મારો વ્યક્તિત્વ આધારિત નિર્ણય છે. આત્મહત્યા પાછળ કોઈ જવાબદાર નથી.

મૃતકના પિતા વિષ્ણુદાસે જણાવ્યું કે, મારો દીકરો અને તેની પત્ની ખુબ ખુશ હતા. પત્ની પોતાના પિયરમાં ગઈ પછી તેના માતા-પિતા તેને પાછા આવવા દેતા ન હતા. તેઓ મારા દીકરાને ટોર્ચર કરતા હતા, જે સહન ન કરી શકતાં આત્મહત્યાનું પગલું ભર્યું હતું.

# ATMમાં નાણા નહીં ભરી રૂપિયા 31.36 લાખની છેતરપિંડી કરનાર સામે ફરિયાદ

## બંનેએ રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી

**જામનગર**

રાજકોટની એક ખાનગી કંપનીમાં કસ્ટોડિયલ તરીકે ફરજ બજાવતા ભાવિન ભરતભાઈ જોશી કે જે જામનગર શહેરના અલગ અલગ એટીએમ તેમજ ધ્રોળના એટીએમમાં નાણા જમા નહીં કરાવી કુલ 31.36 લાખની છેતરપિંડી કરવા અંગે પોતાની કંપનીના કસ્ટોડિયલ કર્મચારી પ્રકાશ નાથાભાઈ મેરીયા તેમજ કશ્યપ ભરતભાઈ અંકલેશ્વરીયા સામે ફરિયાદ નોંધાવી છે.જામનગરની અલગ અલગ બેંકો કે જેના એટીએમમાં પૈસા જમા કરાવવા ઉપાડવા વગેરેની જવાબદારી ખાનગી કંપનીને સોંપવામાં આવી છે, અને આવી ખાનગી કંપનીના બેક કર્મચારીઓ કે જેઓને કસ્ટોડિયા તરીકે નિમણૂક અપાય છે, બંને આરોપીઓ પ્રકાશ કે જે જામનગર શહેરના લીમડા લઈને રણજીત સાગર રોડ પ્રાર્થના કોલોની સામે આવેલી એસ.બી.આઈ. ની કચેરી નવાગામ ઘેડ અને દરેડની બ્રાન્ચ સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયગાળા દરમિયાન રૂપિયા 31.36 લાખની રકમ જમા નહીં કરાવી પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી હતી.

# હું મંત્રી બનવાને લાયક, પણ મને લાઈનમાં ઊભા રહેતા નથી આવડતું : સોલંકીનું દર્દ છલકાઈ ગયું

## દિકરાના જન્મ દિવસે શક્તિ પ્રદર્શન, ભાજપની વરિષ્ઠ નેતાગીરી સામે નારાજગી

**ભાવનગર**

કોળી સમાજના કદાવર નેતા અને રાજ્યના મંત્રી પરશોત્તમ સોલંકીએ દીકરાના જન્મદિવસની ઉજવણીના નામે શક્તિ પ્રદર્શન કર્યું હતું. જેમાં તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકાર પર પણ પ્રહાર કર્યા હતા. કાર્યક્રમમાં ગેરહાજર રહેવા બદલ ભાવનગરના સાંસદ અને કેન્દ્રિય મંત્રી સામે સરાજાહેર નારાજગી વ્યક્ત કરતાં મુદ્દો ભાજપ અને કોળી સમાજમાં ચર્ચાસ્પદ બન્યો છે. પરશોત્તમ સોલંકીએ ભાજપની વરિષ્ઠ નેતાગીરી સામે ફરી નારાજગી વ્યક્ત કરી હતી. સોલંકીએ પુત્ર દિવ્યેશના જન્મદિન પ્રસંગે શહેરના મેઘાણી ઓડિટોરિયમ ખાતે દિવ્ય સેતુ શીર્ષક હેઠળ પરિસંવાદ યોજાયો હતો. અહીં શક્તિ પ્રદર્શન કરતા સોલંકીએ ભાજપ શાસિત રાજ્ય અને કેન્દ્ર સરકાર પર કટાક્ષ કરતાં કહ્યું કે, હું છ-છ વખત ધારાસભ્ય બનતાં મને મંત્રી બનાવવાની ફરજ પડી છે. આ અનુભવ જોતાં મારું સ્થાન દિલ્હીમાં હોવું જોઈએ અને મને કેન્દ્રીય મંત્રી પદ મળવું જોઈએ. પરંતુ, મને કોઈની આગળ-પાછળ દોડધામ કરતા કે લાઈનમાં ઊભા રહેતા આવડતું નથી એટલે હું ત્યાં નથી. આ તકે તેમણે કાર્યક્રમમાં આમંત્રણ આપવા છતાં ગેરહાજર રહેલાં ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી નિમુબહેન બાંભણિયાને લઈ નારાજગી વ્યક્ત કરી હતી.

# જામનગરમાં મીઠાઈના વેપારી દ્વારા લમણે ગોળી મારી આત્મહત્યા કરાઈ

**જામનગર**

જામનગર શહેરમાં એચ.જે.વ્યાસ મીઠાઈવાલાના નામથી પ્રચલિત મીઠાઈની વેપારી પેઢી ચલાવતા જયંતભાઈ વ્યાસ કે જેના પત્ની ઉમાબેનનું આજથી છ માસ પહેલા વાહનના અકસ્માતમાં ઈજા થયા બાદ સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું, ત્યાર પછી તેઓ ગુમસુમ રહેતા હતા તાજેતરમાં એક સપ્તાહ માટેની સિધ્ધનાથ મહાદેવ મંદિર ની પાસે જ આવેલા બાલનાથ મહાદેવ મંદિરની માનતા માની હતી, અને પ્રતિદિન એક રીક્ષામાં વહેલી સવારે બેસીને તેઓ દર્શનાર્થે જતા હતા. આજે માનતા પુરી કરવાનો અંતિમ દિવસ હતો અને રીક્ષાચાલકને પણ ત્યાંથી જતા રહેવાનું કહ્યું હતું, અને પોતે રોકાયા હતા. ત્યારબાદ કોઈ કારણસર લમણામાં ગોળી જીકી દીધી હતી. જે ધડાકો સંભળાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા, અને તેઓને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, પરંતુ ત્યાં તેઓને સારવાર મળે તે પહેલાં મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવને લઈને જામનગર શહેરના વેપારી આલમમાં ભારે શોક છવાયો છે.

# બગડેલી જણસની નુકસાની વસૂલવા મહુવા યાર્ડના એજન્ટનું અપહરણ

**ભાવનગર**

મહુવા માર્કેટિંગ યાર્ડના કમિશન એજન્ટ તુષારભાઈ જોષીને અમરેલીના મોટા મુંજીયાસર ગામના ઘનશ્યામભાઈ વઘાસિયા સાથે વર્ષ-૨૦૨૧થી વ્યાપારિક મુલાકાત થઈ હતી.

આ દરમિયાન તુષારભાઈ મારફત ઘનશ્યામભાઈએ રૂ.૬૦ લાખની કિંમતના ડુંગળી, આદુ અને ગાજર અલગ-અલગ ત્રણ કોલ્ડ સ્ટોરેજમાં મુકાવ્યા હતા, કમિશન એજન્ટે ધ્યાન દોર્યું હોવા છતાં કોઈ દિવસ તેઓ પોતાની જણસ જોવા ગયા ન હતા. જો કે,આ સમય દરમિયાન જણસ પડી-પડી બગડી ગઈ હતી. આ દરમિયાન તેમણે કોલ્ડ સ્ટોરેજનું ભાડું પણ નહી ચુકવતા કોલ્ડ સ્ટોરેજવાળાએ તેમનો માલ બારોબાર વેચી દીધો હતા. આ નુકસાનની ભરપાઈ કરવા ઘનશ્યામભાઈ અવારનવાર કમિશન એજન્ટને ધાક ધમકી આપી હતી.જે બાદ ગત શનિવારે રાત્રિના મહુવા દિપક સોસયટી નજીકથી ઘનશ્યામ, કમલેશ ભાલીયા વગેરેએ તુષારભાઈનું અપહરણ કરી ગયા હતા. અને ત્યાં તેમને માર મારી મુંજીયાસર ગામે ઘનશ્યામ ની વાડીએ લઈ જઈ ઓરડીમાં બેસાડી દીધાં હતા. જે બાદ પૈસા માટે ઘરે જાણ કરતા તેમની પત્નીએ પોલીસને જાણ કરતાં મહુવા પોલીસે તેમને છોડાવ્યા હતા.

# રાજકોટમાં એકલા રહેતા વૃધ્ધની ઘાતકી રીતે હત્યા બાદ લાશ સળગાવી નાખી

## બનાવને આત્મહત્યામાં ખપાવવા હત્યારાએ લાશ સળગાવી નાખ્યાનું પોલીસનું તારણ

**રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં શાંતિનગરના ગેઈટ સામે આવેલા મોમાઈનગર શેરી નં.૩ મફતિયાપરામાં એકલા રહેતાં મનસુખભાઈ આણંદજીભાઈ ટાંકની ગઈકાલે રાત્રે માથામાં બોથડ પદાર્થનો ઘા ઝીંકી, ઘાતકી રીતે હત્યા નિપજાવ્યા બાદ, લાશને સળગાવી દેવાયાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે. જો કે મનસુખભાઈની કોણે અને કયા કારણસર હત્યા કરી તે વિશે પોલીસને




કોઈ માહિતી મળી નથી. ભેદ ઉકેલવા માટે ગાંધીગ્રામ-૨ પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમોએ પણ તપાસમાં ઝુકાવ્યું છે. હત્યાનો ભોગ બનનાર મનસુખભાઈના પત્ની ચતુરાબેન પાંચેક વર્ષ પહેલાં બિમારી સબબ મૃત્યુ પામ્યા હતા. જયારે પુત્ર સંજયે ૨૫ વર્ષ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. ત્રણ પુત્રીના લગ્ન થઈ ગયા છે. હાલમાં મનસુખભાઈ એકલા રહેતા હતા. ગઈકાલે રાત્રે સાડા દસેક વાગ્યે તેમના મકાનમાંથી ધુમાડા નિકળતા જોઈ પાડોશીઓએ નજીકમાં રહેતાં તેમના સગા-સંબંધીઓને જાણ કરી હતી. જેથી તમામ દોડી આવ્યા હતા. આવીને જોયું તો મનસુખભાઈ મૃત હાલતમાં પડયા હતા. માથામાં ઈજાના નિશાન હતા.

# સુરેન્દ્રનગરમાં 8થી વધુ વિદ્યાર્થિની દ્વારા આચાર્ય સામે છેડતીની ફરિયાદથી હોબાળો

**જામનગર**

દસાડા તાલુકાની સડવા પ્રાથમિક શાળામાં છેલ્લા 8-10 વર્ષથી ફરજ બજાવતા આચાર્ય હરીશકુમાર પ્રજાપતિ દ્વારા શાળામાં અભ્યાસ કરતી અલગ-અલગ ધોરણની વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વાલીઓ આચાર્ય પર આોપ લગાવી શાળાએ એકઠા થયા હતા અને શાળાએ હોબાળો મચાવ્યો હતો. ભોગ બનનાર વાલીઓના જણાવ્યા મુજબ, આચાર્ય દ્વારા ધોરણ-6 થી 8માં અભ્યાસ કરતી અંદાજે 8 થી વધુ વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કરવામાં આવી છે. તેમજ આ અંગે વિદ્યાર્થીનીઓ જો ઘરે વાલીને જાણ કરશે તો નાપાસ કરવાની અને સ્કૂલમાંથી કાઢી મૂકવાની પણ ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે.

# રાજકોટમાં પતિ સામે મહિલાની હત્યા કરનાર પૂર્વ પ્રેમીને આજીવન કેદની સજા

## તમંચામાંથી ફાયરિંગ કરી સવિતાબેનની હત્યા થઈ હતી

**રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર પંચાયતનગરમાં આવેલા રવિ પાર્કમાં રહેતા પંકજભાઈ ચાવડા ગઈ તા. ૨૭-૭-૨૦૨૧ના રોજ બપોરે પત્ની સવિતાબેન સાથે જમતા હતા ત્યારે ત્યાં ધસી આવેલા પૂર્વ પ્રેમી આકાશ રામાનુજ મોરીયા (ઉ.વ.૩૦, રહે. ગોરખપુર, ઉત્તરપ્રદેશ)એ તમંચામાંથી ફાયરિંગ કરી સવિતાબેનની હત્યા નિપજાવી હતી.

આ કેસમાં આરોપીને એડીશ્નલ સેશન્સ જજ એ.કે. શાહે તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફરમાવી છે.આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

તપાસના અંતે પોલીસે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. આ કેસ ચાલવા પર આવતા બચાવ પક્ષે એવી તકરાર લીધી હતી કે હત્યાનો બનાવ અલગ સમયે બન્યો છે. આ બનાવમાં પતિએ હત્યા કર્યાનું કે મૃતકે આત્મહત્યા કર્યાનું જણાઈ આવે છે. જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવો જોઈએ.

# ધ્રાંગધ્રાના જીવા ગામે અલગ-અલગ જ્ઞાતિના બે જૂથ વચ્ચે ધીંગાણું બાદ ફાયરિંગ

**સુરેન્દ્રનગર**

જીવા ગામે રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા ફરિયાદી રમેશભાઈ સનાભાઈ લાકડીયા ભરવાડ અને તેમનો પુત્ર મફાભાઈ જીવા બાવળી ગામની સીમમાં પોતાના પશુઓ ચરાવીને પરત આવી રહ્યાં હતા. તે દરમ્યાન પ્રદિપસિંહ ઝાલા સહિત ૯ શખ્સોએ કારમાં આવી રમેશભાઈને પશુઓ રોડની સાઈડમાં રાખવાનું અને રોડ ફરિયાદીના બાપનો નથી તેમ જણાવી મફાભાઈને ગાળો આપી હતી. રમેશભાઈએ દિકરાને માર્કેટમાંથી બચાવી ઘરે લાવ્યા બાદ તમામ શખ્સો પાછળથી કાર લઈ ફરિયાદીના ઘર પાસે આવ્યા હતા. જ્યાં બંદૂક વડે ફાયરિગ કર્યું હતું અને રમેશભાઈના પરિવારજન ભીમાભાઈ લાકડીયાને માર્યો હતો. જેમાં સામાપક્ષે પણ મારપીટ કરી હતી.

સ્વદેશ



## આલિયાના ખાતામાંથી લાખોની હેરાફેરી કરનાર પૂર્વ પીએની ધરપકડ

મુંબઇ । આલિયા ભટ્ટની પર્સનલ આસિસ્ટન્ટ રહી ચૂકેલી વેદિકા પ્રકાશ શેટ્ટીની મુંબઇની જૂહુ પોલીસે ધરપકડ કરી છે. વેદિકા પર ભટ્ટ પ્રોડક્શન અને આલિયા ભટ્ટના બેન્ક ખાતામાંથી લાખોની હેરાફેરીનો આક્ષેપ છે. પોલીસ કેસની તપાસ કરી રહી છે. આલિયા ભટ્ટ કે તેની ટીમ તરફથી આ કેસમાં હજી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. આલિયા ભટ્ટે વર્ષ ૨૦૨૧માં આલિયાનું પ્રોડક્શન હાઉસ ઇટર્નલ સનશાઇન પ્રોડક્શન પ્રાઇવેટ લિમિટેડ લોન્ચ કર્યું હતું.

## કેનેડામાં કપિલ શર્માના કાફે પર ફાયરિંગ, ગત અઠવાડિયે જ થયું હતું ઓપનિંગ



કોમેડિયન કપિલ શર્માને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. કેનેડામાં કપિલ શર્માના કાફેમાં Kap's પર 10થી 12 રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું છે. આશ્ચર્યજનક વાત એ છે કે કપિલનો આ કાફે થોડા દિવસ પહેલા જ ખુલ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ શેર કરવામાં આવી રહ્યો છે. વીડિયોમાં એક વ્યક્તિ કારમાંથી રાત્રે કાફેની બારીઓ પર ફાયરિંગ કરતો જોવા મળી રહ્યો છે. તે વ્યક્તિ કારમાં છે અને આ વીડિયો પણ ત્યાંથી જ બનાવવામાં આવ્યો છે. હુમલા બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જો કે, આ સમગ્ર દુર્ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. બીજી તરફ કપિલ કે ગિન્ની તરફથી તેના પર કોઈ સ્ટેટમેન્ટ જાહેર કરાયું નથી.

## તુલસી વિરાણીની રી-એન્ટ્રી : સ્મૃતિના ફર્સ્ટ લૂકવાળો પ્રોમો રિલીઝ થયો



**મુંબઈ ।** ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીઝની આઇકોનિક વહુ તુલસી વિરાણી ફરી એક વાર પરદા પર પાછી આવી છે; એટલે કે, ૨૫ વર્ષ પછી સ્મૃતિ ઈરાની પોતાના સૌથી ચર્ચિત પાત્રમાં પાછી ફરી છે. ક્યાંકિ સાસ ભી કભી બહુ થી-૨ના તાજેતરમાં જ રિલીઝ થયેલા પ્રોમો અને ફર્સ્ટ લૂકે સોશિયલ મીડિયામાં ખળભળાટ મચાવી દીધો છે. જોકે, આ વખતે ક્યોંકિ સાસ ભી કભી બહુ થી-૨ ટીવી પર નહીં, પરંતુ ઓટીટી પ્લેટફોર્મ જિયો હોટસ્ટાર પર સ્ટ્રીમ કરવામાં આવશે. પ્રોમોમાં સ્મૃતિ ઈરાની તુલસી વિરાણીના અંદાજમાં ફરી એક વાર તુલસીને જળ ચડાવતી જોવા મળી. વર્ષો પછી આ અંદાજ જોઈને તેના ફેન્સ ખુશ થઈ ગયા. મેકર્સે જે પ્રોમો શેર કર્યો છે તેમાં જણાવાયું છે કે ૨૯ જુલાઈથી રાત્રે ૧૦-૩૦ વાગ્યે શો બતાવવામાં આવશે. આ પ્રોમો અંગે એક યૂઝરે લખ્યું કે, બાળપણ પાછું આવી ગયું.ટીવી પરદે તુલસીની વાપસીથી ઇન્ટરનેટ પર રસપ્રદ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

# બોલિવૂડમાં ૧૨-૧૨ કલાક કામ કર્યું : રશ્મિકા



મુંબઈ : ફિલ્મી દુનિયામાં ઘણી વાર એવા મુદ્દા આવી જાય છે જેના પર સેલેબ્સ અલગ અલગ મતંવ્ય ધરાવતા હોય છે. આજકાલ આઠ કલાકની શિફ્ટના મુદ્દે ડિબેટ ચાલી રહી છે, જેની શરૂઆત દીપિકા પાદુકોણથી થઈ હતી. તેણે ફિલ્મ સ્પિરિટ માટે આઠ કલાકની શિફ્ટની માગ કરી હતી, જેના કારણે કથિત રીતે તેને ફિલ્મમાંથી કાઢી મુકાઈ હતી. આ મુદ્દે હવે રશ્મિકા મંદાનાએ રિએક્શન આપ્યું છે. તેણે કહ્યું કે, તે લોંગ શૂટ માટે તૈયાર છે. રશ્મિકાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ૮ કલાકની શિફ્ટ અંગે પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. તેણે કહ્યું કે, સાઉથ સિનેમામાં ૮ કલાકની શિફ્ટ હોય છે, જ્યારે બોલિવૂડમાં તેણે ૧૨-૧૨ કલાક કામ કર્યું છે. જોકે, તે લોન્ગ શૂટ કરવા માટે તૈયાર છે. તમારી પર્સનલ ચોઈસ છે. હું ઈન્ડસ્ટ્રીમાં કામ કરું છું, જેમ કે, સાઉથ-તેલુગુ, કન્નડ કે તમિળ, જેમાં સવારે ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી કામ કરીએ છીએ. હિન્દી ફિલ્મમાં તે સવારે ૯ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધીની શિફ્ટ છે. રશ્મિકાએ કહ્યું કે, હું બંને માટે તૈયાર છું, કેમ કે, મારી ફિલ્મની એ જ જરૂરિયાત છે. કેટલીક ફિલ્મો સવારે ૯થી રાતના ૯ વાગ્યા સુધી શરૂ કરી શકો છો, પરંતુ તે બીજા દિવસ સુધી ચાલે છે, તેથી તમે ૩૬ કલાક કામ કરતા હો છો.

## નયનતારાને ડોક્યુમેન્ટરી માટે પાંચ કરોડની વધુ એક નોટિસ



મુંબઈ : નયનતારાને તેની જીવનકથા કહેતી ડોક્યુમેન્ટ્રી 'નયનતારાઃ બિયોન્ડ એ ફેરી ટેલ' માટે પાંચ કરોડ રુપિયાની વધુ એક નોટિસ અપાઈ છે. અગાઉ ધનુષે નયનતારા પર કોપીરાઈટ ભંગ બદલ નોટિસ ફટકારી હતી. હવે ૨૦૦૫ની હિટ ફિલ્મ 'ચંદ્રમુખી'ના નિર્માતાઓએ તેમની ફિલ્મના ફૂટેજના ઉપયોગ તેમની અનુમતિ વગર ડોક્યૂમેન્ટ્રીમાં ઉપયોગમાં લેવાયા મુદ્દે કાનૂની દાવો માંડતાં મદ્રાસ હાઈકોર્ટે નયનતારાને નોટિસ આપી છે. નોટીસમાં દાવો કરવામાં આવ્યો છે કે, નિર્માતાઓ અને સ્ટ્રીમિંગ દિગ્ગજોએ કોઈ પણ જાતની મંજૂરી અથવા તો લાયસન્સ વગર ફિલ્મના ફૂટેજનો ઉપયોગ કર્યો ઉપરાંત યૂ ટયૂબ પર ઉપલબ્ધ ફૂટેજનો ઉપયોગ કર્યો છે.



## નેહા કક્કડનું વિચિત્ર ડ્રેસિંગ, ટોપ ઉપર બ્રા પહેરવાને કારણે ટ્રોલ થઈ

મુંબઈ : નેહા કક્કડ પોતાના સિંગિંગની સાથે ફેશન અને અલગ સ્ટાઈલ માટે પ્રખ્યાત છે. સિંગર ઘણી વાર પોતાના ફેન્સને ફેશનથી પ્રભાવિત કરતી રહી છે, પરંતુ આ વખતે તેના નવા આઉટફિટ અને લૂકે ફેન્સને નિરાશ કર્યા છે. નેહા કક્કડ આ વખતે પોતાના આઉટફિટના કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહી છે. હકીકતમાં, નેહાએ પોતાની બેંગ્લુરુ કોન્સર્ટ પહેલાંની તસવીરો શેર કરી છે. તેમાં તેણે વ્હાઈટ ટોપની ઉપર આસમાની બ્રા પહેરી છે અને ડબલ પેન્ટ્સ પહેર્યાં છે. સિંગરના કેટલાક ફેન્સને તો આ લૂક ગમ્યો છે, પરંતુ એવા ઘણા યૂઝર્સ છે જેમણે તેની આ ફેશન માટે ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. તાજેતરમાં જ નેહાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાની તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સિંગર વ્હાઈટ ટોપની ઉપર આસમાની રંગની બ્રા પહેરેલી જોવા મળે છે. તેણે બ્લૂ ટ્રેક પેન્ટની ઉપર ગ્રે પેન્ટ પહેર્યું છે. નેહા પોતાના આ વિચિત્ર આઉટફિટના કારણે ટ્રોલ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં નેહા કક્કડ વિવાદમાં રહી હતી. સિંગર પર મેલબર્ન કોન્સર્ટમાં મોડા પહોંચવાનો આરોપ થયો હતો. નેહાએ સ્પષ્ટતા કરતાં આયોજકો સામે જ સવાલ કરી દીધા હતા.









### ગુજરાતમાં નઘરોળ તંત્રને પાપે 18 જીંદગી ડુબી

# ગંભીરા દુર્ઘટના : ભ્રષ્ટ નીતિએ ભરોસાનો પુલ ફરી તોડ્યો

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

વડોદરાનાં પાદરા નજીક 1985માં બનેલો અને ભરૂચ તથા મધ્ય ગુજરાતના લોકોને સૌરાષ્ટ્ર જવા મહત્વનો ગંભીરા ગામ પાસે મહિસાગર નદી પર બનેલા બ્રિજનો એક સ્પાન 9 જુલાઈ 2025ના રોજ વહેલી સવાર ધડાકાભેર તૂટી પડતા સાત વાહનો નીચે ખાબક્યા હતા. આ દુર્ઘટનાને પગલે આખા રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. કારણ કે, હસતી રમતી 18 માનવજીંદગીનો પણ આ ઘટનામાં અકાળે અંત આવ્યો છે.



ઘટનાના બે કલાકમાં જ વાયરલ એક વીડિયોએ તો સૌને હચમચાવી નાંખ્યા હતા. પુલ પરની વાહન સાથે નીચે નદીમાં ખાબકેલી અને પાણીમાં આંક્રદ કરતી મહિલા તેના પુત્રને બચાવવા માટે લાંબા સમય સુધી કરગરતી રહી હતી. પરંતુ સરકારી તંત્ર કે અન્ય કોઈ તેની મદદ કરવા પહોંચી શક્યું ન હતુ. ઘટના સ્થળની સ્થિતિ એટલી ભયંકર હતી કે, નદીનાં પટમાં કાદવ હોવાથી રેસ્ક્યુ કરવામાં મુશ્કેલી પડી. ખાબકેલા વાહનો સુધી પહોચવા માટે પણ માટીનો બ્રિજ બનાવવાની નોબત આવી હતી. એટલે કે નદીમાં પડેલા વાહનો કે લોકો સુધી પહોંચવામાં જ કલાકો નીકળી ગયા હતા. દુર્ઘટના સ્થળે બચાવ રાહત કામગીરી માટે સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ બોટ્સ અને તરવૈયાઓ સાથે NDRFના જવાનો પણ કામે લાગ્યા હતા.

સૌપ્રથમ તો બે કે ત્રણના મોતની વાતો કરતું તંત્ર બપોર સુધીમાં 7 ઉપર પહોંચ્યું હતુ અને મોતનો આંકડા વધુ હોવાનું પણ સ્પષ્ટ થઈ ગયું હતુ. જેને પગલે આખા રાજ્યમાં તંત્ર સામે રોષ વધતો ગયો હતો. ઘટના પગલે મુખ્યમંત્રીએ રાબેતા મુજબ દુ:ખ વ્યક્ત કર્યું અને તપાસના આદેશ આપ્યા હતા. બ્રિજ દુર્ઘટના બાદ સરકાર દ્વારા ૬ લોકોની તપાસ કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટી બ્રિજુ તૂટી પડવાના કારણો, ક્ષતિ અને બેદરકારી અંગે તપાસ કરશે. તેમજ ગંભીરા બ્રિજ અકસ્માતનો તાત્કાલિક પ્રાથમિક અહેવાલ કમિટી રજૂ કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઘટનાને સહજતાથી લીધી હોય તેમ લખ્યું હતું કે 'આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના 23 ગાળા પૈકીનો 1 ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુ:ખદ છે. આ સાથે જ તેમણે અસરગ્રસ્ત પરિવારને 4 લાખની સહાય આપવાની વાત કરી છે. એટલે એક ગાળો તૂટ્યો અને બાકીનો પુલ બરાબર છે તેવો સંદેશ સીએમ આપતા હોય તેમ જણાય છે. હવે આખી ઘટનામાં સીધી રીતે જ સરકારી તંત્રની બેદરકારી અને ભ્રષ્ટ નીતિ જ જવાબદાર જણાય છે. કારણ કે, પુલની જર્જરિત હાલત અંગે આજથી 3 વર્ષ પહેલાંથી વ્યાપકપણે ફરિયાદો ઉઠી હતી. આ અંગે વડોદરા જિલ્લા પંચાયતના સદસ્ય હર્ષદસિંહ પરમારે 22-5-2023ના રોજ જિલ્લા કલેકટર તથા માર્ગ મકાન વિભાગને લેખિત ફરિયાદ આપી હતી. જેને પગલે 5-8-23ના રોજ કલેકટરે માર્ગ મકાન ખાતાને પત્ર પાઠવીને પુલની સ્થિતિનો ક્યાસ કાઢવા તાકીદ કરી હતી. આ ઉપરાંત લખમ દરબાર નામના વિસ્તારના સામાજિક કાર્યકરે વારંવાર તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતોથી ઢંઢોળવા પ્રયાસ કર્યો હતો. આ રજૂઆતો બાદ છેક અઢી વર્ષે તંત્રએ આળશ ખંખેરી, પરંતુ તેમાં પણ લાલિયાવાડી જ ચલાવાઈ. ગયા વર્ષે જૂનમાં જ દુર્ઘટનાગ્રસ્ત ગંભીરા બ્રિજના સમારકામ ૧.૧૮ કરોડના ખર્ચે કરાયું હતું. માર્ગ મકાન વિભાગે આ કામગીરી સુરતની ધ્રુવિન પી.પટેલ એજન્સીને આપી હતી. આ એજન્સીએ બ્રિજની પેરાપિટ તેમજ બ્રિજ પર રિસરફેસિંગની કામગીરી જુલાઈ ૨૦૨૪ સુધી પૂર્ણ કરી હતી. આ ઉપરાંત આ વર્ષે પણ ચોમાસામાં બ્રિજ ઉપર તેમજ એપ્રોચ રોડ પર મોટા મોટા ખાડા પડી જતા તેને પૂરવામાં આવ્યા હતા. ગયા વર્ષે જ કન્સલ્ટન્ટ દ્વારા સ્થળની વિઝિટ કરવામાં આવી હતી. જે દરમિયાન વિયરિંગ કોટ કરાવવાની જરૂર હોવાનું સૂચન થયું હતુ. પરંતુ બ્રિજના સ્ટ્રક્ચરને લગતું કોઈ સજેશન આપવામાં આવ્યું ન હતુ. બીજી તરફ પુલની હાલત દિવસે દિવસે વધુને વધુ જર્જરીત થવા માંડી હતી. અને આખરે ગત બુધવારે તેનો એક સ્પાન તૂટી પડ્યો હતો. દુર્ઘટનામાં આટલા મોત પછી પણ માર્ગ મકાન ખાતાના ઈજનેરે સ્થળ પર આવી મીડિયા સમક્ષ ગાણું ગાયું કે, ગત વર્ષે જ બ્રિજનું સમારકામ કરાયું હતુ અને તે ટ્રાફિકેબલ હતો. ઈજનેર આટલેથી પણ અટક્યા ન હતા અને સરકારની ભાષા બોલતા હોય તેમ નવા બ્રિજ માટે 3 મહિના પહેલાં જ 212 કરોડ મંજૂર થયાનું રટણ કરવા માંડ્યા હતા. જ્યારે હકીકત એ હતી કે, આ પુલનો સ્ટેયબલિ રિપોર્ટ નેગેટિવ હતો. સામાન્ય લોકોને પુલની સ્થિતિનો અંદાજ આવતો હતો પરંતુ સરકારી અધિકારીઓ કે ખુદ સરકારને તેની સમજ પડતી ન હતી.

હકીકતમાં ગુજરાતમાં ગંભીરા બ્રિજ દુર્ઘટના પહેલી નથી. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં 17 જેટલા પુલ તેની જાળવણી નહીં થતાં કે પછી કામગીરીમાં થયેલી લાલિયાવાડીને કારણે તૂટી પડ્યા છે. આ ઘટનામાં 175 જેટલી માનવ જિંદગીઓનો અંત આવ્યો છે. આમ છતાં નઘરોળ તંત્ર કે સરકારની ભ્રષ્ટ નીતિમા કોઈજ સુધારો આવ્યો નથી. ગંભીરા બ્રિજ દુર્ઘટના પહેલાં જુન 2025માં બોટાદના જનડા ગામમાં પાટલિયા નદી પર માત્ર ત્રણ વર્ષ પહેલાં લાખો રૂપિયાના ખર્ચે બનેલો પુલ ધોધમાર વરસાદને કારણે ધોવાઈ ગયો હતો. જ્યારે 5 નવેમ્બર 2024ના કોડ આણંદ જિલ્લામાં મહીસાગર નદી પાસે નિર્માણાધીન બુલેટ ટ્રેન બ્રિજનું કામચલાઉ માળખું ધરાશાયી થઈ જતા ત્રણ કામદારોના મોત થયા હતા. 2024ના ઓગષ્ટમાં જ ભારે વરસાદને કારણે બોડેલી અને છોટાઉદેપુરને જોડતો લગભગ 50 વર્ષ જૂનો પુલ તૂટી પડ્યો હતો. પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, તે જ વર્ષે 27 ઓગષ્ટે ચોટીલાના હબિયાસર ગામ પાસેનો પુલ અને મોરબીના હળવદમાં એક વર્ષ પહેલાં બનાવવામાં આવેલો પુલ જમીનદોસ્ત થયો હતો. સરકાર કે તેના તંત્રને આવી સ્થિતિથી ફરક પડતો ન હતો. અને સુરત શહેરમાં 30 જુલાઈ 2024ના રોજ ઉદ્ઘાટન પહેલાં જ મેટ્રોના પુલનો પીલર નમી પડ્યો હતો.

આ પહેલાં ફેબ્રુઆરી 2024માં જ મહેસાણાના આંબેડકર બ્રિજમાં ગાબડું પડ્યું હતુ. જ્યારે 2023માં 23મી ઓક્ટોબરે પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી જતા રિક્ષાચાલકનું મોત થયું હતું. આ પહેલાં 2023માં મોરબી શહેરમાં મચ્છુ નદી પર બનેલો ઝૂલતો પુલ તૂટી જતા 141 લોકો મોતને ભેટ્યા હતા. મોરબી ઝુલતા પુલ દુર્ઘટના મામલે ગુજરાત હાઈકોર્ટે દખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર પાસેથી રાજયના તમામ બ્રિજના ઈન્સ્પેકશન, તેની સ્થિતિ સહિતનો વિગતવાર રિપોર્ટ અગાઉ માંગ્યો હતો, જેમાં રાજય સરકારે રાજયના તમામ બ્રિજના નિરીક્ષણ સહિતની વાત જણાવી લગભગ તમામ બ્રિજ યોગ્ય સ્થિતિમાં એટલે કે, સબ સલામત હોવાનો દાવો કર્યો હતો. પરંતુ ગાંભેરાની ઘટના સાથે સરકારના આ દાવા અને ખુદ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આપેલી ખાતરી ખોટી અને અદાલતને ગેરમાર્ગે દોરનારી અને પોકળ સાબિત થઈ છે. ખુદ હાઈકોર્ટે સરકારને રાજયના તમામ બ્રિજનું ઈન્સ્પેકશન કરીને રિપોર્ટ તૈયાર કરવા કહ્યું હતું. છતાં સરકારે તે અંગે ગંભીરતા દાખવી ન હતી. તેથી આજની ઘટના બાદ હાઈકોર્ટે સરકારને હવે કોઇ વ્યકિતને આવી ઘટનામાં જીવન ના ગુમાવવુ પડે તેવી સરકારને ટકોર કરવી પડી છે. ગુજરાતમાં 28 વર્ષથી ભાજપનું શાસન છે એટલે હવે ભાજપીઓ બીજી સરકારને દોષ દઈ શકે તેમ નથી. રાજ્યમાં રોડ પુલ સહિતની સુવિધા કે વ્યવસ્થા કરવાની જવાબદારી સીધી સરકારની જ છે. પરંતુ દરેક ચૂંટણીમાં મળી રહેલી પ્રચંડ બહુમતિને કારણે ભાજપ સત્તાધીશો હવે મનસ્વીરીતે બિનસંવેદનશીલતાથી શાસન કરી રહ્યા છે. રાજ્યમાં બનતી અનેક ઘટનાઓ તેની સાબિતી આપી રહી છે.

**મોરબીની ઘટના બાદ પુલ અને રસ્તાની સ્થિતિ તપાસવા હાઈકોર્ટે આદેશ આપ્યા, પરંતુ સરકાર ઈન્સપેકશન કરાવાની વાતો સુધી સિમિત રહી ગઈ, ત્રણ વર્ષથી ગંભીરા બ્રિજ જર્જરિત બન્યાની વ્યાપક ફરિયાદોને સત્તાના નશામાં ચૂર અધિકારી કે સરકારે ગણકારી નહીં**

# શક્તિશાળી રક્ષણાત્મક પ્રતીક એટલે ફેંગશુઈ ગેંડો

ફેંગશુઈ એ ચીનની એક પ્રાચીન કલા અને વિજ્ઞાન છે, જે વાતાવરણમાં સકારાત્મક ઊર્જા (ચી - Chi)નો પ્રવાહ વધારીને જીવનમાં સુમેળ અને સમૃદ્ધિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ફેંગશુઈમાં વિવિધ પ્રતીકો અને વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં ગેંડો એક શક્તિશાળી રક્ષણાત્મક પ્રતીક તરીકે ઊભરી આવે છે. ગેંડો તેનાં કદ, શક્તિ અને અડગ સ્વભાવ માટે જાણીતો છે અને ફેંગશુઈમાં તે નકારાત્મક ઊર્જા, ચોરી, દુર્ઘટનાઓ અને દુશ્મનાવટથી રક્ષણ પૂરું પાડનાર માનવામાં આવે છે.



### ગેંડાનું મહત્ત્વ અને પ્રતીકાત્મકતા

ફેંગશુઈમાં ગેંડાને સામાન્ય રીતે નીચેના ગુણો સાથે જોડવામાં આવે છે -

**રક્ષણ અને સુરક્ષા :** ગેંડો અત્યંત શક્તિશાળી અને પ્રભાવશાળી પ્રાણી છે. તે પોતાના વિસ્તાર અને પોતાના પરિવારનું રક્ષણ કરવા માટે જાણીતો છે. ફેંગશુઈમાં ગેંડાની મૂર્તિ કે ચિત્રનો ઉપયોગ ઘર અથવા વ્યાવસાયિક સ્થળને ચોરી, લૂંટફાટ, છેતરપિંડી અને અન્ય બહારનાં જોખમોથી બચાવવા માટે થાય છે.

**અડગતા અને દૃઢતા :** ગેંડો પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ અને દૃઢ હોય છે. તે પોતાના માર્ગમાં આવતી કોઈ પણ મુશ્કેલીથી ડરતો નથી. આ ગુણધર્મ તેને વ્યવસાયમાં પડકારોનો સામનો કરવા અને સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપે છે.

**નકારાત્મક ઊર્જાનો નાશ :** ફેંગશુઈ અનુસાર ગેંડો `શાર ચી' (Shar Chi) એટલે કે નકારાત્મક અથવા હાનિકારક ઊર્જાને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને જ્યારે ઘરની બહારથી કોઈ તીક્ષ્ણ કે ખૂણિયાવાળી વસ્તુની નકારાત્મક ઊર્જા ઘરમાં પ્રવેશતી હોય, ત્યારે ગેંડાનું પ્રતીક તેને અવરોધે છે.

**મહત્ત્વાકાંક્ષા અને સફળતા :** તેની શક્તિ અને દૃઢતાને કારણે ગેંડાને મહત્ત્વાકાંક્ષા અને કાર્યક્ષેત્રમાં સફળતાનું પ્રતીક પણ માનવામાં આવે છે. તે લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

### ગેંડાનો ઉપયોગ કેવી રીતે કરવો?

ગેંડાની મૂર્તિ અથવા ચિત્રનો ઉપયોગ ઘર કે ઓફિસમાં યોગ્ય દિશામાં કરવાથી તેના સકારાત્મક પ્રભાવો પ્રાપ્ત કરી શકાય છે. સામાન્ય રીતે ચિત્રમાં વાદળી રંગના ગેંડાને વધુ શુભ માનવામાં આવે છે, કારણ કે વાદળી રંગ રક્ષણ અને શાંતિ સાથે જોડાયેલો છે.

### ચોરી અને લૂંટફાટથી બચાવવા :

જો તમને ચોરી કે લૂંટફાટનો ડર હોય, તો ગેંડાની મૂર્તિને મુખ્ય દરવાજાની સામે અથવા મુખ્ય દરવાજાની અંદરની બાજુ દરવાજા તરફ મોઢું રાખીને મૂકો.

તેને ઘરની પશ્ચિમ દિશામાં પણ મૂકી શકાય છે, કારણ કે પશ્ચિમ દિશા સુરક્ષા અને ધાતુ તત્ત્વ સાથે સંબંધિત છે.

તેને એવી જગ્યાએ મૂકો જ્યાં તે સ્પષ્ટપણે દેખાય અને બહારથી આવતી નકારાત્મક ઊર્જાને રોકી શકે.

### વ્યવસાયમાં સુરક્ષા અને સફળતા

વ્યાવસાયિક સ્થળ અથવા ઓફિસમાં ગેંડાની મૂર્તિને ડેસ્ક પર અથવા ઓફિસના પ્રવેશદ્વાર પાસે મૂકો. આનાથી સ્પર્ધકોથી રક્ષણ મળે છે, અનૈતિક વ્યાવસાયિક પ્રવૃત્તિઓથી બચી શકાય છે અને વ્યવસાયમાં સ્થિરતા આવે છે. તેને ઉત્તર દિશામાં પણ મૂકી શકાય છે, કારણ કે ઉત્તર દિશા કારકિર્દી અને વ્યવસાય સાથે સંબંધિત છે.

### દુર્ઘટનાઓ અને નકારાત્મક ઊર્જાથી રક્ષણ

ઘરના એવા ખૂણામાં જ્યાં તમને નકારાત્મક ઊર્જાનો અનુભવ થતો હોય અથવા જે દિશામાંથી `શાર ચી' આવતી હોય, ત્યાં ગેંડાની મૂર્તિ મૂકી શકાય છે. વાહન સુરક્ષા માટે કારમાં નાનો ગેંડો રાખવાથી અકસ્માતોથી બચી શકાય છે.

### બાળકોની સુરક્ષા

બાળકોના રૂમમાં અથવા તેમના અભ્યાસ ટેબલ પર ગેંડાની નાની મૂર્તિ મૂકવાથી તેમને ખરાબ નજર અને નકારાત્મક પ્રભાવોથી બચાવી શકાય છે.

### ધ્યાનમાં રાખવા જેવી બાબતો

**મૂર્તિનો પ્રકાર :** મોટાભાગે વાદળી રંગના ગેંડાની મૂર્તિનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે, કારણ કે તે પાણીના તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જે રક્ષણાત્મક માનવામાં આવે છે. જોકે, કાળા કે ચાંદીના રંગનો ગેંડો પણ વાપરી શકાય છે.

**સફાઈ :** ગેંડાની મૂર્તિને હંમેશાં સ્વચ્છ રાખવી જોઈએ. ધૂળ કે ગંદકી તેના પ્રભાવને ઘટાડી શકે છે.

**સંપૂર્ણ સફાઈ :** જ્યારે પણ ઘર કે ઓફિસમાં કોઈ નવી ઊર્જા લાવવી હોય ત્યારે ગેંડાની મૂર્તિને શુદ્ધ પાણીથી સાફ કરીને ફરીથી સ્થાપિત કરવી જોઈએ.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
40% To 50% Down Payment,
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, exececllent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaurant and Bar (closed). Year round business.
Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit

17 ROOM MOTEL – Chatham - $1.7M
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round bunienss with repeat customers. Very low operating costs.

Comming up For Sale – Motels & Hotels
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

21 ROOM MOTEL– Gravenhurst - $1.7M
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed)
Buyer to assum everyone staying there AS IS.
3 Acres of land, all muncipal services – opportunity for future development

Motel Jobs AND Working
Partner opportunity available
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

## હ્યુમન્સ ફોર હાર્મોની દ્વારા કેનેડા ડેની ઉજવણી : ધ્વજવંદન કરાયું

# કેનેડા કોઈ દેશનું રાજ્ય નહીં બને : એમપીપી મુહમ્મદ ફરીન

### હેમંગ શાહ અને મૌલિક ભટ્ટ દ્વારા બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરી પુરસ્કારોનું વિતરણ કરાયું





**ક્યૂબેક**

કેનેડા ડેના રોજ હ્યુમન્સ ફોર હાર્મોની દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કેનેડા ડેનો કાર્યક્રમ કિપલિંગ એવન્યુ પર આવેલા નોર્થ હમ્બર પાર્કમાં યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે યોર્ક સાઉથ વેસ્ટર્નથી સભ્ય વિધાનસભા (MPP) મુહમ્મદ ફરિનના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતુ. MPP ફરિનનો પરિચય હ્યુમન્સ ફોર હાર્મોનીના પ્રમુખ ડોન પટેલે આપ્યો હતો. મુહમ્મદ ફરિને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, કેનેડા વિશ્વનો શ્રેષ્ઠ દેશ છે અને કેનેડિયન તરીકે કેનેડા ડેની ઉજવણી કરવી એ ગૌરવની વાત છે. કેનેડા ક્યારેય કોઈ પણ દેશનું 51મું રાજ્ય બનશે નહીં. “અમે કેનેડાને પ્રેમ કરીએ છીએ અને કેનેડિયન હોવાનો ગર્વ કરીએ છીએ. હ્યુમન્સ ફોર હાર્મોની દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ભાગ લેવું મારા માટે ગર્વની વાત છે, કારણ કે તેઓ આ વિસ્તારમાં જ મોટા થયા છે અને અહીંથી પોતાનું શાળાશિક્ષણ પણ પૂર્ણ કર્યું છે. કેનેડા ડેની ઉજવણીને યાદગાર બનાવવા માટે હેમંગ શાહ અને મૌલિક ભટ્ટ દ્વારા બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતો પછી પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું હતુ. બાળકો તેમજ તેમના માતા-પિતાઓ અને તમામ આમંત્રિત મહેમાનોને આ કાર્યક્રમોમાં બહુ આનંદ આવ્યો હતો. કેનેડાનું રાષ્ટ્રીય ગીત તમામ બાળકો દ્વારા ગાયું, જેનાથી સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવના સાથે ગુંજી ઉઠ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ મહેમાનો માટે આઈસ્ક્રિમની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો બધાએ આનંદ માણ્યો અને હ્યુમન્સ ફોર હાર્મોનીને આવા સુંદર કાર્યક્રમો આયોજન બદલ અભિનંદન આપ્યાં હતા.

### કેનેડાના વિકાસ માટે યોગદાન આપવું એ આપણા સૌની ફરજ : ડોન પટેલ

પોતાના ભાષણમાં ડોને તમામ વયના અને વિવિધ રાષ્ટ્રીયતા ધરાવતા મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું અને જણાવ્યું કે અમે બધા જુદા જુદા દેશોમાંથી આવ્યા છીએ, પણ હવે આપણે બધા કેનેડિયન છીએ અને કેનેડાની સફળતા અને વિકાસ કામોમાં યોગદાન આપવું એ આપણું ફરજ છે.



# કેનેડાના વિવિધ સ્થળોએ અશ્વિનકુમાર પાઠકના સુંદરકાંડ પાઠ, 10,000થી વધુ ભક્તોની હાજરી

### સુંદરકાંડમાંથી મળેલા શિક્ષણથી માનવજીવનને આનંદદાયક બનાવી શકાય છે : નવલ બજાજ





**ઓન્ટેરિયો**

સમગ્ર ઓન્ટેરિયોમાં પ્રખ્યાત ગુરુજી અશ્વિનકુમાર પાઠકજી વિવિધ કાર્યક્રમમાં હાજરી આપી છે. સુંદરકાંડના વિશ્વ વિખ્યાત ભક્ત ગુરુજી અશ્વિનકુમાર પાઠકજીએ જુલાઈ મહિનામાં કેનેડાનો પ્રવાસ કર્યો હતો, આ વર્ષે ઓન્ટેરિયોના વિવિધ ભાગોમાં 3 સુંદરકાંડ પાઠ હતા. 1 જુલાઈના રોજ લક્ષ્મી નારાયણ મંદિર, સ્કારબોરો ખાતે 4 જુલાઈના રોજ ગુલેફમાં સેન્ટેનિયલ એરેના અને 5 જુલાઈના રોજ બ્રામ્પટનમાં હિન્દુ સભા મંદિર ખાતે રાશિ અને નવલ બજાજ દ્વારા આયોજિત સુંદરકાંડ પાઠનું પાઠ કરાયું હતુ. ગુરુજી છેલ્લા 25 વર્ષથી સમગ્ર વિશ્વમાં દરરોજ સુંદરકાંડ પાઠ કરી રહ્યા છે અને 1 જુલાઈ, 2025 ના રોજ તેમણે 9322મી વખત સુંદરકાંડ પાઠ અને હિન્દુ સભા 9326મી વખત પાઠ કર્યો હતો. ગુરુજી અશ્વિનકુમાર પાઠકજીએ સુંદરકાંડનો પરિચય આપતા ઉલ્લેખ કર્યો હતો કે, સુંદરકાંડ એ “રામચરિતમાનસ” માંથી પાંચમો અધ્યાય છે, જે કવિ ગોસ્વામી તુલસીદાસ દ્વારા લખાયેલો છે. તે રામાયણનું હૃદય સમાન છે. નિયમિત ધોરણે સુંદરકાંડ પાઠનો પાઠ કરવાથી દુષ્ટતાઓ દૂર થાય છે, માર્ગમાં આવતા અવરોધો દૂર થાય છે અને સુખ અને સમૃદ્ધિ મળે છે. સુંદરકાંડ પાઠમાં જીવનના કેટલાક મહત્વપૂર્ણ પાઠોનો પણ ઉલ્લેખ છે. તે નકારાત્મકતાને પણ દૂર કરે છે. આ ત્રણ દિવસમાં સુંદરકાંડ પાઠમાં 10,000 થી વધુ ભક્તોએ હાજરી આપી હતી. 5 જુલાઈના રોજ બ્રામ્પટનમાં પાંચ હજારથી વધુ લોકોએ હાજરી આપી હતી. સમગ્ર GTAના લોકો ઉપરાંત ઘણા ભક્તોએ ઓટ્ટાવા, મોન્ટ્રીયલ, ન્યુ યોર્કથી પ્રવાસ કર્યો હતો, જેમાં ઘણા ધાર્મિક અંત:પ્રેરણાના વડાઓ, અન્ય મંદિરોના પૂજારીઓ, સંગઠનના વડાઓ, રાજકારણીઓ અને સમુદાયના નેતાઓનો સમાવેશ થાય છે પ્રબમીત સરકારી (પરિવહન મંત્રી ઓન્ટેરિયો MPP), હરદીપ ગ્રેવાલ, દીપક આનંદ, મેયર પેટ્રિક બ્રાઉન, તૂર (રોડ પાવર કાઉન્સિલર સિટી ઓફ બ્રેમ્પટન) હાજર રહ્યા છે. આ પ્રસંગે નવલ બજાજે જણાવ્યું કે, આપણે બધા ‘ધન્ય છીએ કે આપણે વિશ્વના સૌથી સુંદર કાઉન્ટીમાંના એકમાં રહીએ છીએ અને ઓન્ટેરિયોના વિવિધ ભાગોમાં સુંદર સુંદરકાંડ પથ હોવાનો આપણને આનંદ છે, તેમાંથી શીખ લો અને તેને આપણા રોજિંદા જીવનમાં અમલમાં મૂકો.

સુંદરકાંડમાંથી મળેવા વિચારો અને શીખેલા શિક્ષણને અમલમાં મૂકી આપણા રોજિંદા જીવનને આનંદદાયક બનાવી શકાય છે.



# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા વિશેષ કાર્યક્રમ સાથે કેનેડા ડેની ઉજવણી થઈ

### સમાનતા, એકતા અને બધા માટે આદર રાખવાની ભાવના કાયમ રાખવા કાઉન્સેલર રોવેના સાન્તોસનો અનુરોધ

**બ્રામ્પટન**

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) દ્વારા ૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ બ્રામ્પટનના પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે એક જીવંત અને હૃદયસ્પર્શી કાર્યક્રમ સાથે કેનેડા ડેની ઉજવણી કરાઈ હતી. જેમાં દેશભક્તિ, સુખાકારી અને આનંદી સમુદાય ભાવનાથી ભરેલા દિવસ માટે ૧૦૦થી વધુ વરિષ્ઠ સભ્યોને ભેગા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું સત્તાવાર ઉદઘાટન બ્રામ્પટન રિજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિતો સાથે રાષ્ટ્રગીત ઓ કેનેડા ગાયુ હતુ. તેમના મુખ્ય ભાષણમાં કાઉન્સિલર સાન્તોસે કેનેડાને વ્યાખ્યાયિત કરતા મુખ્ય મૂલ્યો - સમાનતા, એકતા અને બધા માટે આદર રાખવાની ભાવના કાયમ રાખવા અનુરોધ કર્યો હતો. એફસીએફસીના અધ્યક્ષ ગિયાન પોલે કહ્યું હતુ કે, આપણા વરિષ્ઠ નાગરિકો આપણા સમુદાયનું હૃદય છે. એકઠા થવા, આપણા દેશના ગૌરવ સમા દિવસે ઉજવણી કરવી અને સુખાકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તમારી પ્રતિબદ્ધતા જ આ પ્રકારના કાર્યક્રમોને ખાસ બનાવે છે. આ ઉજવણીને સફળ બનાવવા બદલ હું તમારા દરેકનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ કાર્યક્રમનું એક ખાસ આકર્ષણ FCFCના આદરણીય વરિષ્ઠ સભ્ય સુખદર્શન કુલારનું ભાષણ હતું, જેમણે કેનેડિયન ચાર્ટર ઓફ્ રાઈટ્સ એન્ડ ફ્રીડમ્સના પાંચ મુખ્ય સિદ્ધાંતો પર પ્રતિબિંબ પાડયો હતો. યોગ પ્રશિક્ષક અનુજા કાબુલીએ ખાસ કરીને સિનિયર્સ માટે તૈયાર કરાયેલા આનંદદાયક અને આકર્ષક યોગ સત્રનું નેતૃત્વ કર્યું હતુ. કાઉન્સિલર વિસેન્ટે જણાવ્યું કે, અમે જાણીએ છીએ કે આપણા વરિષ્ઠ નાગરિકો માટે સ્વસ્થ અને સામાજિક રીતે જોડાયેલા રહેવું કેટલું મહત્વપૂર્ણ છે. આ શહેર એવા કાર્યક્રમોમાં રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે, જે આપણા વૃદ્ધોને સક્રિય અને પરિપૂર્ણ જીવન જીવવા માટે સશક્ત બનાવે છે. આ દિવસે સંસદ સભ્ય અમનદીપ સોઢી (બ્રેમ્પટન સેન્ટર) મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

# બોઈંગ ડ્રીમલાઈનર સૌથી સુરક્ષિત : એર ઈન્ડિયા

## અમદાવાદમાં પ્લેનક્રેશ ઘટના અંગે પ્રાથમિક રિપોર્ટ ઉડ્ડયન મંત્રાલયને સોંપાયો

**નવી દિલ્હી**

અમદાવાદમાં તૂટી પડેલા એર ઈન્ડિયાના વિમાન એઆઈ-૧૭૧ અંગે વિમાન દુર્ઘટના તપાસ બ્યુરોએ તેનો પ્રાથમિક રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને સોંપ્યો છે. જોકે, અંતિમ રિપોર્ટ આવતા હજુ ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડયાના ચાર સપ્તાહ પછી પ્રાથમિક રિપોર્ટ અપાયો છે. બીજીબાજુ સંસદની પીએસી સમક્ષ એર ઈન્ડિયાએ વિમાન બનાવતી કંપની બોઈંગનો બચાવ કરતા દાવો કર્યો કે, બોઈંગ કંપનીનું ડ્રીમલાઈનર સૌથી



સુરક્ષિત વિમાન છે. એર ઈન્ડિયાના અમદાવાદમાં તૂટી પડેલા વિમાન અંગે વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો (એએઆઈબી) દ્વારા તૈયાર કરાયેલ પ્રારંભિક રિપોર્ટ અકસ્માત અંગે શરૂઆતના આકલન અને તપાસના શરૂઆતના તબક્કામાં એકત્ર કરાયેલા વિગતો પર આધારિત છે. જોકે, ફાઈનલ રિપોર્ટ આવતા ત્રણ મહિનાનો સમય લાગશે. આ રિપોર્ટની વિગતો હજુ સુધી જાહેર કરાઈ નથી. દરમિયાન એર ઈન્ડિયાના સીઈઓએ સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટિ (પીએસી)ને સોંપેલા તેના જવાબમાં અમદાવાદમાં થયેલા વિમાન અકસ્માતમાં બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરનો બચાવ કર્યો હતો અને તેને સૌથી સુરક્ષિત વિમાનોમાંથી એક ગણાવ્યું હતું. એરલાઈન કંપનીએ પીએસીને જણાવ્યું કે, હાલમાં સમગ્ર વિશ્વમાં ૧,૦૦૦થી વધુ ડ્રીમલાઈનર વિમાન વિવિધ એરલાઈન્સ કંપનીઓને સેવા આપી રહ્યા છે.

# BJPના ધારાસભ્ય ભાન ભૂલ્યાં, કહ્યું, સગર્ભાને ઝોળીમાં લઈ જવાનો ટ્રેન્ડ છે

**અમદાવાદ**

ભાજપના ૩૦ વર્ષના શાસન પછી ય આદિવાસી વિસ્તારોમાં હજુ રસ્તા બન્યાં નથી. છેવાડાના માનવી સુધી લાભ પહોંચ્યો છે તેવો સરકાર દાવો કરી રહી છે પણ કડવી હકીકત એછેકે, પછાત-આદિવાસી વિસ્તારોમાં આજેય રસ્તા બની શક્યા નથી જેથી લોકોને દૂર દુર સુધી ચાલવુ પડે છે. તેમાં દર્દીઓને ઝોળીમાં નાંખીને લઈ જવા પડે છે કેમકે, રસ્તાના અભાવે એમ્બ્યુલન્સ જે તે સ્થળ સુધી જઈ શકતી નથી. આદિવાસી વિસ્તારોમાં દર્દીઓને ઝોળીમાં નાંખીને લઈ જવાના ઘણાં કિસ્સા જોવા મળ્યાં છે ત્યારે મૂળ કોંગ્રેસી અને છોટા ઉદેપુરના ભાજપના ધારાસભ્ય રાજેન્દ્ર રાઠવાએ એવુ કહ્યુંકે, સગર્ભાને ઝોળીમાં નાંખીને લઈ જવાનો જાણે ટ્રેન્ડ વધ્યો છે. એકાદ બે ખેતરમાં ચાલીને જવુ તો એમાં શું થયું ? અત્યાર સુધી કોંગ્રેસમાં રહીને ભાજપને ગાળો ભાંડવામાં જેમણે કોઈ કસર છોડી નથી તે ધારાસભ્ય હવે ભાજપ સરકારની વાહવાહી કરવામાં લાગી પડ્યાં છે.

ભાજપના શાસનના ૩૦ વર્ષ પછી પણ આદિવાસી વિસ્તારમાં માર્ગો બન્યાં નથી, આરોગ્યની સુવિધાના ઠેકાણાં નથી તે નરી વાસ્તવિકતા રાજેન્દ્ર રાઠવા સ્વિકારવા તૈયાર નથી.

# ગુજરાતમાં બાંગ્લાદેશીઓ અને અસામાજિક તત્વો સામે વધુ કડક પગલાં ભરવા આદેશ

**ગાંધીનગર**

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આજે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. રાજ્યમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી ઝુંબેશ અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવામાં આવતા હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવી સ્થાનિક પોલીસ પણ એનડીપીએસના કેસ કરવા અંગે સૂચના આપી હતી. તે ઉપરાંત માત્ર ૧૫ દિવસમાં ડ્રગ્સ માફીયાઓ સામે PIT NDPSના મહત્તમ ૧૭ કેસ કરવા બદલ તેમણે ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યા હતા અને હજુ મહત્તમ કેસ કરવા સૂચના આપી હતી. ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ થયેલી કાર્યવાહી માટે પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યમાં GujCTOC હેઠળ કરવામાં આવેલી સઘન કાર્યવાહીની પણ પ્રધાને સરાહના કરી હતી. GujCTOC હેઠળ પાંચ મહિનામાં મહત્તમ ૮ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કેસ કરવા આવ્યા છે.

# તમારા નામના પાર્સલમાં ડ્રગ્સ છે, કહી યુવાનને ડિજિટલ એરેસ્ટ કરી 26.90 લાખ પડાવ્યા

**જામનગર :** નાગપુરના વતની અને હાલ જામનગરમાં શાંતિ હારમોની એપાર્ટમેન્ટમાં રહેતા તેમજ મોટી ખાવડી સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરતા ગણેશ ક્રિષ્નાજી ઠાકરેએ જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ કરીને જણાવ્યું છે કે તેમને એક વ્યક્તિએ કોલ કરી કહ્યું કે, ફેડેક્સ કુરિયરમાંથી બોલું છું. તમારાં નામના પાર્સલમાં 140 ગ્રામ ડ્રગ્સ છે. અને સાથે અન્ય કેટલીક કિંમતી વસ્તુઓ તથા કેટલાંક પાસપોર્ટ વગેરે છે.ઉપરાંત કોલમાં વધુ કહેવાયું હતું કે તમારૂં પાર્સલ હાલ કસ્ટમ વિભાગ પાસે છે. ડ્રગ્સ અંગે વાત કરી જેલનો ડર દેખાડવામાં આવ્યો હતો. અને એમ કહેવામાં આવ્યું કે, આ બાબતે ક્રાઈમ બ્રાન્ચ તમારી સાથે વાત કરવા ચાહે છે. તમારો આ ફોન ક્રાઈમ બ્રાન્ચ સાથે કનેક્ટ કરૂં છું. ત્યારબાદ, એક વ્યક્તિએ પોતે ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલે છે તેમ કહી ફરિયાદીને કહ્યું કે, તમારી ડિજિટલ ધરપકડ કરવામાં આવી છે. તમારે કેમેરા સામે ઓનલાઈન રહેવું પડશે, તમે ક્યાંય જઈ શકશો નહીં. આ વાતચીતથી ડરી ગયેલા, ફરિયાદીએ પોતાની બેંક વિગતો અજાણ્યો ફોન કરનારને આપી દીધી હતી.બાદમાં ફરિયાદીને ફોનમાં કહેવાયું કે, બેંકમાં તમારી લેતીદેતીઓ વધુ છે. જે પૈકી ૯૯ ટકા રકમ તમારે અમે કહીએ તે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાના રહેશે. અને રૂપિયા બાબતે ખરાઈ થઈ ગયા બાદ તમારાં નાણાં તમને પરત એકાઉન્ટમાં જમા મળી જશે. આ રીતે રૂ. 18 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ મિલકતની સિક્યુરિટી પેટે તેની પાસેથી વધુ રૂપિયા 8.90 લાખ અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા, અને ત્યારબાદ ફોન બંધ થઈ ગયો હતો. તેથી ફરિયાદીએ કોલ કર્યો પણ સામે કોઈ કોલ રિસીવ કર્યો ન હતો.

# રિવરફ્રન્ટ પર સી પ્લેન બાદ હવે ક્રૂઝ સેવા પણ મરણ પથારીએ, સાડા ત્રણ કરોડનું નુકસાન

**અમદાવાદ**

અમદાવાદમાં રિવરફ્રન્ટમાં શરૂ કરાયેલું ક્રૂઝ હાલમાં મરણપથારીએ છે. તેનું કારણ એ છે કે, ઘણાં વખતથી સાબરમતી નદીમાં માટી-કાંપની સફાઈ કરવામાં આવી નથી જેના કારણે નદીની ઉંડાઈ ઘટી રહી છે. મુખ્યમંત્રી, પ્રવાસન વિભાગથી માંડીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોને રજૂઆત કરાઈ છે કે, અટલબ્રિજ અને મેટ્રો રેલ માટે નદીમાં સાડા ચાર હજાર ડમ્પર માટી નાંખવામાં આવી હતી પરિણામે નવ ફૂટ માટી-કાંપના સ્તર જામ્યાં છે. આ સ્થિતિ જેવીની તેવી જ રહી છે. કોન્ટ્રાક્ટરો માટીની સફાઈની કામગીરી કરવાનું ટાળ્યું છે. નદીમાં માટી-કાંપના વધતા સ્તરને લીધે ક્રૂઝ ચાલી શકે તેમ નથી.

એવો આક્ષેપ કરાયો છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ક્રૂઝના વાર્ષિક ભાડાપેટે 55 લાખ રૂપિયા મેળવવામાં જ રસ છે. ચોમાસામાં કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જ નદીમાંથી પાણી છોડી દેવાય છે જેના કારણે ક્રૂઝ બંધ રાખવુ પડે છે. મ્યુનિ. કોર્પોરેશનની બેધારી નીતિને કારણે અત્યાર સુધી ક્રૂઝ સંચાલકોને કુલ મળીને સાડા ત્રણ કરોડનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

**સી-પ્લેન બંધ, ક્રૂઝ મરણપથારીએ, હવે એર ટેક્સી શરૂ થશે**

અમદાવાદીઓને સપનાં દેખાડવામાં ભાજપ પાછીપાની કરે તેમ નથી. મોટા ઉપાડે શરૂ કરાયેલા સી-પ્લેનને તો સમારકામના નામે ખંભાતી તાળા મારી દેવાયાં છે. ત્યારે રિવરફ્રન્ટ પરથી જ અમદાવાદથી માંડવી વચ્ચે એર ટેક્સી શરૂ કરવા સરકારે વિચારણા શરૂ કરી છે. અમદાવાદથી કચ્છ-માંડવી સુધી એર ટેક્સી શરૂ કરવા સરકારે એક કમિટીની પણ રચના કરી છે.

# ગુજરાતી યુવકને UPમાં પરણેલી યુવતી 13.77 લાખ ઓળવી ગઈ

**જૂનાગઢ**

અમરાપુર (સરકારી) ગામે રહેતા અને હોટલ બિઝનેસ તથા કાર લે-વેંચનો વ્યવસાય કરતા અમીતભાઈ મહેન્દ્રભાઈ પંડયા (ઉ.વ.34) સાથે રહેવાનો સમજુતી કરાર કરી ઉત્તરપ્રદેશના ઝાંસી જિલ્લાના ગરોઠા ગામની રોશની જવાહર નામની યુવતી લગ્ન કરવાની લાલચ અને વિશ્વાસ આપી તેમની સાથે રહેતી હતી. યુવતી સાથે લગ્ન કરવાના હોવાથી તેને આપવા માટે આશરે રૂ. 10 લાખની કિંમતના અલગ-અલગ દાગીના બનાવી અમીતભાઈએ ઘરે રાખ્યા હતા.

દરમ્યાન ગત તા. 29-5-2025ના અમીતભાઈ કામ સબબ જૂનાગઢ ગયા હતા ત્યારે મોકાનો લાભ ઉઠાવી યુવતી રોશની 10 લાખના ઘરેણા અને રૂ. 3.73 લાખની રોકડ રકમ લઈ રફુચક્કર થઈ ગઈ હતી. પાછળથી રોશનીએ અમીતભાઈને મેસેજ કરી ઝાંસી ખાતે બોલાવી લીધા હતા. બાદમાં ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના ત્રિયુગીનારાયણ ગામ ખાતે આવેલા વિષ્ણુ ભગવાનના મંદિરે કુલહાર કરી લગ્ન સંપન્ન કર્યા હતા. લગ્ન કરી લીધા બાદ રોશનીએ પોત પ્રકાશી અમીતભાઈને સોનાના દાગીના તથા રોકડ નહી આપી તેમની સાથે ઝઘડો કરી ગાળો આપી લાકડી તથા છરી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ: ગુજરાતમાં દમણ ગંગા નદી પર બ્રિજનું બાંધકામ પૂર્ણ

**મુંબઈ**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગ રૂપ ગુજરાતના વલસાડ જિલ્લામાં દમણ ગંગા નદી પર બ્રિજનું બાંધકામ પૂર્ણ થઈ ગયું હોવાની જાહેરાત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ)એ કરી હતી. ગુજરાતમાં આયોજિત કુલ ૨૧ બ્રિજમાંથી પ્રોજેક્ટ માટે પૂર્ણ થનાર આ ૧૬મો નદી બ્રિજ છે. દમણ ગંગા નદી પરના બ્રિજનું કામ પૂર્ણ થયા પછી, મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ માટે વલસાડ જિલ્લામાં પાંચેય નદી પરના બ્રિજનું કામ પૂર્ણ થયું છે. સમગ્ર કોરિડોરમાં ૨૫ નદી પર બ્રિજ બનાવવામાં આવી રહ્યા છે.

# વડતાલધામ સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂપૂર્ણિમાની ભક્તિભાવ સાથે ઉજવણી

**અમદાવાદ**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામ સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરાઈ હતી. સંપ્રદાયના ગુરૂપદે બિરાજેલ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે સવારે શણગાર આરતી બાદ પરમગુરુ પરમાત્મા શ્રી હરિકૃષ્ણમહારાજનું વિશેષ પૂજન કર્યું હતું. વડતાલ ટેમ્પલ કમિટીના ચેરમેન ડૉ.સંતવલ્લભદાસજી સ્વામીએ માહિતી આપતા જણાવ્યું હતું કે અષાઢ સુદ પૂનમ એટલે ગુરૂપૂર્ણિમા હિન્દુ સંપ્રદાયમાં ગુરૂપૂર્ણિમાનું વિશેષ



મહત્વ છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરૂ. સનાતન હિન્દુ પરંપરામાં ગુરૂપૂર્ણિમાનું વિશેષ માહાત્મ્ય છે.વડતાલ મંદિરના સભામંડપમાં સ.ગુ. પૂ.નિત્યસ્વરૂપદાસજીએ ઉપસ્થિત હરિભક્તોને વડતાલ મહિમા સાથે ગુરૂમહિમાની કથાનું રસપાન કરાવ્યું હતું.

# અમદાવાદ પ્લેન ક્રેશ : 19 મૃતકોના અવશેષોની હૉસ્પિટલ તંત્રે અંતિમ વિધિ પૂર્ણ કરી

**અમદાવાદ**

અમદાવાદમાં થયેલા પ્લેનક્રેશને 26 દિવસ પૂરા થયા છે. પ્લેનક્રેશ થયાના 3 સપ્તાહ સુધી ઘટનાસ્થળેથી છૂટાછવાયા માનવ અવશેષો મળી આવ્યા હતા. દરેક અવશેષોના ડી.એન.એ મેચ કરી ઓળખ પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી. 19 મૃતકોના નશ્વર અવશેષોની અંતિમ વિધિ કરવાની હતી તેમાંથી એક મુસ્લિમ વ્યક્તિની દફન વિધિ સંપૂર્ણ સન્માન સાથે મુસ્લિમ વિધિ પ્રમાણે મૌલવી દ્વારા કુરાન શરીફની આયત વાંચીને કરવામાં આવી હતી. 18 હિન્દુ મૃતકોના નશ્વર અવશેષોની અંતિમ ક્રિયા હિન્દુ શાસ્ત્રક્ત વિધિ પ્રમાણે વાડજ સ્મશાનમાં કરવામાં આવી હતી.





# વડોદરાના પાદરા પાસે ગંભીરા બ્રિજ તૂટી પડતાં 7 વાહનો નદીમાં ખાબક્યા, 18ના મોત

વડોદરા : બુધવારે પાદરા પાસે મોટી દુર્ઘટના બની છે. પાદરા-જંબુસર વચ્ચે મહિસાગર નદી પર આવેલો 40 વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ 7 જેટલા વાહનો નદીમાં ખાબક્યા હતા. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક તંત્ર અને સ્થાનિકોની મદદથી મોટાપાયે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું. આ દુર્ઘટનાના ઈજાગ્રસ્તો અને મૃતકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 18 લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી કલેક્ટરે આપી હતી. ઈજાગ્રસ્તોને પાદરા અને વડોદરા સહિતની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

મૃતકોના નામ : 1. વખત સિંહ મનુભાઈ જાદવ (35 વર્ષ) રહે. કહાનવા, તા.જંબુસર, 2. કાનજીભાઈ મેલાભાઈ માછી (70 વર્ષ) રહે.ગંભીરા, તા.આણંદ, 3. પ્રવીણ લાલજીભાઈ જાદવ (33 વર્ષ) ઉદેવ, ખંભાત, 4. રમેશ રાવજીભાઈ પઢીયાર (38 વર્ષ) મુજપુર, પાદરા, 5. હસમુખભાઈ મહીજીભાઈ પરમાર (40 વર્ષ) હર્ષદપુરા, મજાતણ, પાદરા, 6. નૈતિક રમેશભાઈ પઢીયાર (2 વર્ષ) મુજપુર, પાદરા, 7. વૈદિકા રમેશભાઈ પઢીયાર (6 વર્ષ) મુજપુર, પાદરા, 8. રાજેશ ઈશ્વર ચાવડા (26 વર્ષ) દેવાણ, તા.આકલાવ, 9. પર્વત ભગવાનભાઈ વાગડિયા (20 વર્ષ) સરસવા, મહીસાગર ઉત્તર, 10. જશભાઈ શંકરભાઈ હરીજન (65 વર્ષ) ગંભીરા, આંકલાવ.

## તપાસ માટે 6 સભ્યોની કમિટી બનાવાઈ

વડોદરા : વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ બુધવારે (નવમી જુલાઈ) તૂટી પડતાં અનેક વાહનો નદીમાં પડ્યા હતા. આ ઘટનામાં તપાસ માટે માર્ગ અને મકાન વિભાગના 6 સભ્યોની કમિટી બનાવાઈ છે. આ કમિટી બ્રિજ તૂટવાના કારણો, ક્ષતિ, બેદરકારીની તપાસ કરશે. સંપૂર્ણ અહેવાલ 30 દિવસમાં સરકારને સોંપવામાં આવશે. ભવિષ્યમાં આવી દુર્ઘટના ન સર્જાય તે માટે સૂચનો આપશે. ગંભીરા બ્રિજ દુર્ઘટનાના બીજા દિવસે (10મી જુલાઈ) વહેલી સવારથી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની ટીમ ઉચ્ચ સ્તરીય તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. માર્ગ અને મકાન વિભાગની આ તપાસ સમિતિમાં મુખ્ય ઇજનેર સી. પટેલ અને એન. કે. પટેલ ઉપરાંત અધિક્ષક ઇજનેર કે. એમ. પટેલ, એમ. બી. દેસાઈ ઉપરાંત એન. વી. રાઠવા પણ જોડાયા છે.

## બ્રિજની સ્થિતિ અંગે ગુજરાત સરકારે હાઈકોર્ટને ગુમરાહ કરી

ચીફ જસ્ટિસે કહ્યું હતું- ચોમાસામાં સાવધાની રાખજો

મોરબી ઝુલતા પુલ દુર્ઘટના મામલે ગુજરાત હાઈકોર્ટે દખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર પાસેથી રાજયના તમામ બ્રિજના ઈન્સ્પેકશન, તેની સ્થિતિ સહિતનો વિગતવાર રિપોર્ટ અગાઉ માંગ્યો હતો, જેમાં રાજય સરકારે રાજયના તમામ બ્રિજના નિરીક્ષણ સહિતની વાત જણાવી લગભગ તમામ બ્રિજ યોગ્ય સ્થિતિમાં એટલે કે, સબ સલામત હોવાનો દાવો કર્યો હતો પરંતુ સરકારના આ દાવા અને ખુદ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આપેલી ખાતરી ખોટી, અદાલતને ગેરમાર્ગે દોરનારી અને પોકળ સાબિત થઈ છે. હાઈકોર્ટે સરકારને રાજયના તમામ બ્રિજનું ઈન્સ્પેકશન કરીને રિપોર્ટ તૈયાર કરવા કહ્યું હતું. મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસની સુનાવણી દરમિયાન ગયા વર્ષે જ ખુદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે રાજયના અન્ય બ્રિજની સ્થિતિને લઈ બહુ ગંભીર ચિંતા વ્યકત કરી હતી અને આવી દુર્ઘટના ફરી ના બને અને નિર્દોષ નાગરિકોના જીવ ના જાય તે માટેની સરકારને કડક તાકીદ કરી હતી.

## અધિકારીઓ સામે ગુનો નોંધવા અરજી, 10 મૃતદેહો પરિવારજનોને સોંપાયા

દુર્ઘટનાને લઈને સામાજિક કાર્યકર લખન દરબારે પાદરા પોલીસમાં અરજી કરીને જવાબદાર અધિકારીઓ વિરુદ્ધમાં ગુનો નોંધવાની માંગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, 'ગત ઑગસ્ટ 2022ના રોજ અધિકારીને બ્રિજ અંગે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ પણ કોઈ પગલાં લેવાયા ન હતા. જેમાં અધિકારીઓની બેદરકારીને કારણે આજે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.' પાદરા ગંભીરા મુજપુર બ્રિજ પર બનેલી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા 14 વ્યક્તિઓમાંથી અત્યાર સુધી 10 લોકોના મૃતદેહ પરિવારજનોને સોંપાયા છે.

## રાજ્ય સરકાર મૃતકોના પરિવારને 4 લાખની સહાય આપશે

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને મુખ્યમંત્રીએ લખ્યું હતું કે 'આણંદ વડોદરાને જોડતા ગંભીરા બ્રિજનો એક ગાળો તૂટી જવાથી સર્જાયેલી દુઘર્ટના મનને અત્યંત વ્યથિત કરનારી છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને 4 લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે. તેમજ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા પ્રત્યેક વ્યક્તિને 50,000 રૂપિયાની સહાય, ઉપરાંત તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.'

## લોકોને ઉમેટા અને વાસદ બ્રિજનો ખુબ લાંબો ચકરાવો થશે

વર્ષ 1994 માં નિર્માણ પામેલ મુજપુર- ગંભીરા બ્રિજ તૂટી પડતા ભાદરણ, આંકલાવ બોરસદ, ડભાસા, પાદરા, મુવાલ સહિતના ગામો વચ્ચે સીધો સંપર્ક તૂટી ગયો છે. આ બ્રિજ કાર્યરત ન થાય ત્યાં સુધી લોકોને ઉમેટા અને વાસદ બ્રિજનો ખુબ લાંબો ચકરાવો થશે. સાથે વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પણ અસર વર્તાઈ શકે છે. તો બીજી તરફ અગાઉથી જ ઉમેટા બ્રિજ ઉપર વાહનોની અવરજવર ઉપર રોક લગાવવા સાથે રિ ડેવલોપમેન્ટ અથવા નવા બ્રિજનો પ્રશ્ન પેન્ડિંગ હોય તંત્ર બ્રિજને થીંગડા મારી કામ ચલાવી રહ્યું છે. ઉમેટા બ્રિજનું વર્ષ 1989માં પીડબ્લ્યુડી વિભાગે નિર્માણ કર્યું હતું. આજે બ્રિજની સ્થિતિ એટલી ખખડધજ છે કે, બ્રિજના તમામ સ્ટ્રક્ચરના સળિયા દેખાઈ રહ્યા છે. આ અંગે અનેક વખત રજૂઆતો થઈ ચૂકી છે.

## સુરતની ધ્રુવિન પી. પટેલ એજન્સીએ પર ગયા વર્ષે રૂા.૧.૧૮ કરોડના ખર્ચે બ્રિજનું રિપેરિંગ કર્યુ હતું

વડોદરા : ગંભીરા બ્રિજનું સમારકામ ગયા વર્ષે રૂા.૧.૧૮ કરોડના ખર્ચે જૂન માસમાં જ કરવામાં આવ્યું હતું. આ બ્રિજ ભરૂચ જિલ્લામાંથી તેમજ મધ્ય ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર તરફ જવાના માર્ગો માટે મહત્વનો હતો. વાહનોની અવરજવરથી આ બ્રિજ સતત ધમધમતો રહેતો હતો. છેલ્લા ૧૦ વર્ષથી બ્રિજની હાલત ખખડધજ થવા આવી હતી અને વારંવાર તેને રિપેરિંગ કરવાની ફરજ પડતી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગયા વર્ષે સુરતની એજન્સી ધુરવિન પી. પટેલને રૂા.૧.૧૮ કરોડનો વર્ક ઓર્ડર આપ્યો હતો. આ એજન્સીએ બ્રિજની પેરાપિટ તેમજ બ્રિજ પર રિસરફેસિંગની કામગીરી જુલાઈ-૨૦૨૪ સુધી પૂર્ણ કરી હતી. આ ઉપરાંત આ વર્ષે પણ ચોમાસામાં બ્રિજ ઉપર તેમજ એપ્રોચ રોડ પર મોટા મોટા ખાડા પડી જતા ફરી તેને પૂરવામાં આવ્યા હતાં.

ગયા વર્ષે જ કન્સલ્ટન્ટ દ્વારા સ્થળ વિઝિટ કરી હતી અને એવું સજૈશન આપવામાં આવ્યું હતું કે વિયરિંગ કોટ કરાવવાની જરૂર છે તેમજ વાઈબ્રેશન તૂટી રહ્યું છે.

## સરકાર ચલાવવાની ત્રેવડ ના હોય તો CM રાજીનામું આપે : વિપક્ષની માગ

વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ 7 વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 18 લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. આ દુર્ઘટના બાદ કોંગ્રેસ, આપ અને શંકરસિંહ સહિતે ભાજપ સરકારની ઝાટકણી કાઢતાં મુખ્યમંત્રીના રાજીનામાની માગ કરી હતી. વિરોધ પક્ષના નેતાઓએ CMને સરકાર ચલાવવાની ત્રેવડ ન હોય તો રાજીનામું આપે તેવા વાક્યો ઉચ્ચાર્યા હતા.

## ભાજપ પ્રજાને પોતાની ગુલામ ગણી મનમાની કરી રહી છેઃ શંકરસિંહ વાઘેલા

30 વર્ષના શાસનમાં ભાજપનો ભ્રષ્ટાચાર



અજગર બની આખા ગુજરાતને ધીમે ધીમે ગળી રહ્યો છે. આજે ભાજપ પ્રજાને પોતાની ગુલામ ગણી રહી હોય તેમ પોતાની મનમાની કરી રહી છે. અને જ્યારે જનતા સવાલ પૂછવાનું ભૂલી જાય ત્યારે આવા બેદરકાર શાસકોની હિમ્મત આકાશ તળે પહોંચે છે. પરિણામે સામાન્ય લોકો મોતને ભેટે છે.

## ગુજરાતના રસ્તાઓ અને બ્રિજો પર મોત ભમી રહ્યું છેઃ ઈશુદાન ગઢવી

ગુજરાત આપના પ્રમુખ ઈશુદાન ગઢવીએ કહ્યું હતું કે પાદરાના મુજપુર પાસે ગંભીરા બ્રિજ તૂટી પડ્યો છે. ટેક્સ જનતા એટલા માટે ભરે કે તમે સારી વ્યવસ્થા આપો, અને વ્યવસ્થા આપવાના બહાને તે તમને નાણા આપે. એ નાણા ભ્રષ્ટાચાર કરીને તમે ખાઈ જાવ અને મરે પણ જનતા. ભાજપના રાજમાં નિર્દોષ જનતાના જીવની કોઈ કિંમત નથી. આ જનતા ક્યાં સુધી ભાજપના ભ્રષ્ટાચારનો ભોગ બનતી રહેશે. લોકો તમારા રાજમાં મરી રહ્યા છે. ભ્રષ્ટ ભાજપના રાજમાં ગુજરાતના રસ્તાઓ અને બ્રિજો પર મોત ભમી રહ્યું છે.

## સરકારની બેદરકારીનું પરિણામઃ અમિત ચાવડા

વડોદરા અને આણંદ જિલ્લાને જોડતો ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનાને ગુજરાત કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ માત્ર



એક દુર્ઘટના નહીં, પરંતુ ગુજરાત સરકારની ગંભીર બેદરકારીનું પરિણામ ગણાવી છે. બ્રિજ જોખમી હોય તો તેને બંધ કરવો જોઈએ. સરકાર આ પ્રકારની ઘટનાઓ બાદ કેમ જાગે છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X' પર પોતાની પ્રતિક્રિયા આપતાં આ મામલે સરકાર સમક્ષ કડક કાર્યવાહીની માંગ કરી છે.

# બ્રિજની ક્ષતિઓ સમયસર ધ્યાનમાં ના લીધી, હવે તપાસના આદેશ

ગંભીરા : મહીસાગર નદી પર આવેલો મુજપુર-ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે તૂટી પડતાં 18 જેટલા લોકોના મોત થયા છે. આ ઘટના પગલે મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું અને તપાસના આદેશ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે જોખમી બ્રિજને લઈને જાગૃત નાગરિકો દ્વારા અગાઉ રજૂઆત કરવા છતાં સરકાર કે તંત્ર જાગ્યું ન હતું, પરંતુ બ્રિજ તૂટી પડવાની ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા બાદ ઊંઘ ઉડી છે. ગંભીરા બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીના આદેશ બાદ તંત્ર એલર્ટ થઈ ગયું છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કરવાની સાથે તપાસના આદેશ આપ્યા હતા. તેમણે લખ્યું હતું કે 'આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના 23 ગાળા પૈકીનો 1 ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુઃખદ છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરું છું. ઈજાગ્રસ્ત થયેલા લોકોની તત્કાલ સારવાર વ્યવસ્થા માટે વડોદરા કલેક્ટર સાથે વાતચીત કરીને અગ્રતા ક્રમે પ્રબંધ કરવાની સૂચનાઓ આપી છે.'

દુર્ઘટના સ્થળે બચાવ રાહત કામગીરી માટે સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ બોટ્સ અને તરવૈયાઓ સાથે કાર્યરત છે, તેમજ NDRFની ટીમ પણ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરીમાં જોડાઈ છે. આ દુર્ઘટના અંગે માર્ગ મકાન વિભાગને તાત્કાલિક તપાસના આદેશો આપ્યા છે.

આ માટે ચીફ એન્જિનિયર-ડિઝાઈન તથા ચીફ ઇજનેર-સાઉથ ગુજરાત અને પુલ નિર્માણમાં નિષ્ણાત અન્ય બે ખાનગી ઇજનેરોની ટીમને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સૂચના આપી છે.

# ગુજરાતની પ્રજા ભગવાન ભરોસે: કચ્છ, વડોદરા, સુરતમાં અનેક પુલ જર્જરિત

## કચ્છમાં 7 જ મહિનામાં બ્રિજ પર ગાબડાં, સુરતમાં લોખંડની પ્લેટ મૂકી સંતોષ માની લેવાયો

**વડોદરા**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર અને આણંદ જિલ્લાના ગંભીરા ગામને જોડતો તેમજ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સાથેનો સંપર્ક ધરાવતા મહી નદી પરના બ્રિજના બે પિલર વચ્ચેનો સ્પાન ધડાકાભેર તૂટી પડતાં વાહનો નદીમાં ખાબક્યા હતા. આ દુર્ઘટનામાં 13 લોકોના કરુણ મોત થયા છે. આ બ્રિજ 40 વર્ષ જૂનો હતો અને ખખડધજ થઈ ગયો હતો.

ગંભીરા બ્રિજ તૂટી પડ્યા બાદ હવે સમગ્ર ગુજરાતમાં અનેક જૂના, જર્જરિત અને જોખમી પુલ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયે રાજ્યસભામાં આપેલી વિગતો અનુસાર ગુજરાતમાં 28 જૂના પુલનું સમારકામ અથવા નવનિર્માણ ચાલી રહ્યું છે. જોકે ગુજરાતમાં આખરે કેટલા બ્રિજ જોખમી છે તે અંગે સરકારે મૌન ધારણ કર્યું છે.

કચ્છ સરહદને જોડતો રુદ્રમાતા બ્રિજ સાત મહિના પહેલા જ બનાવવામાં આવ્યો છે છતાં વારંવાર ભંગાણના કારણે તેનું રિપેરિંગ કરવી પડે છે.

સુરતના કામરેજ ખાતે નેશનલ હાઈવે 48 પર તાપી નદીનો પુલ બે વર્ષથી ક્ષતિગ્રસ્ત છે. લોખંડની પ્લેટના સહારે ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. આ પુલ પર 24 કલાક સતત વાહનોની અવરજવર ચાલુ જ રહે છે. છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

વલસાડ જિલ્લાના ધરમપુરથી પસાર થતો વાપી શામળાજી નેશનલ હાઈવેનો કરંજવેરી ગામનો બ્રિજ 10 દિવસથી ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. 50 વર્ષ જૂનો આ બ્રિજ અત્યંત જર્જરિત થઈ ચૂક્યો છે. છેલ્લા છ વર્ષથી સરકારને આ બ્રિજ અંગે વારંવાર રજૂઆત કરવામાં આવે છે.

# બેંગકોકથી આવતો મુસાફર એરપોર્ટ પરથી બે કરોડના ગાંજા સાથે ઝડપાયો

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પરથી સતત ગાંજાની હેરાફેરી વધી રહી છે, ત્યારે તમામ એજન્સીઓ આ દૂષણને દૂર કરવા કામે લાગી ગઈ છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ એ બાતમીના આધારે વધુ બે કિલો હાઈબ્રીડ ગાંજા સાથે એક મુસાફરને ઝડપી લીધો છે. થાઈલેન્ડથી આવી રહેલો મુસાફર પોતાની ટ્રોલી બેગમાં બે કરોડ રૂપિયાનો ગાંજો લઈને આવી રહ્યો હતો. ગાંજા અંગે બાતમીના આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સના અધિકારીઓને વૉચ રાખવા સુચના આપી હતી. જેને પગલે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સના અધિકારીઓ બાતમી મળી હતી કે બેંગકોકથી અમદાવાદ આવી રહેલી થાઈ એરવેઝની ફ્લાઈટમાં એક ભારતીય મુસાફર મોટા પ્રમાણમાં નશીલ પદાર્થ લઈને ભારતમાં લાવી રહ્યો છે, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ ની ટીમે એર ઇન્ટેલિજન્સ યુનિટની ટીમને એક્ટિવ કરી દીધી હતી. જેથી થાઈ એરવેઝની ફ્લાઈટ લેન્ડ થઈ અને મુસાફરો કસ્ટમ્સ ક્લિયરન્સ કરાવી રહ્યા હતા ત્યારે -જ એક ભારતીય યુવકને અધિકારીઓએ રોક્યો હતો. તેની પ્રાથમિક પૂછપરછ બાદ ટ્રોલી બેગની તપાસ કરાઈ ત્યારે તેમાં છૂપાવેલા બે પેકેટ મળી આવ્યા. હતા. આ પેકેટમાં લીલા કલરની વનસ્પતિ જેને નશીલા પદાર્થ હોવાનું જણાઈ આવ્યું હતું. તપાસ કરાવતાં તે હાઈબ્રીડ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. અધિકારીઓએ કુલ ૨.૦૯૪ કિલોગ્રામ હાઈબ્રીડ ગાંજો કબજે લઈ મુસાફરની અટક કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં છેલ્લા 5 વર્ષમાં 17 પુલ ધરાશાયી વિકાસની સાથે વિશ્વાસનો પુલ પણ તૂટ્યો

વડોદરા : ગંભીરામાં બનેલો બનાવ ગુજરાતમાં બ્રિજ ધરાશાયી થવાની પહેલી ઘટના નથી. છેલ્લાં પાંચ વર્ષમાં આવા 17 જેટલા પુલ અને માળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સ ધરાશાયી થઈ ચૂક્યા છે, જે તંત્રની બેદરકારી અને ભ્રષ્ટાચાર પર ગંભીર સવાલો ઊભા કરે છે, અને વિકાસના દાવાઓની પોલ ખોલે છે

1. ગંભીરા બ્રિજ દુર્ઘટના (9 જુલાઈ 2025) : વડોદરાના પાદરા-જંબુસરને જોડતો મહીસાગર નદી પરનો 45 વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડ્યો, જેમાં 14 લોકોના મોત થયા.
2. બોટાદમાં પુલ ધોવાયો (જૂન 2025 - 20 દિવસ પહેલાં) : બોટાદના જનડા ગામમાં પાટલિયા નદી પર માત્ર ત્રણ વર્ષ પહેલાં લાખો રૂપિયાના ખર્ચે બનેલો પુલ ધોધમાર વરસાદને કારણે ધોવાઈ ગયો.
3. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઈટ (5 નવેમ્બર, 2024) : આણંદ જિલ્લામાં મહીસાગર નદી પાસે નિર્માણાધીન બુલેટ ટ્રેન બ્રિજનું કામચલાઉ માળખું ધરાશાયી થઈ ગયું.
4. બોડેલી-છોટાઉદેપુર પુલ (28 ઑગસ્ટ 2024) : ભારે વરસાદને કારણે બોડેલી અને છોટાઉદેપુરને જોડતો લગભગ 50 વર્ષ જૂનો પુલ તૂટી પડ્યો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.
5. ચોટીલાના હબિયાસર ગામ પાસેનો પુલ ધરાશાયી (27 ઑગસ્ટ 2024) : સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં ભારે વરસાદને કારણે હબિયાસર ગામ પાસેનો પુલ ધરાશાયી થયો.
6. મોરબીના હળવદમાં પુલ ધરાશાયી (26 ઑગસ્ટ 2024) : મોરબીના હળવદમાં માત્ર એક જ વર્ષ પહેલાં બનાવવામાં આવેલો પુલ ભારે વરસાદમાં ધરાશાયી થયો.
7. સુરત શહેરમાં નમી ગયો મેટ્રોનો પુલ (30 જુલાઈ 2024) : સુરત શહેરનાં સારોલી વિસ્તારમાં મેટ્રો ફ્લાયઓવરનો એક ભાગ ઉદ્ઘાટન થાય તે પહેલાં જ ક્ષતિગ્રસ્ત થઈને નમી ગયો હતો.
8. મહેસાણાના આંબેડકર બ્રિજમાં ગાબડું (14 ફેબ્રુઆરી 2024) : મહેસાણામાં આવેલો આંબેડકર બ્રિજનો એક ભાગ બેસી ગયો.
9. પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી પડ્યો (23 ઓક્ટોબર 2023) : પાલનપુર આરટીઓ સર્કલ નજીક નિર્માણાધીન ઓવરબ્રિજનો એક ભાગ તૂટી પડતા રિક્ષાચાલકનું મોત થયું હતું.
10. ખેડા જિલ્લાના બામણગામથી પરિએજને જોડતો બ્રિજ ધરાશાયી (4 ઑક્ટોબર 2023) : ખેડા જિલ્લાના પરિએજથી બામણ ગામને જોડતો કેનાલ પરનો બ્રિજ ધરાશાયી થયો.
11. ધંધુસરનો 45 વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી (5 જુલાઈ 2023) : ઉબેણ નદી પર આવેલો ધંધુસરનો 45 વર્ષ જૂનો બ્રિજ તૂટી પડ્યો.
12. મોરબીનો ઝૂલતો પુલ દુર્ઘટના (30 ઓક્ટોબર 2022) : મોરબી શહેરમાં મચ્છુ નદી પર બનેલો ઝૂલતો પુલ તૂટી પડ્યો, જેના કારણે ઓછામાં ઓછા 141 લોકોના મોત થયા.
13. રાજકોટના માધાપર ચોકડી પાસે બ્રિજ ધરાશાયી (25 જાન્યુઆરી 2022) : રાજકોટમાં દોઢસો ફૂટ રીંગરોડ પર માધાપર ચોક ખાતે બની રહેલો બ્રિજનો એક મોટા કદનો પીલર ધસી પડ્યો હતો.
14. મુમતપુરા બ્રિજનો એક સ્પાન પડ્યો (21 ડિસેમ્બર 2021) : અમદાવાદના મુમતપુરા બ્રિજનો એક ભાગ ધરાશાયી થયો.
15. (24 જાન્યુઆરી 2020) : મહેસાણા બાયપાસ હાઈવે પરનો ખારી નદી પરનો બ્રિજ બેન્ડ થઈ ગયો.
16. રાજકોટ જિલ્લાના આજીડેમ ચોકડી પાસે પુલ તૂટી પડ્યો (2020) : રાજકોટ જિલ્લામાં આજીડેમ ચોકડી પાસે પણ પુલ તૂટી પડવાની દુર્ઘટના બની હતી.
17. સુરતમાં પીપોદ ફ્લાયઓવર બ્રિજ (2019) : આ વર્ષે સુરતમાં પીપોલોદ ફ્લાયઓવર બ્રિજ પણ દુર્ઘટનાનો શિકાર બન્યો હતો.

# મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસની જન્મ જયંતિ એટલે ગુરુ પૂર્ણિમા



ભારતીય સંસ્કૃતિમાં "ગુરુ "શબ્દ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવેલો શબ્દ છે. "ગુ"નો અર્થ અંધકાર અને "રૂ " અર્થ અંધકાર દૂર કરનાર. આ દિવસે શિષ્યો દ્વારા આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને ભેટ આદિ વસ્તુ ગુરુ ચરણે અર્પણ કરીને ગુરુ પૂજન કરવામાં આવે છે. કેમ કે જીવનની સફળતા ભણી પહેલું ડગલું ભરવા પાછળ ગુરુ જવાબદાર હોય છે. ગુરુનું મહત્વ આ શ્લોક દ્વારા સમજાવવામાં આવ્યું છે.

**अज्ञान तिमिरान्धस्य ज्ञानाञ्जन शलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥**

જે શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા શિષ્યની આંખોમાં જ્ઞાનરૂપી સળીથી અંજન કરીને શિષ્યમાં જ્ઞાનનો દીપક પ્રગટાવીને આંખોને ખોલે છે, તેને ગુરુ કહેવાય છે. શાસ્ત્રોમાં આષાઢ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાને " વ્યાસ પૂર્ણિમા" કે ગુરુ પૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે. કેમ કે આજથી 3000 ઈસવીસન પૂર્વે આ દિવસે બ્રહ્મસૂત્ર, મહાભારત, શ્રીમદ્ ભાગવત અને આઠમ પુરાણ જેવા અદભૂત સાહિત્યની રચના કરનારા મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ થયો હતો. જેઓએ સર્વ પ્રથમ ગીતાનું જ્ઞાન આપ્યું હતું. પુરાણો અનુસાર ભગવાન શિવજી પ્રથમ ગુરુ છે, તેઓએ પૃથ્વી પર સૌથી પહેલાં ધર્મ અને સભ્યતાનો પ્રચાર કર્યો હતો. તેથી તેઓને આદ્યગુરુ કે આદિ ગુરુ શંકર પિતા કહેવાય છે. શિવજીએ પરશુરામ અને શનિ દેવને પ્રથમ શિક્ષણ આપ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ગુરુની મહત્તા વર્ણવતો એક પ્રસંગ છે કે જ્યારેશ્રી કૃષ્ણ ગોલોક ગમન કરવાના હતા, ત્યારે વ્યથિત અર્જુનને સાંત્વના આપતાં કહ્યું કે "તેઓ શ્રીમદ્ ભાગવતમાં સાક્ષાત સ્વરૂપે રહેશે અને ભગવાનના સહારે મનુષ્યો તેમની કૃપા મેળવી શકશે." આમ ભાગવતમાં તેમની સ્પષ્ટ આજ્ઞા છે કે "આચાર્ય ગુરુને મારું જ સ્વરૂપ સમજવું. સ્વાધ્યાયના પ્રણેતા પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પ્રવચનના પ્રારંભે આ શ્લોકનું અવશ્ય પઠન કરે છે.

"વસુદેવ સુતં દેવં કંસ ચાણૂર મર્દનમ્
દેવકી પરમાનંદમ્, કૃષ્ણં વંદે જગદગુરુમ્ "

આમ ભગવાન શ્રી કૃષ્ણ તો આખા જગતના ગુરુ છે. ગુરુ મહિમા અપરંપાર છે. પ્રસ્થાપિત વેદ કાળથી પરંપરા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનના ગુરુ સ્વયં શ્રીકૃષ્ણ છે. દાદા ભગવાન ગુરુનાં લક્ષણો વિશે કહે છે કે"જ્યાં આપણું દીલ ઠરે તો એમને ગુરુ કરવા. દીલ ના ઠરે ત્યાં સુધી ગુરુ ન કરવા." શિષ્યના ગુણને પૂજ્ય પ્રમુખ સ્વામીના પ્રસંગ દ્વારા સમજીએ. પ્રમુખ સ્વામીનો ગુરુ પ્રત્યેનો પ્રેમ અલૌકિક અને અનન્ય હતો. જ્યારે શાસ્ત્રીજી મહારાજ તેમના શિષ્યો સાથે ગામની મુલાકાતે પધાર્યા, ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેમની સાથે સમય વિતાવ્યો હતો. જ્યારે તેઓ 17 વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમના ગુરુ, શાસ્ત્રીજી મહારાજે તેમને સ્વામીનારાયણ ભગવાનના સાધુના રૂપમાં દીક્ષા લેવા માટે પત્ર લખ્યો. તેમણે માતા-પિતાની અનુમતિ અને આશીર્વાદ મેળવી જરા પણ વિચાર કર્યા વિના એજ દિવસે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાને માથે ચડાવી ઘર છોડી ગયા. અંતમાં મારા લેખની પૂર્ણાહુતિ સ્વરચિત ગીતથી કરીશ.

**ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક- (સંગીતકાર)**

# ભારતના પૂર્વોત્તરમાં પૂર, ઉત્તરાખંડમાં અનેક સ્થળોએ ભૂસ્ખલન

## દિલ્હી અને એનસીઆરમાં રસ્તાઓ બેટમાં ફેરવાયા, ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગ-બદ્રીનાથ રસ્તો મોટા ભૂસ્ખલનના કારણે બંધ

**નવી દિલ્હી**

દેશભરમાં ચોમાસુ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. એક તરફ લોકોને ગરમીમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જવા, ટ્રાફિક જામ, ભૂસ્ખલન અને પૂર જેવી સમસ્યાઓ સર્જાઈ છે. તેની સૌથી વધુ અસર દિલ્હી-એનસીઆરમાં જોવા મળી રહી છે, જ્યાં થોડા કલાકોના વરસાદથી શહેરના રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા. પરિસ્થિતિ એવી હતી કે ઘણાં વિસ્તારોમાં રસ્તાઓ પર વાહનો તરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે.

ચોમાસાની શરૂઆત સાથે દેશના વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદે તબાહી મચાવી છે. આ દરમિયાન, ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે રુદ્રપ્રયાગ-બદ્રીનાથ રસ્તો મોટા ભૂસ્ખલનના કારણે બંધ થઈ ગયા છે. ઋષિકેશ જઈ રહેલા એક મુસાફરે જણાવ્યું હતુ કે તે ચાર કલાકથી



વધુ સમય સુધી રસ્તા પર ફસાયો હતો. તેમણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "અમે ઋષિકેશ જઈ રહ્યા હતા, તે દરમિયાન ભૂસ્ખલન થયું. કાટમાળ અને પથ્થરોએ રસ્તો રોક્યો છે. ક્રેન રસ્તો સાફ કરવા માટે કામ કરી રહી છે." અધિકારીઓએ કાટમાળ દૂર કરવા અને સામાન્ય ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે ભારે મશીનરી તૈનાત કરી છે. રસ્તો ફરીથી ખોલવા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાના પ્રયાસો ચાલુ છે. ચમોલી જિલ્લાના નંદપ્રયાગ ઘાટના મુખ ગામ પાસે વાદળ ફાટવાની ઘટના બની હતી. રાજ્ય આપત્તિ બચાવ દળ અનુસાર, અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે SDRF ની એક ટીમ સ્થળ પર મોકલવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે. રહેવાસીઓ અને યાત્રાળુઓને સતર્ક રહેવા અને સંવેદનશીલ વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે.

દિલ્હી અને NCRના ઘણા ભાગોમાં સાંજે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ભારત મંડપમ, ઝિલમિલ અંડરપાસ, કૃષ્ણા નગર, ITO, આઉટર રિંગ રોડ, કાલકાજી, આશ્રમ, વઝીરાબાદ, અક્ષરધામ અને મથુરા રોડ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા હતા. ઘણી જગ્યાએ રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા.

# પીએમ મોદીને નામીબિયાના સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી સન્માનિત કરાયા

**વિન્ધોએક**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નામીબિયા દેશે પોતાના સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી સન્માનિત કર્યા હતા. આ એવોર્ડને ઓર્ડર ઓફ દ મોસ્ટ એન્સિઅન્ટ વેલ્વિત્શિયા મિરાબિલિસ તરીકે ઓળખવામાં આવે છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બ્રાઝિલ સરકારે પોતાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'નેશનલ ઓર્ડર ઓફ સધર્ન ક્રોસ'થી સન્માનિત કર્યા છે. વર્ષ ૧૯૯૫માં આ એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી. જે મુખ્યત્વે વિશિષ્ટ સેવા અને નેતૃત્વને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. વડાપ્રધાન મોદી હાલ આફ્રિકન દેશ નામીબિયાની મુલાકાતે છે. જ્યાં તેમને આ સન્માન મળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ એવોર્ડ નામીબિયાના પ્રમુખ નેટુમ્બો નંદીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ સન્માન મળ્યા બાદ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હું આ એવોર્ડ ભારત અને નામીબિયાના નાગરિકોને અર્પણ કરૂ છું. ભારત અને નામીબિયાની ગાઢ મિત્રતાનો હું હિસ્સો છું જે મારા માટે ગૌરવ સમાન છે.

## મોદીને 11 વર્ષમાં 27 ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યા

- 2016 : સાઉદી અરેબિયાએ સર્વોચ્ચ નાગરિક સન્માન, કિંગ અબ્દુલ અઝીઝ સાશથી સન્માનિત કર્યા હતા.
- 2016 : અફઘાનિસ્તાને પીએમ મોદીને સ્ટેટ ઓર્ડર ઓફ ગાઝી અમીર સન્માનથી સન્માનિત કર્યા.
- 2018 : પેલેસ્ટાઇનએ તેમને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માન, ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ પેલેસ્ટાઇનથી સન્માનિત કર્યા.
- 2019 : યુએઈએ ઓર્ડર ઓફ ઝાયેદ એનાયત કર્યો.
- 2019 : રશિયાએ ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલ એનાયત કર્યો.
- 2019 : માલદીવે PM મોદીને ઓર્ડર ઓફ ઇઝ્ઝુદ્દીનથી સન્માનિત.
- 2019 :બહેરીને પણ પીએમ મોદીને કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેસાંથી સન્માનિત કર્યા.
- 2020 :અમેરિકાએ પીએમ મોદીને લીજન ઓફ મેરિટથી સન્માનિત કર્યા.
- 2021 : ભૂટાને પીએમને ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પોથી સન્માનિત કર્યા.
- 2023 : પાપુઆ ન્યુ ગિનીએ PM મોદીને અબકલ એવોર્ડ આપ્યો.
- 2023 : ફિજીએ પીએમ મોદીને કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર આપ્યો.
- 2023 : પાપુઆ ન્યુ ગિનીએ પણ પીએમને ઓર્ડર ઓફ લોગોહુ આપ્યો. જે સર્વોચ્ચ નાગરિક સન્માન છે.
- 2023 : ઇજિપ્તે ઓર્ડર ઓફ ધ નાઇલ આપ્યો.
- 2023 : ફ્રાન્સે ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન સન્માન આપ્યું.
- 2023 : ગ્રીસે ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનરથી સન્માનિત કર્યા.
- 2024 : ડોમિનિકા, નાઇજીરીયા, ગુયાના, બાર્બાડોસ અને કુવૈતે PMને સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરાયા હતા.

# આર્થિક ગુનેગાર મોનિકા કપૂરને યુએસમાંથી ભારત પરત લાવવામાં સીબીઆઈને સફળતા

## મોનિકાએ અમદાવાદની દીપ એક્સપોર્ટને બનાવટી ઇમ્પોર્ટ લાઇસન્સ વેચ્યું હતું

**નવી દિલ્હી**

કર્ણાટકમાં જેની સામે ઇન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટીસ બહાર પાડવામાં આવેલી છે તેવી ૨૫ વર્ષથી નાસતીફરતી આર્થિક ગુનેગાર મોનિકા કપૂરને યુએસમાંથી પરત લાવવામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન-સીબીઆઈ-ને સફળતા મળી છે. મોનિકા કપૂરને સીબીઆઈ દ્વારા ગુરૂવારે દિલ્હીની અદાલતમાં રજૂ કરવામાં આવશે.

સીબીઆઈની ટીમ દ્વારા મોનિકાને પકડી અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ એએ૨૯૨ દ્વારા ભારત પરત આવવા રવાના થઈ ચૂકી છે. આ વિમાન બુધવારે મોડી રાત્રે દિલ્હીના એરપોર્ટ પર પહોંચશે. અમેરિકન સત્તાવાળાઓ સાથે સહકાર સાધી સીબીઆઈએ આ બીજી મોટી સફળતા મેળવી છે. અગાઉ સીબીઆઈએ નેહલ મોદીની યુએસમાં ધરપકડ કરી હતી.

મોનિકા ઓવરસીઝની માલિક મોનિકા કપૂર તથા તેના ભાઈઓ રાજન ખન્ના અને રાજીવ ખન્નાએ નિકાસના બનાવટી દસ્તાવેજો દ્વારા ૧૯૯૮માં કૌભાંડ કર્યું હોવાનું સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું હતું. દાગીના ઘડવા અને તેની નિકાસ કરવા માટે આયાત ડ્યુટી મુક્ત સામગ્રી લાવવા માટે છ લાઇસન્સ મેળવવા મોનિકા અને તેના બંને ભાઈઓએ બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હતા. તેમણે આ દસ્તાવેજો અમદાવાદની દીપ એક્સપોર્ટને પ્રિમિયમ લઈ વેચી માર્યા હતા.

# ઈન્ડિયન નેવીને મળ્યું પહેલું સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ 'નિસ્તાર', રેસ્ક્યૂ ઓપરેશનમાં મળશે મદદ

**નવી દિલ્હી**

ઈન્ડિયન નેવી પોતાની શક્તિને વધુ મજબૂત બનાવવા જઈ રહી છે. 8 જુલાઈ, 2025ના રોજ વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડે ઈન્ડિયન નેવીને પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ જહાજ 'નિસ્તાર' સોંપ્યું. આ જહાજ ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવ્યું છે અને બનાવવામાં આવ્યું છે. તે માત્ર એક સહાયક જહાજ નથી, પરંતુ એક સાયલન્ટ કિલર છે જે સમુદ્રમાં દુશ્મનની કોઈપણ ચાલને નિષ્ફળ બનાવે છે.

નિસ્તારએ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કામગીરી માટે રચાયેલું યુદ્ધ જહાજ છે. તેનું નામ સંસ્કૃત શબ્દ 'નિસ્તાર' પરથી આવ્યું છે, જેનો અર્થ મુક્તિ, બચાવ અથવા મુક્તિ થાય છે. તે એક ખાસ ટેકનોલોજી ધરાવતું જહાજ છે જે વિશ્વ થોડા દેશ પાસે જ છે.



INS નિસ્તાર ઈન્ડિયન નેવીનું પહેલું ડેડીકેટેડ ડાઈવિંગ સપોર્ટ જહાજ (DSV) હશે, જેનો ઉપયોગ કટોકટીમાં કોઈપણ સબમરીનને બચાવવા માટે કરવામાં આવશે. આ જહાજ લગભગ 80% સ્વદેશી ટેકનોલોજી અને સામગ્રીથી બનેલું છે. તેનું વજન 9350 ટન છે અને તે 120 મીટર લાંબુ છે.

# ગુરુગ્રામમાં ટેનિસ ખેલાડી રાધિકા યાદવની ગોળી મારીને હત્યા

**નવી દિલ્હી**

ભૂતપૂર્વ રાષ્ટ્રીય ટેનિસ ખેલાડી 25 વર્ષીય રાધિકા યાદવની ગુરૂવારે બપોરે તેના જ પિતાએ ત્રણ ગોળીઓ મારીને હત્યા કરી હતી. રાધિકા યાદવે દોઢ મહિના પહેલા તેની ટેનિસ એકેડેમી શરૂ કરી હતી. જ્યારે તે ઘરની બહાર જતી હતી, ત્યારે લોકો તેના પિતાને ટોણા મારતા હતા કે તે તેની પુત્રીની એકેડેમીની કમાણી ખાઈ રહ્યો છે. પિતા અને પુત્રી છેલ્લા 15 દિવસથી એકેડેમી બંધ કરવા બાબતે ઝઘડો કરી રહ્યા હતા. ગુરુવારે બપોરે જ્યારે ઝઘડો વધુ વકર્યો, ત્યારે તેમણે આ ગુનો કર્યો હતો. સેક્ટર 56 પોલીસ સ્ટેશને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો અને હત્યાની કલમો હેઠળ કેસ નોંધ્યો. ઉપરાંત, આરોપી પિતાને સેક્ટર 57 સ્થિત તેના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી અને એક પિસ્તોલ મળી આવી હતી. આરોપી પિતાને શુક્રવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# મારે રૂ. 15 કરોડનું દેવું, કોઈ રસ્તો બચ્યો નથી, ગોળી મારી બિઝનેસમેનનો આપઘાત

**લખનઉ**

ઉત્તર પ્રદેશના લખનઉ શહેરમાં રિયલ એસ્ટેટના બિઝનેસમેને પોતાને ગોળીમારી આત્મહત્યા કરી લીધી છે. 36 વર્ષીય બિઝનેસમેન શહવાજ સિદીકીએ ફેસબુક લાઈવ કરીને ઓફિસમાં જ પોતાની ગોળી મારી છે. ફેસબુક લાઈવ કરતી વખતે તેણે આત્મહત્યા કરવા મજબૂર કરનાર કેટલાક લોકોના નામ આપ્યા છે. સિદીકી પર 15 કરોડ રૂપિયાનું દેવું હતું, જેના કારણે તે અઢી વર્ષથી ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. સિદીકીએ બપોરના સમયે ફેસબુક લાઈવ પર કહ્યું કે, 'હું થાકી ગયો છું, મારી પાસે કોઈ રસ્તો બચ્યો નથી. હું ખૂબ જ પરેશાન છું. હું તમામ લોકોને મારા પરિવારની મદદ કરવા અપીલ કરું છું. મારા પરિવારને તકલીફ ન પડે તે માટે હું આજે મારી જિંદગી ખતમ કરી રહ્યો છું. હું સારો પુત્ર, સારો પિતા, સારો પતિ ન બની શક્યો. જોકે હું ઈચ્છું છું કે, મારા મોત બાદ મારો પરિવાર સુરક્ષિત અને સન્માનજીક જીવન જીવે.' બિઝનેસમેને આત્મહત્યા કરવા મજબૂર કરનારાઓના નામ પણ આપ્યા છે. આ સાથે સિદીકીએ પરિવારને મદદ કરવા માટે વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી યોગી, રતન ટાટા, મુકેશ અંબાણી અને સલમાન ખાનને વિનંતી પણ કરી છે.

# એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત, મંત્રી શિરસાટને ITની નોટિસ, સંપત્તિનો હિસાબ માંગ્યો

**મેરઠ**

મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની શિવસેનાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. શિંદે જૂથના નેતા અને સરકારના મંત્રી સંજય શિરસાટને ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ નોટિસ ફટકારી છે. મળતી માહિતી મુજબ, માત્ર શિરસાટ જ નહીં પરંતુ એકનાથ શિંદેના દીકરા, સાંસદ શ્રીકાંત શિંદેને પણ નોટિસ ફટકારવામાં આવી છે. સંજય શિરસાટને તેમની સંપત્તિમાં થયેલા વધારાના કારણે નોટિસ ફટકારી છે. 'ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ અને અન્ય એજન્સીઓ પોતાનું કામ કરી રહી છે અને તેમાં કાંઈ ખોટું નથી. વર્ષ 2019 થી 2024 દરમિયાન મારી સંપત્તિમાં થયેલા વધારાને લઈને ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્પષ્ટતા માંગવામાં આવી છે. હું આ નોટિસનો જવાબ આપીશ.'



# ઈંગ્લેન્ડમાં પ્રથમ વખત ટી-૨૦ સિરીઝ જીતી ભારતીય વિમેન્સ ટીમે ઈતિહાસ રચ્યો

## પાંચ મેચની શ્રેણીમાં ભારતીય ટીમે ૩-૧ની અજેય લીડ મેળવી

**લંડન**

ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે પોતાના સ્પિનર્સના શાનદાર પ્રદર્શનની મદદથી ચોથી ટી૨૦ મેચમાં છ વિકેટે વિજય હાંસલ કરીને ઈંગ્લેન્ડની ધરતી ઉપર પ્રથમ વખત ટી૨૦ શ્રેણી જીતવાની સિદ્ધિ મેળવી હતી. આ વિજય સાથે ભારતીય ટીમે પાંચ મેચની શ્રેણીમાં ૩-૧ની અજેય લીડ મેળવી લીધી છે. બંને ટીમ વચ્ચેનો અંતિમ મુકાબલો શનિવારે બર્મિગહામ ખાતે રમાશે. ભારતે ૨૦૦૬માં ડર્બીશાયર ખાતે રમાયેલી એકમાત્ર ટી૨૦ મેચમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ત્યારબાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે તથા વિદેશમાં રમેલી પ્રત્યેક ટી૨૦ શ્રેણીમાં હારી હતી. સ્પિનર રાધા યાદવે ૧૫ રનમાં બે તથા શ્રી ચરણીએ ૩૦ રનમાં બે વિકેટ ઝડપતા ઈંગ્લેન્ડ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૨૬ રન નોંધાવી શક્યું હતું. ત્યારબાદ ઓપનર શેફાલી વર્માના ૩૨ તથા સ્મૃતિ મંધાનાના ૩૧ અને બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે નોંધાયેલી ૫૬ રનની ભાગીદારીના કારણે ભારતનો વિજય આસાન બની ગયો હતો. ભારતે ૧૭ ઓવરમાં ચાર વિકેટે ૧૨૭ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. જેમિમા રોડ્રિગ્ઝે અણનમ ૨૪ તથા સુકાની હરમનપ્રીત કૌરે ૨૬ રનનું યોગદાન આપ્યું હતું. બંનેએ આઠમીથી ૧૪મી ઓવરની વચ્ચે એક પણ બાઉન્ડ્રી ફટકાર્યા વિના સ્કોરબોર્ડને સતત ફરતું રાખ્યું હતું.

# ત્રીજી ટેસ્ટ : ઈંગ્લેન્ડ ચાર વિકેટે ૨૫૧

## ઈંગ્લેન્ડની કંટાળાજનક બેટિંગ : જોઇ રુટ ૯૯*

લંડન : અનુભવી બેટ્સમેન જોઈ રુટે અણનમ ૯૯ ઈંગ્લેન્ડે ભારત સામે રમાતી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસની રમતના અંતે ચાર વિકેટે ૨૫૧ રન બનાવી લીધા હતા. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે ઈંગ્લેન્ડની બેટિંગ પૂરા દિવસ કંટાળાજનક રહી હતી. પ્રથમ બે ટેસ્ટમાં બેઝબોલ સ્ટાઈલમાં બેટિંગ કરનાર ઈંગ્લેન્ડને તેની રણનીતિ બદલવાની ફરજ પડી હતી. સ્ટમ્પના સમયે રુટ ૧૯૧ બોલમાં ૯૯ અને સુકાની બેન સ્ટોક્સ ૩૯ રને રમી રહ્યા હતા. બંનેએ



ચોથી વિકેટ માટે અણનમ ૭૯ રનની ભાગીદારી નોંધાવી હતી. રિષભ પંત ઈજાગ્રસ્ત થતાં ધ્રુવ જુરેલે વિકેટકીપિંગ કર્યું હતું.

બેટિંગ માટે આસાન જણાતી પિચ ઉપર ઈંગ્લેન્ડના ઓપનર ઝેક ક્રોવલી (૧૮) અને બેન ડકેટે (૨૩) સારી શરૂઆત કરીને પ્રથમ વિકેટ માટે ૪૩ રન નોંધાવ્યા હતા. નીતિશ કુમારે એક જ ઓવરમાં બંને ઓપનરને પેવેલિયન પરત મોકલીને ભારતને બે સફળતા અપાવી હતી. ઓલી પોપ અને રુટે ત્રીજી વિકેટ માટે ૨૧૧ બોલમાં ૧૦૯ રન ઉમેર્યા હતા. પોપ ૪૪ રન બનાવ્યા બાદ જાડેજાનો શિકાર બન્યો હતો.

# સ્વિયાતેક અને અમાન્ડા વચ્ચે શનિવારે વિમેન્સ સિંગલ્સની ફાઇનલ રમાશે



અમાન્ડાએ સબાલેન્કોને ૬-૪, ૪-૬, ૬-૪થી હરાવી હતી

લંડન : અમેરિકાની અમાન્ડા એનિમિસોવાએ ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાતા વિમ્બલ્ડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.

આ સાથે તાજેતરમાં રોલેન્ડ ગરોસ ખાતે રમાયેલા ફ્રેન્ચ ઓપનમાં રનર્સ-અપ બનેલી વિશ્વની પ્રથમ ક્રમાંકિત બેલારુસની આર્યના સબાલેન્કોનું વધુ એક વખત વિમ્બલ્ડન ચેમ્પિયન બનવાનું ડ્રીમ ચકનાચૂર થયું હતું. પ્રથમ સેમિફાઈનલમાં ૧૩મી ક્રમાંકિત અમાન્ડાએ સબાલેન્કોને બે કલાક ૩૭ મિનિટ સુધી સંઘર્ષ કર્યા બાદ ૬-૪, ૪-૬, ૬-૪થી પરાજય આપ્યો હતો. પોલેન્ડની આઠમી ક્રમાંકિત ઈગા સ્વિયાતેકે કોઈ પણ મુશ્કેલી વિના બેલિન્ડા બેનકિચને ૬-૨, ૬-૦થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. શનિવારે અમાન્ડા અને સ્વિયાતેક વચ્ચે વિમેન્સ સિંગલ્સનો ફાઈનલ મુકાબલો રમાશે. સ્વિયાતેકે મેચ જીતવા માટે એક કલાક ૧૨ મિનિટનો સમય લીધો હતો.

# ટેસ્ટ રેન્કિંગ : ગિલની ૧૫ ક્રમાંકની આગેકૂચ, હેરી બ્રૂક નંબર-૧ બન્યો

**દુબઇ**

ભારતીય ટેસ્ટ સુકાની શુભમન ગિલ ઈંગ્લેન્ડ સામે બર્મિગહામના એજબેસ્ટન ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શનની મદદથી ૧૫ ક્રમાંકની આગેકૂચ કરીને ટેસ્ટ રેન્કિંગમાં છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડનો બેટ્સમેન હેરી બ્રૂક પોતાના સાથી ખેલાડી જોઈ રુટને પાછળ રાખીને ટોચના ક્રમે પહોંચ્યો છે. એજબેસ્ટન ખાતે ૧૫૮ રનની ઈનિંગ રમનાર હેરી બ્રૂક હવે રુટ કરતાં ૧૮ રેટિંગ પોઈન્ટ આગળ છે. એજબેસ્ટનમાં ૨૬૯ તથા ૧૬૧ રનની ઐતિહાસિક ઈનિંગ્સ રમનાર ગિલ કારકિર્દીના બેસ્ટ ૮૦૭ રેટિંગ પોઈન્ટ સુધી પહોંચ્યો છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમ્સન ત્રીજા અને યશસ્વી જયસ્વાલ ચોથા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાનો સ્ટિવ સ્મિથ પાંચમા ક્રમે છે. કારકિર્દીમાં બેસ્ટ અણનમ ૧૮૪ રનની ઈનિંગ રમનાર ઈંગ્લેન્ડનો વિકેટકીપર જેમી સ્મિથ ૧૬ ક્રમાંકની આગેકૂચ સાથે ૧૦મા ક્રમાંકે પહોંચી ગયો છે. ઝિમ્બાબ્વે સામેની બીજી ટેસ્ટમાં અણનમ ૩૬૭ રનની વિક્રમી ઈનિંગ રમનાર સાઉથ આફ્રિકન ઓલરાઉન્ડર વિયાન મુલ્ડરને બેટ્સમેન તથા ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં ફાયદો થયો છે.

# ભારત FIFA રેન્કિંગમાં ૧૩૩મા ક્રમે સરકી ગયું

**નવી દિલ્હી :** ભારતીય મેન્સ ફૂટબોલ ટીમ જૂન મહિનામાં મળેલા બે પરાજયના કારણે ફિફા વર્લ્ડ રેન્કિંગમાં છ ક્રમાંકની પીછેહઠ સાથે ૧૩૩મા ક્રમાંકે સરકી ગઈ છે. છેલ્લે ભારતીય ટીમનું સૌથી ખરાબ રેન્કિંગ ૨૦૧૬ના ડિસેમ્બરમાં રહ્યું હતું અને તે સમયે ભારત ૧૩૫મા ક્રમે રહ્યું હતું. ભારત ૧૯૯૪માં બેસ્ટ ૯૪મા ક્રમાંકે હતી. ભારત ૪૬ એશિયન દેશોમાં ૨૪મા ક્રમાંકે છે અને વર્લ્ડ રેન્કિંગમાં ૧૭મો ક્રમાંક ધરાવતું જાપાન સૌથી આગળ છે. ફિફાની ટોપ-૧૦ ટીમમાં ડિફેન્ડિંગ વર્લ્ડ કપ ચેમ્પિયન આર્જેન્ટિના, સ્પેન, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, બ્રાઝિલ, પોર્ટુગલ, નેધરલેન્ડ્સ, બેલ્જિયમ, જર્મની તથા ક્રોએશિયાનો સમાવેશ થાય છે.

# ભારતના સંજોગ ગુપ્તાની આઇસીસીમાં સાતમાં સીઇઓ તરીકે વરણી કરાઈ

**દુબઇ**

પ્રમુખ જય શાહના નેતૃત્વ હેઠળ આઈસીસીએ ભારતીય મીડિયા દિગ્ગજ સંજોગ ગુપ્તાની નવા સીઈઓ તરીકે વરણી



કરી છે. તે ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસનું સ્થાન લેશે. જેમણે ચાલુ વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં વ્યક્તિગત કારણોસર પોતાના હોદ્દાએથી રાજીનામું આપ્યું હતું. અત્યાર સુધી જિયો સ્ટારમાં સીઈઓ (સ્પોર્ટ્સ) તરીકે કાર્યરત રહેલા ગુપ્તા તાત્કાલિક અસરથી પોતાની નવી ભૂમિકાનો કારભાર સંભાળશે. તે આઈસીસીના સાતમા સીઈઓ બનશે. આઈસીસીને આ હોદ્દા માટે ૨૫ દેશમાંથી ૨૫૦૦ કરતાં વધારે અરજી મળી હતી અને ૧૨ ઉમેદવારોને શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા.

# મેન્સ હોકી : ભારત-એ ટીમે આયરલેન્ડને બીજી વખત હરાવ્યું

**આઈંડહોવન (નેધરલેન્ડ્સ)**

ભારત-એ મેન્સ હોકી ટીમે યુરોપિયન પ્રવાસમાં પોતાના શાનદાર પ્રદર્શનને જારી રાખ્યું છે અને હોકી ક્લબ ઓરાંઝે રુડ ખાતે આયરલેન્ડ સામેની મેચમાં ૬-૦થી વિજય મેળવ્યો હતો. ભારતીય ટીમે આયરલેન્ડ સામે સતત બીજો વિજય મેળવ્યો છે. પ્રથમ મેચમાં ૬-૧થી વિજય મેળવ્યો હતો. ભારત માટે ઉત્તમસિંહે પ્રથમ ગોલ કર્યો હતો. ત્યારબાદ સુકાની સંજયે સ્કોરને ૨-૦નો કર્યો હતો. મિડફિલ્ડર મોહમ્મદ રાહિલ મૌસીને સતત બે ગોલ કરીને ભારતનો સ્કોર ૪-૦નો



કર્યો હતો. અંતિમ ક્વાર્ટરમાં અમનદીપ લાકરા અને વરુણકુમારે એક-એક ગોલ કરીને ભારત માટે મુકાબલો એકતરફી બનાવ્યો હતો. ભારતીય ટીમ હવે શનિવારે ફ્રાન્સ સામે રમશે. ભારત બે સપ્તાહ દરમિયાન ઈંગ્લેન્ડ, બેલ્જિયમ અને યજમાન નેધરલેન્ડ્સ સામે પણ રમશે.

# એશિયન શૂટિંગ ચેમ્પિ.માં ભારતીય ટીમમાં મનુ ભાકરનો સમાવેશ કરવામાં આવ્યો

**નવી દિલ્હી**

પેરિસ ઓલિમ્પિકમાં બે મેડલ હાંસલ કરનાર ભારતની ટોચની મહિલા શૂટર મનુ ભાકરનો કઝાકિસ્તાન ખાતે યોજાનારી ૧૬મી એશિયન ચેમ્પિયનશિપ માટેની ભારતીય શૂટિંગ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૬મીથી ૩૦મી ઓગસ્ટ સુધી યોજાનારી આ ઈવેન્ટ માટે ભારતના ૩૫ શૂટર્સની જાહેરાત કરવામાં આવી હતી. મનુ ભાકર



એક માત્ર એવી શૂટર છે જે બે વ્યક્તિગત ઈવેન્ટમાં ભાગ લેશે. ભારતીય શૂટિંગ ફેડરેશને જાહેર કરેલી અન્ય ટીમો સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં યોજાનારા જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપ અને જુનિયર એશિયન ચેમ્પિયનશિપ માટેની છે.

# ડોનાલ્ડ ટ્રમ્પનું ફરી ટેરિફ યુદ્ધ, 50 ટકા ટેક્સનો બોમ્બ ફોડ્યો

## અલ્જીરિયા, ઈરાક, લિબિયા, શ્રીલંકા પર 30 ટકા, બ્રુનેઈ અને મોલ્દોવા પર 25 ટકા, ફિલિપાઈન્સ પર 20 ટકા ટેરિફની જાહેરાત

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ સાત દેશો પર ટેરિફની જાહેરાત કરી છે. જેમાં સૌથી મોટો ઝટકો બ્રાઝિલને આપ્યો છે. બ્રાઝિલ પર 50 ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે અલ્જીરિયા, ઈરાક, લિબિયા, શ્રીલંકા પર 30 ટકા ટેરિફ લગાવ્યો છે. જ્યારે બ્રુનેઈ અને મોલ્દોવા પર 25 ટકા અને ફિલિપાઈન્સ પર 20 ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. નોંધનીય છે કે નવા ટેરિફ આગામી પહેલી ઓગસ્ટથી લાગુ થશે.



અમેરિકાના આ નિર્ણયથી બ્રાઝિલ બરાબરનું ભડક્યું છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલા ડા સિલ્વાએ કડક શબ્દોમાં આર્થિક બદલો લેવાની ચેતવણી આપી છે. બ્રાઝિલ ભારેખમ ટેક્સ લગાવવા મુદ્દે ટ્રમ્પે જણાવ્યું છે કે નિર્ણય લેતા સમયે બ્રાઝિલમાં પૂર્વ રાષ્ટ્રપતિ ઝાયર બોલસોનારો સાથે જે વર્તણૂક થઈ રહી છે તેને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે. નોંધનીય છે કે બ્રાઝિલમાં બોલસોનારો વિરુદ્ધ સત્તાપલટો કરવાનું ષડયંત્ર રચવાના આરોપ હેઠળ કેસ ચાલી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના આરોપો બાદ લૂલા ડા સિલ્વાએ જવાબ આપતા કહ્યું છે કે બ્રાઝિલનું ન્યાયતંત્ર સ્વતંત્ર છે અને કોઈ પણ બાહ્ય દબાણ સાંખી લેવામાં આવશે નહીં. ન્યાયતંત્ર પર કોઈ પણ ધમકી કે હસ્તક્ષેપની અસર થશે નહીં. બ્રાઝિલમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અર્થ હિંસા કે નફરત ફેલાવવી નથી.

## ભારતની ફાર્માસ્યુટિકલ્સ પર 200% ટેરિફથી અમેરિકનોને મળતી સસ્તી દવા વધુ મોંઘી થશે



ટ્રમ્પે ભારતીય ફાર્માસ્યુટિકલની આયાત પર ૨૦૦ ટકા ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો છે અને આ પ્રસ્તાવ પર જો તે આગળ વધે તો અમેરિકામાં ભારતીય દવાઓ મોંઘી થઈ શકે છે. તેમા ખાસ કરીને અત્યંત સાંકડા નફા માર્જિન પર કામ કરતી નાની ફાર્મા કંપનીઓ પર વિપરીત અસર પડી શકે છે. ઉદ્યોગના વરિષ્ઠ એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું કે અમેરિકા જો ભારતીય ફાર્મા પર ૨૦૦ ટકા ટેરિફ લાદે તો અમેરિકનોને જ ભારતીય દવા મોંઘી પડશે. અમેરિકનોને જ મોંઘવારીનો માર પડશે, તેથી આ પગલું લાંબા સમય સુધી ચાલુ રહે તેવી

## ઈટાલીમાં વિમાનના એન્જિનના પાંખીયામાં આવતાં યુવકનું મોત

**મિલાન**

ઈટાલીના મિલાનમાં એક વ્યકિત વિમાનના એન્જીનના શકિતશાળી પંખામાં આવી આવી જતા મુત્યુ થયું હતું. મંગળવારે સવારે મિલાન બર્ગામો એરપોર્ટના ટેકસી વે પર વિમાનના એન્જીનમાં વ્યકિત ફસાઈ જતા દોડાદોડ થઈ ગઈ હતી. એક વ્યકિત રનવે પર દોડી રહયો હતો ત્યારે વોલોટિયા એરબસ એ૩૧૯ના માર્ગ પર આવી ગયો હતો. આ વિમાન સ્પેનના ઓસ્ટુરિયસ માટે ટેક ઓફ થવામાં હતું. એક અહેવાલ અનુસાર લગભગ ૩૫ વર્ષનો મૃતક વ્યકિત કોઈ વિમાનનો પ્રવાસી પણ ન હતો અને એરપોર્ટનો કર્મચારી પણ ન હતો. આ માણસ કોઈ પણ રીતે બિન અધિકૃત પ્રવેશ કરવામાં સફળ રહયો હતો. મંગળવારે સવારે ૧૦.૨૦ વાગે બનેલી દુખદ ઘટનાથી એરપોર્ટ પરનો ટ્રાફિક અટકાવી દેવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર આવ અનયુઝવલ રીતે ટર્મિનલ પર પહોંચી ગયો હતો. પોતે કારમાં બેસીને એરપોર્ટ સુધી આવ્યો હતો. સુરક્ષા દ્વારને ખોલીને સુધો બળજબરીથી વિમાન પાર્કિગ ક્ષેત્ર તરફ દોરાઈ ગયો હતો. વ્યકિતનો ઈરાદો શું હતો અને કેવી રીતે રન વે પર દોડતો થઈ ગયો તેની તપાસ ચાલું છે.

## નાઈજીરિયામાં ડાકુઓના હુમલામાં 70થી વધુના હત્યા, અનેક ઘરોમાં આગ લગાવાઈ

### એકલા કુકાવામાં જ 60થી વધુ લોકોની દફનવિધિ કરી હોવાનું સામે આવ્યું છે

**અબુજા**

નાઈજીરિયાના પ્લેટુ સ્ટેટમાં ડાકુઓએ હુમલો કરીને 70 કમ્યુનિટી સિક્યોરિટી વોલેન્ટિયરની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. વોલેન્ટિયર નેતા અલીયુ બફાએ જણાવ્યું હતું કે, આ હુમલો સોમવારે બપોરે 1 વાગ્યાની આસપાસ કનમ જિલ્લામાં કુકાવા અને બનયુન સમુદાયો નજીક થયો હતો. મોટી સંખ્યામાં વોલેન્ટિયર્સ મેડમ ફોરેસ્ટ તરફ જઈ રહી હતી. 70થી વધુ વોલેન્ટિયર્સના મોત થયા છે. જ્યારે હજુ કેટલાક મૃતદેહ મળી શકે છે. સમગ્ર ઘટનાને લઈને એક સ્થાનિકે કહ્યું કે, 'ડાકુઓએ તેમની કમ્યુનિટીના 10 સિક્યોરિટી વોલેન્ટિયર્સની હત્યા કરી છે અને અનેક ઘરોમાં આગ ચાંપી દીધી છે. જેમાં એકલા કુકાવામાં જ 60થી વધુ લોકોની



દફનવિધિ કરી હોવાનું સામે આવ્યું છે.' નાઈજીરિયામાં આ પ્રકારના હુમલોમાં ઘણીવાર ઈસ્લામિક લશ્કર અથવા ગુનાહિત ગેંગનો સમાવેશ થાય છે. 2025ના પહેલા ભાગમાં જ આવા હુમલાઓમાં 2,266 લોકોના મોત થયા છે.

## એનવિડીયા 4 લાખ કરોડ ડોલરનું બજારમૂલ્ય નોંધાવનારી વિશ્વની સૌપ્રથમ કંપની બની ગઈ

### એનવિડિયાએ માઇક્રોસોફ્ટ, એપલ, ગૂગલ અને એમેઝોનને પાછળ છોડી દીધી

**ન્યૂયોર્ક**

ચિપ ઉત્પાદક એનવિડીયા ૪ લાખ કરોડ ડોલરનુ બજારમૂલ્ય નોંધાવનારી વિશ્વની પ્રથમ કંપની બની છે. સળંગ બે વર્ષ સુધી રોકાણકારોએ આ શેરમાં રોકાણ કરવા પાછળ દર્શાવેલા ગાંડપણના કારણે શેરના ભાવમાં આટલો વધારો નોંધાયો છે. બુધવારે એનવિડીયાનો શેર ૨.૫ ટકા કે ૩.૯૭ ડોલર વધવાના સાથે તેણે ચાર લાખ કરોડ ડોલરમાં પ્રવેશવાનું સન્માન મેળવ્યું હતું.




એનવિડીયાના શેરનો ભાવ એક સમયે પાંચ વર્ષ પહેલા ફક્ત ૧૩.૦૨ ડોલર હતો. આ શેરે ૨૦૨૦માં ૫૮૨ ડોલરની ટોચ નોંધાવ્યા પછી તેનું શેરવિભાજન કરવામાં આવ્યા પછી તેનો ભાવ ૧૩.૦૨ ડોલર થયો હતો. એનવિડીયાનો શેર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેક્ટરમાં આવેલી તેજીનો પોસ્ટર બોય છે. તેણે માઈક્રોસોફ્ટ, એપલ, એમેઝોન અને ગૂગલ બધાને પાછળ મકી દીધા છે. આ બધી કંપનીઓનું બજારમૂલ્યબે લાખ કરોડથી ત્રણ લાખ કરોડ ડોલર કરતાં વધારે છે. હાલમાં ચાર લાખ કરોડ ડોલરના બજારમૂલ્ય શાથે આ શેર એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ અને અન્ય ઈન્ડેક્સમાં પણ મહત્વનું સ્થાન ધરાવતો થઈ ગયો છે.

## આર્મેનિયામાં 7 વિપક્ષી નેતાઓની ત્રાસવાદની શંકા રાખી ધરપકડ કરાઈ

**અરેવાન**

આ ટ્રાન્સ કૉકેશિયન રાષ્ટ્રના પૂર્વ પ્રમુખ રોબર્ટ કોચારિયનનાં નેતૃત્વ નીચેની વિપક્ષી રશિયા તરફી પાર્ટી, આર્મેનિયન રિવોલ્યુશનરી ફેડરેશના સાત નેતાઓનાં ઘરે દરોડા પાડી તે સાતે સાતની ગુરૂવારે વહેલી સવારે ધરપકડ કરવામાં આવી છે. આ અંગે આર્મેનિયાની ઈન્વેસ્ટીગેશન કમીટીએ જણાવ્યું હતું કે તેઓ ત્રાસવાદ ફેલાવવાની તૈયારી કરી રહ્યા હોવાથી, તેઓની ધરપકડ કરવી પડી છે. જો કે તે સાતનાં નામ તેમણે જણાવ્યાં ન હતાં. આ પૂર્વે ગત સપ્તાહે આર્મેનિયા એલાયન્સના ત્રણ સભ્યોની પણ ધરપકડ કરાઈ હતી. આ જુથ વિપક્ષી પાર્ટીઓનું અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન છે જેમાં ઉક્ત આર્મેનિયન રીવોલ્યુશનરી ફેડરેશન પણ સભ્ય છે. વિપક્ષોએ આ ધરપકડ રાજકીય હેતુસર કરાઈ હોવાનું જણાવ્યું છે. આ ધરપકડ એવે સમયે થઈ છે કે જ્યારે આર્મેનિયાના વડાપ્રધાન નિકોલ પશિન્યાત અને આઝરબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલિયેવ, અબુધાબીમાં બંને દેશો વચ્ચે ચાલીશ વર્ષથી ચાલતા સરહદી સંઘર્ષનો અંત લાવવા મંત્રણા કરી રહ્યા છે. આ દેશમાં છેલ્લા કેટલાક સમયથી ધરપકડનો દોર ચાલે છે. જેમાં આર્કબિશપ બેગ્રટ ગણત્સન્યાન પણ સમાવિષ્ટ છે. જો કે તેઓને હજી માત્ર નજર કેદમાં જ રખાયા છે.

## 23 લાખમાં ગોલ્ડન વિઝાની હાલ કોઈ યોજના નથી : યુએઈ

**દુબઇ**

યુએઈ ૨૩ લાખ રૂપિયામાં આજીવન ગોલ્ડન વિઝા આપશે તેવા અહેવાસો સામે આવ્યા હતા. જોકે હવે યુએઈના અધિકારીઓએ કહ્યું છે કે હાલ ગોલ્ડન વિઝા આપવાની સરકારની કોઈ યોજના નથી. સાથે જ ગોલ્ડન વિઝા આપશે તેવા આંતરરાષ્ટ્રીય મીડિયાના રિપોર્ટને પણ ફગાવ્યા છે. યુએઈની ફેડરલ ઓથોરિટી આઈસીપીએ યુએઈ દ્વારા કેટલાક દેશોના નાગરિકોને આજીવન ગોલ્ડન વિઝા આપવાની વાત ફગાવી હતી. સાથે જ કહ્યું હતું કે યુએઈના તમામ ગોલ્ડન વિઝાની અરજીઓ માટેના તમામ નિયમો અગાઉથી જ કાયદામાં દર્શાવવામાં આવેલા છે. ગોલ્ડન વિઝા અંગે જે પણ લોકો જુઠા અહેવાલો ફેલાવી રહ્યા છે તેમની સામે કાયદાકીય પગલા લેવામાં આવશે. અગાઉ એવા રિપોર્ટ સામે આવ્યા હતા કે યુએઈએ પોતાના વિઝા નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે.

## જવાદ લારીજાનીની અમેરિકાની ધમકી કહ્યું, ટ્રમ્પ ઉપર કરીશું ડ્રોનથી હુમલો

### અમેરિકા સામે માટે લડવા ભંડોળ ભેગુ કરવા માંડ્યા

**તહેરાન**

ઈરાનના સુપ્રીમ નેતા આયાતુલ્લાહ ખામેનીના વરિષ્ઠ સલાહકાર જવાદ લારીજાનીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મારી નાખવાની ધમકી આપી છે. તેમણે કહ્યું કે શક્ય છે કે ટ્રમ્પ તેમના વૈભવી ઘર માર-એ-લાગોમાં સૂર્યસ્નાન કરી રહ્યા હોય ત્યારે તેમને ગોળી મારી દેવામાં આવે. ઈરાન ઈન્ટરનેશનલ વેબસાઈટ અનુસાર, તેમણે કહ્યું, એક નાનું ડ્રોન તેમના પર હુમલો કરી શકે છે. આ ખૂબ જ સરળ છે.' ઉલ્લેખનીય છે કે લારીજાનીને આયાતુલ્લાહ ખામેનીના નજીકના માનવામાં આવે છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે 'બ્લડ પેક્ટ' નામનું એક ઓનલાઈન પ્લેટફોર્મ ઉભરી આવ્યું છે. જે ખામેનીનું અપમાન કરનારા અને તેમના જીવનને જોખમમાં મૂકનારાઓ સામે 'બદલો' લેવા માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે. વેબસાઈટનો દાવો છે કે અત્યાર સુધીમાં તેણે $27 મિલિયનથી વધુ એકત્ર કર્યા છે અને તેનું લક્ષ્ય $100 મિલિયન સુધી પહોંચવાનું છે.

## મસ્કની સ્ટારલિંક ભારતમાં એન્ટ્રી, સરકારે આપી મંજૂરી

**ન્યૂયોર્ક**

ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર(IN-SPACe)એ ઈલોન મસ્કની કંપની સ્ટારલિંકને ભારતમાં એન્ટ્રીનો માર્ગ મોકળો કર્યો છે. ઈન-સ્પેસે સ્ટારલિંક Gen1 લો અર્થ ઓર્બિટ (LEO) સેટેલાઈટનો ઉપયોગ કરીને ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટનું સંચાલન કરવા માટે સત્તાવાર મંજૂરી આપી છે. સ્ટારલિંકની એન્ટ્રીથી ભારતના દૂરના ખૂણામાં પણ હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ પહોંચી શકશે. ઈન-સ્પેસની વેબસાઈટ પર જાહેર કરવામાં આવેલી જાણકારી મુજબ, આ અધિકૃત લાઈસન્સ પાંચ વર્ષ માટે માન્ય રહેશે. આનો અર્થ એ થયો કે આગામી વર્ષોમાં ભારતના દૂરના વિસ્તારો સુધી પણ હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચવાની શક્યતા વધી ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષોથી સ્ટારલિંક ભારતીય બજારમાં તેની સેવા શરૂ કરવાનો પ્રયાસ કરી રહી હતી.

લોકગીત ગાયક વિનોદ પટેલે ભક્તિમય શૈલીમાં સંગીત સાથે લોકડાયરો અને જીવંત વાર્તા રજૂ કરી દરેક સંસ્કારને અનોખી રીતે રજૂ કર્યા



# નટરાજ યૂથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન અને શ્રી રાધા કૃષ્ણ મંદિર દ્વારા સંગીત, સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસાની યાદગાર સાંજ

**સ્કારબોરો**

નટરાજ યૂથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (NYCO) અને શ્રી રાધા કૃષ્ણ મંદિરના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ એક સુંદર અને ભાવપૂર્ણ સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિન્દુ સંસ્કૃતિના ૧૬ સંસ્કારોના મહત્વની વાત કરવામાં આવી હતી. જે માનવ જીવનના વિવિધ તબક્કાઓના પવિત્ર માર્ગદર્શક છે. આ અધ્યાત્મિક અને સાંસ્કૃતિક યાત્રાનો ભારતીય લોકગીતના ગાયક વિનોદ પટેલ શિરસ્થંભ બન્યા હતા, જેમણે પોતાની અનન્ય લોકડાયરો શૈલીમાં ભક્તિમય સંગીત અને જીવંત વાર્તાઓ દ્વારા દરેક સંસ્કારને અનોખી રીતે રજૂ કર્યો હતા. તેમની રજૂઆતએ સભાખંડમાં ઉપસ્થિત લગભગ ૧૫૦ શ્રોતાઓને સાંસ્કૃતિક રીતે મર્મસ્પર્શી અનુભવ આપ્યો અને આધ્યાત્મિક રીતે અભિભૂત કર્યા હતા.





## માનવ જીવનના વિવિધ તબક્કાઓના પવિત્ર માર્ગદર્શક 16 સંસ્કારોના પવિત્ર મહોત્સવ અંગે સમજ અપાઈ

કાર્યક્રમ સાંજે ૬:૩૦ વાગ્યે શ્રી રાધા કૃષ્ણ મંદિર સ્કારબોરો ખાતે શરૂ થયેલા કાર્યક્રમમાં ૮:૩૦ વાગ્યે સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે NU Vision (હિમેશ પટેલ અને મુકુંદ પંચાલ) દ્વારા પ્રાયોજિત હતું. કાર્યક્રમ દરમ્યાન વિનોદ પટેલને તેમની વિશિષ્ટ કલાત્મક યાત્રા અને આર્ટિસ્ટિક યોગદાન બદલ મનોહર શર્મા દ્વારા રાધા કૃષ્ણ મંદિર વતી સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ યાદગાર સાંજને સફળ બનાવવામાં મુખ્ય કલાકાર વિનોદ પટેલ, પ્રમુખ ચિંતન ભાવસાર, મનોહર શર્મા, રાજીવ શર્મા, હર્ષિદા પટેલ તથા NU Vision - હિમેશ પટેલ અને મુકુંદ પંચાલ, ચંદ્રેશ બ્રહ્મભટ્ટ અને હસમુખ સથવારા વગેરેએ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમ માત્ર એક સાંસ્કૃતિક રજૂઆત નહિ પરંતુ સમૂહતામાં આધ્યાત્મિકતા અને પરંપરાનું સુંદર પાથેય બન્યો હતો. (૧૬ સંસ્કાર વિષે વધારે માહિતી માટે ચિંતન ભાવસાર (647 989 3490, nycocanada1@gmail.com)નો સંપર્ક કરી શકાશે.



CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1S1, Canada
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

Chapel Ridge
Funeral Home & Cremation Centre

in partnership with

North Toronto
Crematorium Inc.

Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE



Vilo
Licensed Funeral Director
(416) 993-0826

Harjinder
Licensed Funeral Director
(647) 966-0093

Christeen
Licensed Funeral Director
(416) 258-6759

Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

Complete Funeral Package Pricing $4895.00 Includes HST
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns

Facilities also available in Mississauga

North Toronto CREMATORIUM



Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

Newly built large Chapel with Crematorium on-site - everything in one place!

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288